પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૪॥

બ્રાહ્મી લિપિમાં
શ્રી નવકાર મહામંત્ર


𑀡𑀫𑁄 𑀅𑀭𑀺𑀳𑀁𑀢𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀲𑀺𑀤𑁆𑀥𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀆𑀬𑀭𑀺𑀬𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀉𑀯𑀚𑁆𑀛𑀸𑀬𑀸𑀡𑀁
𑀡𑀫𑁄 𑀮𑁄𑀏 𑀲𑀯𑁆𑀯𑀲𑀸𑀳𑀽𑀡𑀁
𑀏𑀲𑁄 𑀧𑀁𑀘𑀡𑀫𑁄𑀓𑁆𑀓𑀸𑀭𑁄
𑀲𑀯𑁆𑀯𑀧𑀸𑀯𑀧𑁆𑀧𑀡𑀸𑀲𑀡𑁄
𑀫𑀁𑀕𑀮𑀸𑀡𑀁 𑀘 𑀲𑀯𑁆𑀯𑁂𑀲𑀺𑀁
𑀧𑀠𑀫𑀁 𑀳𑀯𑀇 𑀫𑀁𑀕𑀮𑀁

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

સન્તજનનાં લક્ષણ

૧ કૃપા- પરદુઃખ અસહન
૨ અદ્રોહ - અપકારનો બદલો લેવાનો ત્યાગ
૩ તિતિક્ષા- પરાપરાધ સહિષ્ણુતા।
૪ સત્યસારતા- સત્યે જીવવાપણું
૫ અનવદ્યતા- અસૂયાદિનું વર્જવું
૬ સમતા- શત્રુમિત્રાદિમાં સમભાવ
૭ સર્વોપકારતા।
૮ કામાદ્યહતબુદ્ધિતા- [illegible]
[illegible]
૯ ધૃતિ- આપત્તિમાં અદીનતા।
૧૦ જિતષડ્ગુણતા- ક્ષુધા-તૃષા, શોક-મોહ, જરા-મૃત્યુ વિજય
૧૧ અમાનિતા- સત્કારની અનિચ્છા।
૧૨ માનદત્વ- બીજાનો સત્કાર
૧૩ દમ- ઇન્દ્રિયજય
૧૪ શમ- મનની વશવર્તિતા।
૧૫ સ્થિરતા- ભક્તિમાં નિશ્ચલતા।
૧૬ મુનિતા- ભગવત્સ્વરૂપ મનન



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

'ૐ નમઃ સિદ્ધં ।' (૫)
'નમો લોએ મંગલં ।' (૭)
'ૐ હ્રીં શ્રીં હં સઃ સોહં સ્વાહા ।' (૯)
'શ્રી અર્હમ્ નમો નમઃ સ્વાહા ।' (૧૦)
'નમો અરિહં-અરહં-અરુહં તાણં ।' (૧૨)
'નમો દીવો તાણં સરણં ગઈ પઇટ્ઠા ।' (૧૪)
'નમો લોએ મંગલાણં લોગુત્તમાણં સરણાણં ।' (૧૭)

o

'શ્રીં હ્રીં ક્લીં ઐં સૌં ૐ હ્રીં કએઈલ હ્રીં
હસકહલ હ્રીં સકલ હ્રીં સૌં ઐં ક્લીં હ્રીં શ્રીં ।' (૨૭)

o

'ૐ હ્રૂં શ્રીં સન્તિ સન્તિ પસન્તિ ઉવસન્તિ
સવ્વં પાવં ઉવસમેહિ ઠઃ ઠઃ સ્વાહા ।' (૨૭)

o

'ૐ નમો ભયવઓ અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય
વરસવ્વ સાહુ મુણિ સંઘ ધમ્મતિત્થ પવયણસ્સ ।' (૪૦)

o

'ૐ નમો ભગવઈ સુયદેવયાએ સિવસંતિ દેવયાએ
સવ્વ(દેવ) પવયણ દેવયાણં દસણ્હં દિસાપાલાણં
પંચણ્હં લોગપાલાણં (નવણ્હં ગહાણં) ઠઃ ઠઃ સ્વાહા ।' (૫૧)

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૪॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

**HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

**VOLUME - 4**

February 2018
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

**PUBLISHER**

Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

**SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

---

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

---


**eBOOK AVAILABLE AT**

www.bhadrankar.com

શ્રી



# પૂજ્ય સાહેબજી પ્રત્યેના અહોભાવનો નિશદિન અભ્યુદય...



નમસ્કારમહામંત્રની અનુપ્રેક્ષાથી સતત ભાવિત રહેનારા, પૂજ્યપાદ પરમગુરુદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્ય સતત હકારાત્મક ભાવથી ભાવિત રહેતા. નિત્ય પ્રભાતે જિનાલયથી પરત ફરી મનમાં ઉગેલી પોતાની અનુપ્રેક્ષાઓ તો લખતા જ, પણ તદ્ઉપરાંત અનેક ગ્રંથો-આગમો કે અન્યપંથી સાહિત્યનું વાંચન કરી, સ્વયં કે આશ્રિતોનાં હિત માટે જણાય તેવા લેખ કે ચિંતનો સ્વહસ્તે જ ડાયરીમાં તરત કંડારી દેતા, જે આટલા દશકાઓ પછી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' દ્વારા સાક્ષાત દર્શનની અનુભૂતિ કરાવવા સાથે આજે સ્વ- પરોપયોગી એવં ઉપકારક બની રહ્યા છે.

આ ગ્રંથોનું પઠન-મનન કરતા પરમગુરુદેવ પ્રત્યે ઉત્તરોત્તર રોજેરોજ અંતરથી અહોભાવ, પૂજ્યભાવ સાથે ભક્તિભાવની વૃદ્ધિ થાય છે કેઃ 'અહો ગુરુદેવ...! આપની કેવી કરૂણા! કેવું નિરૂપમ વાત્સલ્ય! અરે... કેવી પરોપકાર ભાવના કે આપની સાથો-સાથ અમારા જેવા અનેકોનાં આત્મા માટે આત્મજાગૃતિ સ્વરૂપ આ ચિંતનો દ્વારા આપ અદ્યપિ ઉપકાર કરી રહ્યા છો.

હા...! આ જીર્ણ-શીર્ણ થયેલી ડાયરીઓ વર્ષો પર્યંત જે પૂજ્યો-મહાત્માઓ-આત્માઓ હસ્તક વંચાતી, તેઓ અંતરથી ધન્યતા-આનંદિતા અનુભવતા. હવે એ રોજનીશીઓ ફક્ત તિજોરીમાં જ ન રહે, પણ જેને પૂજ્યશ્રી પ્રત્યે ભક્તિભાવ અને તત્ત્વોની જિજ્ઞાસા સાથે સાહેબજીને ગમેલા પદાર્થોને વાગોળવાના ભાવો છે, તેવા પુણ્યાત્માઓને આ અક્ષરદેહ પ્રત્યક્ષ ગુરુદેવ સમ લાભકર્તા બની રહેશે તે વાત

શ્રી

નિઃશંક છે. હવે અવશ્ય પ્રતીત થાય છે કે ચતુર્વિધ સંઘમાં પૂજ્ય સાહેબજી પ્રત્યેના ભાવોનો નિશદિન અભ્યુદય થઈ રહ્યો છે!

મનમાં એક ભાવ સદૈવ રહેતો હોય છે કે સાહેબજીનાં કાર્ય માટે ક્યારેય પણ કોઈની સામે નાણાં કાજે વાત ન કરવી અને કામ સહજપણે થાય તેમ જ કરવું. ડાયરીઓ પ્રકાશન કરવાનાં સમયે પણ અમારા અંતરના આ પરિણામો સાહેબજીનાં પરમ ભકત શ્રી સી.કે.મહેતા, કે જેઓ ભરયુવાનીમાં પૂજ્યશ્રીના પડખા સેવીને જ્ઞાનરસનું પાન કરવા નસીબદાર બનેલ, તેમણે એ સંકલ્પને સિદ્ધ કરવા જાણે કે બીડું ઝડપ્યું અને પોતાનો વિશાળ અર્થભંડાર મોકળા મને ખોલી આપ્યો, જેને પરિણામે આવા સુંદર ગ્રંથો આપણને હવે સંપ્રાપ્ત થાય છે. આનંદ છે ગુરુભક્તિ કરવાનો આવો અવસર અમને મળ્યો, પણ તેમાં અર્થથી અત્યંત ખર્ચાળ એવા પ્રકાશનો કરવા માટે તેઓને ધન્યવાદ.

જેના હાથમાં આ ગ્રંથો પહોંચે તેને પૂજ્યશ્રીનાં હાર્દ-ભાવ સુઘડ અને સુવ્યવસ્થિત રીતે પ્રત્યક્ષ થાય, તેવી અનુપમ રીતે કાર્ય સંપન્ન કરવાની જવાબદારી રાજકોટનાં અમારા સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાનાં પુત્રવધુ એવા ભારતીબેન દિપકભાઈ મહેતાએ પૂજ્યભાવથી સ્વીકારી છે. મનમાં કોઈપણ જાતની થકાવટ લાવ્યા વિના, વચનની વડાઈ કર્યા વિના, કાયાને કસવામાં કસર રાખ્યા વિના, અત્યંત અહોભાવની ધારાપૂર્વક ગુરુભક્તિથી ભીંજાઈને જે રીતિએ તેઓ પોતાના જુથ સંગે પંદર મહિનાથી એકધારું કાર્ય કરી રહ્યા છે, તેનો અંતરમાં અનહદ આનંદ છે.

પ્રાંતે, આ અક્ષયપાત્રોમાં રહેલ અમૃતનો આસ્વાદ લેતા-લેતા દરેકનાં આત્મા અમૃતમય બનીને અમૃતપદને પામનાર બની રહો, એ જ મંગલ ભાવના.

૨૨.૦૨.૨૦૧૮
હાલાર તીર્થ, આરાધનાધામ.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

શ્રી



# ગુરુમહારાજની નિશ્રામાં
# જાણે પુનઃ પ્રયાણ...

મારા આત્મપ્રદેશો નિરાવરણ થાય તે માટે to becomeની હોડમાંથી મને to beની ભૂમિકા ઉપર લાવનાર મારા ગુરુમહારાજની નિશ્રામાં વીતાવેલ ૧૯૬૫ થી ૧૯૮૦ના કેટલાંયે અનન્ય દિવસો સ્મરણમાં આવે છે, જ્યાં સાહેબજીના આજ્ઞારસમાં ડૂબીને જીવવાથી રાગ-દ્વેષ-મોહનાં અને સંસારરસનાં સ્કંધો સ્હેજ ઢીલા પડતા જણાતા.

'મારા ગુરુમહારાજની આજ્ઞામાં રહેવાથી મારું કલ્યાણ જ થવાનું છે' તેવી સમજ મને સાહેબજી સમીપ રહેવાના એ ૧૫ વર્ષોમાં દૃઢ થયેલી. 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' વાંચતા હવે તે શ્રદ્ધાન્ દૃઢતર થતું જાય છે. આ તત્ત્વચિંતનો થકી શ્રેયમાર્ગ ખૂલતો જાય છે અને કલ્યાણભાવનો ઉઘાડ થતો અનુભવાય છે. આ અક્ષયપાત્રોમાં રહેલા તત્ત્વોને તેના અર્થની સાક્ષીએ ઝીલવાનાં છે એ હું અનુભવું છું. આજે તેમના હસ્તાક્ષરની શ્રેણી ચડતાં લાગે છે જાણે ગુરુમહારાજની નિશ્રા પુનઃ પ્રાપ્ત થઈ રહી છે!

મને મળેલા આ અમૂલ્ય લાભનું મુલ્યાંકન કઈ રીતે થાય? તે માટે પં.શ્રી વજ્રસેનવિજયજીનો ઋણસ્વીકાર કરૂં છું. આગલા ત્રણ ભાગની જેમ શૃંખલાના ચોથા મણકામાં પ્રગટ થયેલા આ મંત્ર-વરદાનરૂપ હસ્તાક્ષરો પણ આપણને સૌને આત્મશુદ્ધિ તરફ લઈ જવાની કેડીરૂપ બને.

બસ, તે માર્ગે વિહાર શરૂ કરી શકીએ...

૨૩.૦૨.૨૦૧૮
મુંબઈ

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





સરસ્વતિ મહાભાગે
વિદ્યે કમલ લોચને ।
વિશ્વરૂપે વિશાલાક્ષિ
વિદ્યામ્ દેહિ નમોસ્તુતે ॥

श्री

## श्री मेघविजयोपाध्याय सारस्वत मंत्र

ॐ ह्रीं श्रीं क्लीं अर्हं ऐं नमः ।

अथवा

ॐ ऐं ह्रीं श्रीं अर्हं नमः ।

o

## श्री जिनप्रभसूरि सारस्वत मंत्र

ॐ ह्रीं ऐं सरस्वत्यै नमः ।

अथवा

ॐ ह्रीं ऐं श्रीं सरस्वत्यै नमः ।

o

ॐ ह्रीं श्रीं भगवत्यै,
केवलज्ञान स्वरूपायै,
लोकालोक प्रकाशिकायै,
सरस्वत्यै जलं समर्पयामि स्वाहा ।

o

ॐ ऐं नमः ।
ॐ ह्रीं अर्हद् नमो कुट्ठबुद्धिणं ।

શ્રી

કારતક સુદ ૧, સંવત ૨૦૧૫

## નૂતન વર્ષના સંકલ્પો

(૧) ક્રોધ ન કરવો. (૨) અસત્ય ન બોલવું.
(3) પરમેષ્ઠિસ્મરણ નિત્ય કરવું.

## ગૃહસ્થો માટે નિયમ

જે દિવસે ૧૦૮ વાર પરમેષ્ઠિસ્મરણ ન થાય,
તેના બીજા દિવસે ઉપવાસ કરવો.

સાધુ માટે સર્વ જીવો સાથે મૈત્રીભાવ રાખવો.
જે મુનિરાજ પ્રમાદદશામાં, તેને તો શુભાલંબન એટલે
શુભ ક્રિયાનું આલંબન લીધેથી જ કાર્યસિદ્ધિ થાય.

## શ્રી જિનશાસનનો સાર

જે તું તારા માટે ઇચ્છે છે, તે બીજા માટે પણ ઇચ્છ.
જે તું પોતાના માટે નહિ ઇચ્છતો,
તેની બીજાના માટે પણ ઇચ્છા ન કર.

માગશર સુદ ૧

જગતના જીવની જાળ, નહિ તારા એ કરમાંથી;
વૃથા શાને વહે ફરતો, બધું આ તું કરે ક્યાંથી,
ભર્યું અજ્ઞાન ભીતરમાં, છતાં દેખાવમાં જ્ઞાની...
વધે ઇજ્જત ભલે તેથી, ખરેખર એ જ નાદાની.

- અબુધ

શ્રીં

શ્રી અર્બુદાચલની તળેટી, ભારજા, દિ - ૯ - ૬, સં.૨૦૧૬

## શુભ સંકલ્પો

(૧) વર્તમાન જૈન સંઘ
પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનો આરાધક બનો.

(૨) વર્તમાન જૈન સંઘ
મૈત્રી આદિ શુભ ભાવનાઓથી વાસિત બનો.

(૩) વર્તમાન જૈન સંઘ શ્રી અરિહંત પરમાત્માની સર્વ
કલ્યાણકારી ભાવના તથા તેના પ્રભાવે ઉત્પન્ન
થયેલ વિશ્વકલ્યાણકારી તીર્થની સાચી ઓળખાણ પામો.

(૪) વિશ્વના નાથ શ્રી અરિહંત પરમાત્મા,
તેમની આજ્ઞા અને એ આજ્ઞાનું પાલન કરનાર
શ્રી ચતુર્વિધ સંઘ પ્રત્યે આદરવાળા બનો.


(૫) શ્રી અરિહંત પરમાત્માની ભાવના એટલે પરિપાકરૂપ
આજ્ઞા અને એ આજ્ઞાને પાળનાર સંઘ વિશ્વમાત્રના
હિતની વિશાળ દૃષ્ટિવાળો છે, એવી પ્રતીતિ દૃઢ બનો.

## (૬) વર્તમાન જૈન સંઘ

પંચ પરમેષ્ઠિ તરફ પૂજ્ય ભક્તિવાળો બનો.

(૭) 'અરિહંત પરમાત્મા વિશ્વનું કલ્યાણ કરનારા છે, તેમનો બતાવેલો ધર્મ વિશ્વનું કલ્યાણ કરવાને માટે છે અને એ ધર્મનું પાલન કરનારા વિશ્વ-કલ્યાણના હેતુ માટે ધર્મ કરી રહ્યા છે' આવા ભાવ જગતના જીવોને, વર્તમાનના મનુષ્યમાત્રને પમાડો. તેના પરિણામે અરિહંત પરમાત્મા, તેમનું શાસન અને તેમના સંઘ પ્રત્યે આદર-બહુમાનવાળા બનો.

ક્રમ તે ત્રી સોં મં ડ લ



ક્રમ તે ત્રી સોં મં ડ લ

શ્રી

શ્રી અર્બુદાચલની તળેટી, ભારજા, ૭-૫-૬

પોતાનું હિત વિશ્વના હિત સાથે સંકળાયેલું છે.

'અનાદિ ભવભ્રમણમાં સર્વ જીવો સાથે સર્વ પ્રકારના સંબંધો કર્યા છે પણ ધર્મસંબંધ કર્યો નહિ' એવું શાસ્ત્રનું વચન છે. એથી ફલિત થાય છે કે અધર્મ સંબંધના કારણે ભવભ્રમણ છે. 'અધર્મ સંબંધ' એટલે પરસ્પરને પીડાકારક, અહિતકારક, અશુભકારક સંબંધ. એકબીજાને પીડા આપીને જીવ્યા છીએ, વળી સુખ આપનાર તરફ પણ કૃતજ્ઞતાનો ભાવ દાખવ્યો નહિ, દુઃખ આપ્યા પછી ક્ષમા માંગી નહિ, દુઃખ આપનાર પ્રત્યે ક્ષમા આપી નહિ, દુઃખી પ્રત્યે દયા, સુખી પ્રત્યે સ્નેહ, ગુણવાન પ્રત્યે પ્રમોદ, પાપી પ્રત્યે સહનશીલતા દાખવી નહિ. માત્ર પોતાના જ સુખની ચિંતા કરી છે અને બીજા સર્વનાં સુખ-દુઃખ પ્રત્યે ઉપેક્ષાભાવ કે અનાદરભાવ ધારણ કર્યો છે. એનું જ બીજું નામ મિથ્યાત્વનું સેવન અને

અનંતાનુબંધી કષાયોનું રક્ષણ કર્યું છે.

અનંત સંસારમાં ભટકાવનાર આ જ મહાપાપ છે.

તેનો પ્રતિકાર ન થાય, ત્યાં સુધી

કોઈપણ સદ્ગુણનું સેવન સાનુબંધ (ટકાઉ) થતું નહિ.

મિથ્યાત્વના આ મહાપાપ-અંધકારમાંથી ઉગારી લેનાર અને સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટાવનાર કોઈ ભાવના હોય, તો તે માત્ર ત્રણ શબ્દોમાં શાસ્ત્રકારોએ ફરમાવી છે:

'શિવમસ્તુ સર્વ જગત: |'

કોઈ કહે છે કે વિષયોના કારણે જીવ ભટકે છે, કોઈ કહે છે કે કષાયોના કારણે ભટકે છે, કોઈ કહે છે કે પ્રમાદના કારણે ભટકે છે અને કોઈ કહે છે કે અશુભ યોગોના કારણે ભટકે છે, પરન્તુ તે બધાની પાછળ પ્રાણ પુરનાર દોષ એક જ છે અને તે જ મિથ્યાત્વનું સેવન છે.

જીવમાં અજીવબુદ્ધિ અને અજીવમાં જીવબુદ્ધિ - એ જ મિથ્યાત્વનો પાયો છે. બધા જીવો પોતાના જેવા જ જીવો છે. પોતાની જેમ જ સુખ-દુઃખની લાગણીઓ અનુભવનારા છે, તેના તરફ દુર્લક્ષ્ય રાખવું, એ મિથ્યાત્વ રૂપી અંધત્વ છે. તે બધા જીવો પ્રત્યે સમાન લાગણીઓ ધરાવવી, તે જ સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય છે.'બધાને સુખ મળો અને બધાનું દુઃખ ટળો' એ વિચાર આજ પર્યંત જીવે કદી કર્યો નહિ. જો કર્યો હોત, તો એનું ભવભ્રમણ હોત નહિ, કેમકે એ વિચારમાં જ અનંત

વિષયાભિલાષ નિવારવાનું સામર્થ્ય છે, અનંતાનુબંધી કષાયોને રોકવાનું બળ છે, અત્યંત પ્રમાદ અને વળી અત્યંત અશુભ યોગોને ન પ્રવર્તવા દેવાનું બળ પણ છે. સુખની ઇચ્છા માત્ર પોતાને માટે હોય અને બીજા કોઈ માટે નહિ હોય, દુઃખનિવારણા પણ માત્ર પોતાનું થાય તો ઇષ્ટ માનવું અને બીજા કોઈનું પણ અંતરથી ન ઇચ્છવું, આનું જ નામ '<u>ભાવઅંધાપો</u>' છે. મિથ્યાત્વ અને અજ્ઞાનનો ઘોર અંધકાર એ જ છે. એ અંધકારને ટાળવાનું સામર્થ્ય 'સર્વ સુખ પામો અને સર્વનાં દુઃખ ટળો' એ ભાવનામાં રહેલું છે. એનાં બળે પોતાના એકના જ સુખની અભિલાષાથી થતી વિષયસુખની તીવ્ર આસક્તિ ટળી જાય છે. તે ટળવાથી કષાયોની માત્રા પણ ઘટી જાય છે, પ્રમાદનું જોર પણ તૂટી જાય છે અને અશુભ યોગોનું બળ પણ ઘટી જાય છે.

પોતે સર્વનાં સુખનો અને સર્વનાં દુઃખનો વિચાર કરવાથી આવું ઉત્તમ પરિણામ આવે છે, એ જાણ્યા પછી એ વિચાર સૌ કોઈ કરી, એવી ભાવના સહેજે જાગે, તેથી સમ્યગ્દૃષ્ટિ જીવની ખાસ ભાવના એ છે કે:

પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।

'પ્રાણીમાત્ર પરહિતમાં નિરત બનો' અર્થાત્ 'સર્વ કોઈ સર્વ કોઈના સુખનો વિચાર કરો, સર્વ સુખ પામો અને સર્વનાં દુઃખ ટળો, એવા ભાવનાવાળા બનો. તેમ છતાં ભવિતવ્યતાનાં યોગે કાળદોષથી કે સ્વભાવદોષથી કે પૂર્વકૃત અશુભ કર્મના દોષથી જે કોઈ તાત્કાલિક આ ભાવનાવાળા ન બની શકે તેમ હોય, તેઓનાં તે તે દોષો ટળો અને તેઓ પણ આ ભાવનાવાળા બનો' એવી ત્રીજી ભાવના સમ્યગ્દૃષ્ટિ જીવ કરે છે અને એ ત્રણેય ભાવનાના સામટા બળથી ચોથી ભાવના આપોઆપ પ્રગટે છે કે:

'સર્વત્ર સુખી ભવતુ લોકઃ ।'

'સર્વ દેશ અને સર્વ કાળમાં સર્વ જીવો સુખ પામો.' આમાં 'સર્વ જીવો સુખ પામો' એ મુખ્ય ભાવના છે. એ ભાવના વડે આજ પર્યંત જે જીવોને દુઃખી કર્યા છે, જે જીવોનાં સુખમાં વિઘ્નો નાખ્યા છે, કષ્ટ આપ્યા છે, ઈર્ષ્યાભાવ, અસૂયાભાવ, ક્રોધ અને દ્વેષભાવ વડે દુભવ્યાં છે, તે સર્વ પાપોનું માનસિક પ્રાયશ્ચિત્ત થાય છે. પાપો આચરીને મલિન બનેલું મન આ ભાવનાથી નિર્મળ બને છે. મન, વચન અને કાયા ત્રણેથી દોષો સેવ્યાં છે, છતાં ત્રણેમાં પ્રધાનતા મનની જ રહી છે, તેથી તેના

શુદ્ધિ માટે પ્રથમ મન વડે જ સર્વનું શુભ ઇચ્છવાનું અને
શક્ય સંયોગોમાં વચન અને કાયા વડે પણ જીવોનાં
શુભ માટે અને દુઃખનિવારણ માટે પ્રયત્ન કરવાનો.
એ પ્રયત્ન કરવાનું બળ પેદા કરવા માટે પણ
સૌથી પ્રથમ અને અનિવાર્ય અગત્ય

શિવમસ્તુ સર્વ જગતઃ ।
અને
'સર્વત્ર સુખી ભવતુ લોકઃ ।'
એ વસ્તુને ભાવવાની છે.

આ રીતે મલિન મનને નિર્મળ બનાવવાને
એ ભાવનાની પરાકાષ્ઠાએ પહોંચેલા
શ્રી પંચ પરમેષ્ઠિનું
વિશુદ્ધ ભાવથી ત્રિકાળ સ્મરણ
કરવામાં આવે, તો તે સ્મરણમાં
બાકીના
કષાય, પ્રમાદ, અશુભયોગ
અને તુચ્છ વિષયો
પ્રત્યેની આસક્તિ નિવારણ કરવાનું
અચિન્ત્ય સામર્થ્ય છૂપાયેલું છે.

શ્રીँ

અહો કાળ - અહો અહો વખત
'શિવમસ્તુ સર્વ જગતઃ ।'
એ ભાવનાપૂર્વક ૧૨ - ૧૨ વાર
નવકાર ગણાવાથી
ગણનાર વ્યક્તિની,
વ્યક્તિના બનેલા સમૂહની,
એ સમૂહ અને સંઘના સ્થાપક
શ્રી જિનેશ્વર દેવની,
તીર્થની, શાસનની અને
પ્રવચનની
કેટલીયે મોટી ઉન્નતિ
અને
પ્રભાવની વૃદ્ધિ થાય અને
પરંપરાએ કેટલાયે આત્માઓ
બોધિબીજની પ્રાપ્તિ કરી,
સદ્ગતિની પરંપરાએ
મુક્તિસુખના અધિકારી બને,
તે હકીકત
સહેલાઈથી સમજી શકાય તેવી છે.

શ્રી

શાંતિ આશ્રમ, આબુ, ચૈ - ૫ - ૭

શ્રી અરિહંત પંચ પરમેષ્ઠિમય છે. પંચ પરમેષ્ઠિની સ્તુતિ એ અરિહંતની સ્તુતિ છે. શ્રી અરિહંતમાં અરિહંતપણું તો છે જ ઉપરાંત સિદ્ધપણું છે. અર્થની દેશના આપનારા હોવાથી આચાર્યપણું પણ છે. ગણધરોને 'ઉપપન્ને ઇવા' ઇત્યાદિ ત્રિપદીરૂપ સૂત્રની દેશના આપનારા હોવાથી ઉપાધ્યાયપણું પણ છે. કંચન-કામિનીના સંગથી રહિત, નિર્વિષય ચિત્તવાળા, નિર્મમ, નિઃસંગ અને અપ્રમત્ત ભાવવાળા હોવાથી સાધુપણું ઉત્કૃષ્ટ પ્રકારે પણ છે. એ રીતે પાંચે પરમેષ્ઠિમય હોવાથી અરિહંતની સ્તુતિ પંચ પરમેષ્ઠિની સ્તુતિરૂપ છે અને

પંચ પરમેષ્ઠિની સ્તુતિગત, પ્રત્યાગત તથા અનુવૃત્તિ, વ્યાવૃત્તિ ન્યાયથી અરિહંતની સ્તુતિરૂપ છે. અરિહંતમાં પંચ પરમેષ્ઠિ અને પંચપરમેષ્ઠિમાં અરિહંત રહેલા છે. એ જ ન્યાયને આગળ લંબાવતાં સમગ્ર વિશ્વમાં અરિહંત અને અરિહંતમાં સમગ્ર વિશ્વ રહેલાં છે. જ્ઞાન અને કરુણાના વિષય રૂપે સમગ્ર અચેતન-સચેતન વિશ્વ સર્વ અરિહંતોના ઉપયોગમાં રહેલું છે. એ રીતે વિચારતાં નીચેના શ્લોકની સંગતિ થઈ જાય છે:

શ્રીँ

જિનો દાતા જિનો ભોક્તા જિનઃ સર્વમિદં જગત્ ।
જિનો જયતિ સર્વત્ર યો જિનઃ સોઽહમેવ ચ ॥૧॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

તતો નીરાગ - દ્વેષ - મોહં સર્વદર્શિનં ।
સુરાર્ચ્યં સમવસૃતૌ કુર્વાણં ધર્મદેશનામ્ ॥૧॥
ધ્યાયન્નાત્માનમેવેત્થં - મભિન્નં પરમાત્મના ।
લભતે પરમાત્મત્વં, ધ્યાની નિર્ધૂતકલ્મષઃ ॥૧॥

(પરિશિષ્ટ-૨)

અરિહંત એ વિશ્વના આત્મા છે. સમગ્ર વિશ્વ તેમના આત્મામાં જ્ઞાન રૂપે, કરુણા રૂપે, મૈત્રી રૂપે, પ્રમોદ રૂપે, માધ્યસ્થ રૂપે પ્રતિબિંબિત છે, તેથી અરિહંતની સ્તુતિમાં સમગ્ર વિશ્વની સ્તુતિ સમાયેલ છે. આ નિશ્ચયનયની વિચારણા છે. વ્યવહારનયની વિચારણા આથી વિરુદ્ધ છે, કારણ કે એ ભેદ ઉપર અવલંબેલ છે. નિશ્ચયનય અભેદનું અવલંબન લે છે. અરિહંતમાં આત્મા અને આત્મામાં અરિહંત, અરિહંતમાં પંચ પરમેષ્ઠિ અને પંચ પરમેષ્ઠિમાં અરિહંત, અરિહંતમાં સમગ્ર વિશ્વ અને સમગ્ર વિશ્વમાં અરિહંત એ સંગ્રહનયનો વિષય છે. મહાસામાન્યરૂપ સંગ્રહ એ નિશ્ચયનયનો વિષય છે. અરિહંતની નિશ્ચય સ્તુતિ

પંચ પરમેષ્ઠિની સ્તુતિ, આત્માની સ્તુતિ, સમગ્ર વિશ્વની સ્તુતિરૂપ છે. અરિહંતની વ્યવહાર સ્તુતિ તો કેવળ અરિહંતના આત્માની, ૮ મહાપ્રાતિહાર્યોની, સમવસરણાદિ ઋદ્ધિની સ્તુતિરૂપ છે. એ રીતે નયવિભાગ સમજવો.

स्थैर्यः प्रभावना भक्तिः
कौशलं जिनशासने ।
तीर्थ सेवा च पञ्चाऽस्य
भूषणानि प्रचक्षते ॥१॥

(પરિશિષ્ટ-૩)

સ્થૈર્ય - જિનધર્મ પ્રતિ ચલચિત્ત બનેલ અન્યને અથવા પરતીર્થિકની ઋદ્ધિ વગેરે દેખી સ્વયં ચલચિત્ત થયેલને ફરી જિનશાસનને વિષે નિષ્પ્રકંપતા સંપાદન કરવી તે.

પ્રભાવના - સ્વયમેવ પ્રભાવવાન થઈ જિનેન્દ્રના શાસન અને તેમાં પ્રદીપક થવું તે.

પ્રાવચનિક, ધર્મકથી, વાદી, મંત્રસિદ્ધ, વિદ્યાસિદ્ધ, નૈમિત્તિક, કવિ, તપસ્વી વગેરે 'પ્રભાવકો' ઇત્યાદિ છે.

ભક્તિ - વિનય-વૈયાવચ્ચરૂપ, ગુણાધિક પ્રત્યે ૮ પ્રકારનો વિનય અને આચાર્યાદિ દશ પદની વૈયાવચ્ચ માટે અન્ન, જલ, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રય, પીઠ, ફલક અને

સંસ્તારકાદિ ધર્મસાધનો વડે ઉપગ્રહ કરવો,
સેવા કરવી, ભૈષજ ક્રિયા, અટવી, વિષમસ્થાન,
દુર્ગ જેવા ઉપસર્ગો વખતે સહાય કરવી તે.
<u>કૌશલ</u>: આર્દ્રકુમારને પ્રતિબોધ કરનાર અભયકુમારની
જેમ પ્રતિબોધ કુશળતા પ્રાપ્ત કરવી તે.
<u>તીર્થસેવા</u>: સંસાર સુખપૂર્વક તરી શકાય તેવા બે માર્ગ:
(1) <u>દ્રવ્યમાર્ગ</u>: જિનભવનાદિ રચના.
(2) <u>ભાવમાર્ગ</u>: ચાતુર્વર્ણ શ્રમણ સંઘ તથા
તેની સેવા - ભક્તિ અને બહુમાનાદિ.

<u>આબુ, દેલવાડા, ૯-૫-૯</u>

સુવર્ણસિદ્ધિ રસની પ્રાપ્તિ આબુની આબોહવાથી
સાધકને મળી આવે, એમાં કાંઈ આશ્ચર્ય નથી.
આબુની વનરાજીમાં રહેલ વનસ્પતિ વિવિધ પ્રકારે છે.
તેને એકત્ર કરવાથી અને તેમાં રહેલો રસ ઉકાળવાથી
સુવર્ણની સિદ્ધિની પ્રાપ્તિ અનેક પુણ્યવાન પુરુષોને
પૂર્વે પ્રાપ્ત થઈ છે, અને ઈતિહાસ સાક્ષી પૂરે છે.
પેથડ મંત્રી એનું પ્રસિદ્ધ દૃષ્ટાંત છે.
દેલવાડાના મંદિરોમાં વિમલવસહી મુખ્ય છે. તેની છતોમાં
કલ્પવૃક્ષની તથા કમલની કારીગરી જોતાં જાણે કમલનું

શ્રીઁ

પણ અહીં મટકું રહ્યું ન હોય, તેવી પ્રતીતિ થાય છે.
એ કમળવનની કારીગરી અને દેવ-દેવીઓના વિવિધ
પ્રકારનાં નૃત્ય-નાટક જોતાં નયનોને તૃપ્તિ થતી નથી.

દેલવાડા સ્થિત ચારે ય દહેરાંના
ચારે દેવાધિદેવોનાં
બિંબો અને નેત્રો
કરૂણારૂપી અમૃતરસના કચોળાં
સમાન દીપી રહ્યાં છે,
તે નિરખનારાનાં
નયનોને આનંદ આપી રહ્યાં છે.
અહીં
સર્વત્ર કરૂણારસ છલકાઈ રહ્યો હોય,
તેવું ભાન થાય છે.
બાહ્ય સુવર્ણસિદ્ધિની ખોજ
ભવ રૂપી તામ્રને
સિદ્ધ સુવર્ણ બનાવનાર
અભ્યંતર સુવર્ણસિદ્ધિ
આબુના બાહ્યવનોમાં નહિ, પરન્તુ
દેઉલવાડાના દેવળોમાં રહેલ છે.

શ્રી

તે સિદ્ધિ પુણ્યવંત
સાધક અને શોધકને
પુણ્યનો ઉદય જાગે તો મળી આવે છે,
એ પણ નિઃસંશય છે.
વિમલમંત્રીને તે સિદ્ધિ મળી હતી.
વસ્તુપાળ, વીર ભામાશા અને
અનુપમાદેવી વગેરે
અનેક પુણ્યાત્માઓને તે
પ્રાપ્ત થઈ હતી,
એમાં માનવામાં કોઈ જાતનો બાધ નથી.
આજે પણ
પુણ્યશાળી જીવોને
તે અવશ્ય પ્રાપ્ત થાય એમ છે.
એ રસસિદ્ધિ
કલ્યાણરસ, રૂપારસ, હેમરસના
નામે શાસ્ત્રોમાં કહેવાય છે.
લક્ષ્મી દેવી
કલ્યાણરસની મૂર્તિ છે.
તેમનો હેમરસ તેમની મૂર્તિઓમાં ઊભરાતો દેખાય છે.

દયારસ એ જીવરૂપી તામ્રને સુવર્ણ બનાવનાર શાશ્વત સિદ્ધરસ છે. જીવમાત્રમાં તે રહેલો છે. અપ્રગટપણે રહેલાં તે રસને પ્રગટ કરવા માટે આલંબન જોઈએ, ઉદ્દીપન જોઈએ. આલંબન જગતના જીવો છે અને ઉદ્દીપન તેમની યાતનાઓ છે. તેને જોતાં જ કરુણારસ ઉછળી આવે છે. એ કરુણારસ તીર્થંકર દેવોના આત્માઓમાં ઉત્કૃષ્ટપણે ઉછળે છે. તેમાંથી સંવેગ, વૈરાગ્ય, સંયમ, તપ અને ઘોર પરિષહો અને ઉપસર્ગોને સહેવાનું બળ પ્રગટે છે.

તેના પ્રતાપે એક બાજુ કર્મનો ક્ષય અને
બીજી બાજુ પુણ્યની વૃદ્ધિની પરંપરા સર્જાય છે.

પુણ્યમાંથી તીર્થ અને કર્મના ક્ષયમાંથી અવ્યાબાધ સુખ-સ્વરૂપમોક્ષ પ્રાપ્ત થાય છે. આ જિનપૂજાનું ફળ ચિત્તની પ્રસન્નતા કહી છે અને એ પ્રસન્નતાથી પૂજા અખંડિત બને છે, તેનું તાત્પર્ય પણ કરુણારસ છે. એ કરુણારસ જ એવો છે કે જેના ઉપર તે વર્ષાય છે, તેનું અને તેને વરસાવનારનું, અર્થ ઉભયનું ચિત્ત પ્રસન્ન કરે છે અને ચિત્તની પ્રસન્નતા જ રસને સાનુબંધ બનાવે છે. જે કાર્ય કરવાથી ચિત્ત પ્રસન્ન થાય, તે કાર્ય કરવાનું મન વારંવાર થાય, એવો સર્વ જીવોનો એકસરખો અનુભવ છે.

રાગ સાતાને અને સુખ તેના અનુભવિતાને ઉપકારક
થાય છે. એક કરુણા જ એવા પ્રકારની છે કે તે ઉભયને
સુખકારક થાય, ચિત્તની પ્રસન્નતાની ઉત્પત્તિ થાય છે.

ધર્મને ઉત્કૃષ્ટ મંગલ કહ્યો છે,
તે આ દૃષ્ટિએ યથાર્થ ઠરે છે. એ ધર્મ-
કરુણાસ્વરૂપ છે, દયાસ્વરૂપ છે, કૃપાસ્વરૂપ છે.
'પરદુઃખ પ્રહાણેચ્છા' એ કૃપાનું લક્ષણ છે.
એ ઇચ્છાપૂર્વક થતું કોઈ પણ અનુષ્ઠાન ધર્મ છે.
એ ઇચ્છારહિત ગમે તેવું શુભ અનુષ્ઠાન પણ
ધર્મસ્વરૂપ કે મોહનો ક્ષય કરનાર થતું નથી,
પરન્તુ પ્રત્યુત મોહની વૃદ્ધિમાં જ હેતુભૂત બને છે.
અધ્યાત્મ વિવર્જિત શાસ્ત્રને પણ સંસાર કહ્યો છે.
યોગરહિત, મોક્ષાભિલાષરહિત શુભાનુષ્ઠાનને પણ વિષ,
ગરલ અને અનુષ્ઠાન કહ્યાં છે. યોગવિશુદ્ધિ અને
અધ્યાત્મવિશુદ્ધિ સહિત ધર્માનુષ્ઠાનને જ શાસ્ત્રો ધર્મ
ગણે, એ બોધ જણાવે છે કે ધર્મનું ધર્મત્વ કરુણામાં છે.
કરુણા જ એક એવો રસ છે કે જે ભવરૂપી નાટકને
રસપૂર્ણ બનાવી શકે. એ કરુણા પ્રગટ કરવા માટે
આલંબન પોતાનો આત્મા કે પરજીવનું કેવળ દુઃખ નહિ,

પણ સર્વ જગતના જંતુઓ અને તેમનું અસંખ્ય પ્રકારનું દુઃખ છે. તેથી જ શાસ્ત્રકાર ભગવંતો ચાર ગતિ, પાંચ જાતિ, ચોરાશી લાખ યોનિ અને જીવોને ઉપજવા અને મરવાના અસંખ્ય સ્થાનોરૂપ ભવસ્વરૂપનું ચિન્તન કરવાનું ફરમાવે છે. એનાં કારણરૂપ કર્મસ્વરૂપનું ધ્યાન કરવાને કહે છે. એ ધ્યાન આત્મામાં રહેલ કરુણારસને જગાડે છે. કરુણારસનું સર્વ રસોમાં ઉત્કૃષ્ટ સ્થાન છે, એને જણાવવા માટે જ કરુણારસથી ભરેલા તીર્થંકર દેવોને પ્રથમ પરમેષ્ઠિ અને તેમના દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારનાં તીર્થોને ભવસાગર તારનારાં ધર્મધામ માનવામાં આવ્યા છે. પ્રભુનાં દ્રવ્ય તીર્થો પણ ઊંચામાં ઊંચા ગિરિશૃંગો ઉપર સ્થાપન કરવામાં આવ્યા છે, તેનું કારણ પણ કરુણારસ એ સર્વ રસોમાં શ્રેષ્ઠ છે, એવી પ્રતીતિ કરાવવા માટે છે. મંદિરો પણ ભવ્યમાં ભવ્ય રીતિએ ઊભા કરવામાં આવે છે, તેનું કારણ પણ કરુણારસની ભવ્યાતિભવ્યતા હૃદયના ગુપ્તમાં ગુપ્ત ભાગમાં સ્થાપિત કરવા માટે છે. 'ભગવાનની આજ્ઞા એ જ મોક્ષ' એ જેમ કારણમાં કાર્યનો ઉપચાર છે, તેમ 'પ્રભુની કરુણા એ જ આજ્ઞા' એ કારણમાં પણ કાર્યનો ઉપચાર છે.

નવપદ અને નવતત્ત્વ

અરિહંત - પુણ્યતત્ત્વ,
સિદ્ધ - જીવતત્ત્વ,
આચાર્ય - સંવરતત્ત્વ,
ઉપાધ્યાય - નિર્જરાતત્ત્વ,
સાધુ - મોક્ષતત્ત્વ,
દર્શન - જીવ અને અજીવનો વિવેક,
જ્ઞાન - પુણ્ય તથા પાપનો ભેદ,
ચારિત્ર - આશ્રવ અને સંવરનો હેયોપાદેય,
તપ - બંધ તથા નિર્જરા.

o નામકર્મના ક્ષયથી અનંત મહિમા,
ગોત્રકર્મના ક્ષયથી અનંત ગૌરવ,
મોહકર્મના ક્ષયથી અનંત ચારિત્ર, સ્થિરતારૂપ ચારિત્ર
અને સ્વરૂપરમણતારૂપ ચારિત્ર મળે છે.

અસ્થિરતા લાવનાર મુખ્ય મોહ ત્રણ પ્રકારના છે:
(1) રતિ - અરતિ = વર્તમાનકાળ સંબંધી
(2) શોક = ભૂતકાળ સંબંધી
(3) ભય = ભાવિકાળ સંબંધી
આ ત્રણ અસ્થિરતાના કારણ છે.

શ્રી

સાયલાગઢ, ૫-૫-૭૦

જેમ દુઃખાનુભવથી પડેલા સંસ્કાર, દુઃખ અને દુઃખનાં સાધનો પ્રત્યે અરતિની લાગણી કાયમ માટે ઉત્પન્ન કરે છે, તેમ જ રીતે સુખાનુભવથી પડેલા સંસ્કારો, સુખ અને તેનાં સાધનો પ્રત્યે રતિની લાગણીને પણ સતત રાખે છે.

દર્શનમોહનીય કર્મના ક્ષયથી અનંત પ્રેમ,

ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી અનંત સ્થિરતા.

પ્રેમનું લક્ષણ આત્મતુલ્ય દર્શન. સિદ્ધાત્માઓ સંસારી આત્માઓને આત્મતુલ્ય તથા આત્મપૂર્ણ દૃષ્ટિથી પણ જુએ છે. માતા જેમ પોતાના બાળકને પૂર્ણતાની નજરે જુએ છે. બાળક માતાને પૂર્ણતાની નજરે જુએ છે, તેથી પરસ્પર પ્રીતિ અખંડ ટકે છે. સતી સ્ત્રી પતિને પરમેશ્વરની દૃષ્ટિથી જુએ છે, તેથી પતિ તરફ ભક્તિ અખંડ ટકે છે. એથી આત્મતુલ્ય દર્શન - એ જ ખરેખરો પ્રેમ છે અને એ દર્શન સિદ્ધોમાં પૂર્ણ હોય છે, તેથી સિદ્ધ ભગવંતોને સર્વ જીવો ઉપર પૂર્ણ પ્રેમ હોય છે અને પૂર્ણ દૃષ્ટિથી જુએ છે, તેથી અનંત પ્રેમ છે. અનંત પ્રેમ ધારણ કરનાર સિદ્ધ ભગવંતોને તે સ્વરૂપે હૃદયમાં ધારણ કરવા, તે પૂર્ણ ભક્તિ છે અને પોતાનું પૂર્ણ

સ્વરૂપ પ્રગટાવનારી તેમની પ્રકૃતિની દૃષ્ટિ છે.
એ રીતે જોવું, તે અનંત પ્રભુભક્તિને પ્રગટાવે છે.
સાધકની દૃષ્ટિમાં આત્મરૂપે દર્શન છે. સિદ્ધની દૃષ્ટિ
આત્મપૂર્ણદૃષ્ટિ છે. આત્મરૂપે દર્શનમાં પૂર્ણ પ્રેમ અને
આત્મપૂર્ણ દૃષ્ટિમાં અનંત પ્રેમ છૂપાયેલો છે.

<u>પ્રેમમાં આપવાનું છે, રાગમાં લેવાનું છે.</u>

આત્મરૂપે દર્શનવાળો પોતાના આત્મા જેટલી જ ઉદારતા બીજા ઉપર રાખી શકે, આત્મદાન કરી શકે છે. 'આત્મદાન'નો અર્થ એ કે આત્મા ખાતર જેટલું કરી છૂટાય, તેટલું સર્વ માટે કરી છૂટવાનું બળ પ્રાપ્ત થવું. આત્મા માટે જે કાંઈ થાય છે, તેનો બદલો જેમ ચાહવામાં આવતો નથી, તેમ સર્વ માટે જે કાંઈ થાય, તેનો પણ બદલો ન ચાહવાનું બળ પ્રાપ્ત થવું તે છે.
<u>આત્મસમદર્શન એ જ 'પ્રેમ' શબ્દનો પર્યાય થયો.</u>
<u>રાગ એ સ્વાર્થપૂરતા છે, પ્રેમ એ નિઃસ્વાર્થતા છે.</u>
સર્વ જીવોને આત્મરૂપે જોવામાં નિઃસ્વાર્થ વૃત્તિ છે. સ્વાર્થ વૃત્તિનો ભંગ થાય છે, તેથી તેને 'પ્રેમ' શબ્દથી સંબોધી શકાય. સિદ્ધ ભગવંત સર્વ જીવોને પૂર્ણ દૃષ્ટિથી સાક્ષાત જુએ છે. કોઈ પણ જીવને પૂર્ણપણે જોવો,

તે એના ઉદરના અનંત પ્રેમને સૂચવે છે.
માતા પોતાના બાળકને જે રીતે પૂર્ણ દૃષ્ટિથી જોઈ શકે છે,
તે રીતે બાળ કોઈ નહિ જોઈ શકતા.
માટે જ ત્રિકાળમાં માતાનો પ્રેમ
બાળ બધાના પ્રેમ કરતાં ચઢીયાતો સાબિત થાય છે.
સિદ્ધ ભગવંતોમાં સકલ જીવો પ્રત્યે અનંતો પ્રેમ છે
અને તે સ્વયંભૂરમણ સાગરની જેમ નિરંતર વૃદ્ધિ
પામવાના સ્વભાવવાળો છે. એનો અર્થ એ કે સંસારી
જીવો સંસારી અવસ્થામાં ગમે તેટલા દોષોથી ભરેલાં હોય
તો પણ તેમનું શુદ્ધ સ્વરૂપ સિદ્ધ ભગવાન
પ્રતિસમય સાક્ષાત જોઈ રહ્યા છે, જાણી રહ્યા છે, તેથી
તેમનો પ્રેમ વધતો જ રહે છે, કદી પણ ઘટતો નથી.
બાલ્યકાળમાં માતાનો અનંતો પ્રેમ જેમ પરખાતો નથી,
પરન્તુ યૌવનકાળમાં જ તે સમજી શકાય છે,
તેમ સિદ્ધ ભગવંતોનો અનંતો પ્રેમ પણ
અચરમાવર્ત - ભવબાલ્યકાળ - અવિવેકવાળી અવસ્થામાં
ઓળખી શકાતો નથી, કિન્તુ ચરમાવર્ત કાળ પ્રાપ્ત થતાંની
સાથે ધર્મયૌવન દશા આવે છે, વિવેકચક્ષુ ખૂલે છે,
તેની સાથે જ ભગવંતનો મહિમા સમજાય છે.

શ્રીં

શ્રી અચલગઢમંડન આદિનાથ સ્વામિને નમઃ।

સુપ્રભાતમ્, ૯ - ૫ - ૧૧

ભગવાન પ્રેમથી ભરેલાં છે, અને સમજવાની સાથે જ ભગવાન ઉપર પ્રેમ ઉભરાય છે. આ દુનિયામાં ‘પ્રેમ’ નામ ધરાવનાર જેટલાં તત્ત્વો છે, તે સર્વમાં ભગવાનનું સ્થાન ઊંચું આવે છે. ભગવાનના પ્રેમ જેવો પ્રેમ ધરાવવાની શક્તિ ભગવાન સિવાય બીજા કોઈમાં પણ આવી શકતી નથી, એવી સમજણ ઉગવાની સાથે જ ભગવાન ઉપર અવિહડ ભક્તિ જાગે છે.

એ પ્રીતિને આદિ તો હોય છે, પરન્તુ અંત હોતો નથી. ‘આદિ-અનંત સ્થિતિવાળી પ્રીતિ પ્રભુ સાથે જ થઈ શકે, બીજા કોઈની સાથે નહિ જ’ એ નિયમ શાસ્ત્રો બાંધ્યો છે, તે યથાર્થ છે, અને સમજાય છે.

દ્રવ્યદયા = દ્રવ્યે અશુભપ્રવાહ નિરોધ.

ભાવદયા = ભાવ અશુભપ્રવાહ નિરોધ.

પરદયા = પરદ્રવ્યે અશુભપ્રવાહ ત્યાગ.

સ્વદયા = સ્વભાવ અશુભપ્રવાહ ત્યાગ.

દયા એ ધર્મનો સાર છે. પરદયા એ પણ સ્વદયાના હેતુએ કરવાની છે, તેથી સ્વદયા એ દયાનો સાર છે.

સ્વદયા પોતાના ભાવપ્રાણની રક્ષારૂપ છે, તેથી ભાવરક્ષા એ સ્વદયાનો સાર છે. 'સર્વ જીવો સુખ પામો' અને 'સર્વ જીવોનું દુઃખ ટળો' એ વિચારથી પણ ભાવરક્ષા થઈ શકે છે, તેથી એ વિચાર ભાવરક્ષાનો પણ સાર છે. તીર્થંકર દેવોનો ઉપદેશ દયાનો છે - કરુણાનો છે.

તેનો સાર ભાવરક્ષાનો છે,
તેથી ધર્મનું લક્ષણ કૃપા છે અને
કૃપા એ જ રત્નત્રય સ્વરૂપ છે.

કૃપામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર - ત્રણેનો સમાવેશ છે. કૃપામાં રત્નત્રયની એકતા છે. પર આત્મામાં આત્મ સમાન જ્ઞાન, આત્મતુલ્ય દર્શન અને આત્મતુલ્ય વર્તન થયા વિના રત્નત્રય સધાતી નથી અને રત્નત્રય સધાયા વિના કૃપાધર્મ પળાતો નથી. ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, અહિંસા દયા એ ઉત્કૃષ્ટ મંગળ છે. દયા અહિંસા 'ભાવરક્ષા' એ ઉત્કૃષ્ટ મંગળ છે. શુભભાવની રક્ષા જ સ્વર્ગાપવર્ગનું કારણ છે ને ભયાનક ભવાટવીનું ઉલ્લંઘન કરવા માર્ગ-દર્શક છે. દયા એ તીર્થંકરોનો પ્રકાશ છે ને તીર્થંકરત્વનું મૂળ છે. તીર્થંકરત્વ મોક્ષમાર્ગનું મૂળ છે, તેથી મોક્ષનું મૂળ શુભભાવની રક્ષા છે. શુભભાવની રક્ષા સર્વ જીવો પ્રત્યે

શુભ પરિણામ ધારણા કરવાથી થાય છે અને શુભ પરિણામનું ધારણા સર્વ જીવોને આત્મતુલ્ય જોવા, જાણવા અને આચરવાથી થાય છે. એથી રાગ-દ્વેષ-મોહ શમે છે, જ્ઞાન-દર્શન-વીર્ય પ્રગટે છે. મોક્ષનો અનન્ય ઉપાય તો એક જ છે અને તે ભાવપ્રાણની રક્ષા છે. બાકી બધો વ્યવહાર એ ભાવપ્રાણની રક્ષા માટે જ નિર્માયેલ છે.

દેલવાડા, વલ્લભવિજય પુસ્તકાલય, ૯-૫-૬૨

પરાવાણી = સંકલ્પ-નાભિ, પશ્યન્તી = ભાવ-હૃદય, મધ્યમા = વિચાર-હૃદય-કંઠ, વૈખરી = ઉચ્ચાર-મુખ.

સંકલ્પનો ઉચ્ચાર તે ભાવ.
ભાવનો ઉચ્ચાર તે વિચાર.
વિચારનો ઉચ્ચાર તે શબ્દ.
સંકલ્પ કરતાં ભાવનું બળ અધિકું.
ભાવ કરતાં વિચારનું બળ અધિકું.
વિચાર કરતાં વાણીનું બળ અધિકું.

જો વિચારની સાથે જ અસર વિચારકના પોતાના આત્માને થતી હોય, તો તે જ્યાં જ્યાં જીવતત્ત્વ હોય, ત્યાં ત્યાં વિના રોકટોક શીઘ્રપણે ફેલાઈ શકે. પરિણામે બંધ. અહીં પરિણામ = હૃદયસ્થ ભાવની ભાષા.

જે પરિણામમાં હૃદયનો ભાવ ભળેલો ન હોય,
તેનામાં બંધ અને મુક્તિની સામગ્રી પણ ન હોય.
પંચભૂતમાં જે સ્થાન પવનનું છે, જીવનની રચનામાં
તે સ્થાન વિચારનું છે. પ્રતિક્ષણ મુજબનો વિચાર
આકાર બનતો જાય છે. સંકલ્પ અને ભાવની
અસર માનીએ તો વિચારની પણ માનવી જ પડે.
વિચારની અસર ન માનીએ તો જપ અને ધ્યાનની
પણ નહિ મનાય. આપણી અસર બીજાને ન થતી હોય,
તો બીજાના જપ અને ધ્યાનની અસર આપણને પણ
કેમ થાય? અને એ ન થાય, તો ત્રિભુવનકલ્યાણકારી
તીર્થંકર દેવોની કરુણા જ અકિંચિત્કર બને અને
તે ઉપરાંત ભક્તિમાર્ગ પણ નાશ પામે.
વર્ષોથી ચાલતા પ્રગટ વ્યવહારની ભીતરમાં બળ તરીકે
વિચાર અને ભાવનું જ સામર્થ્ય કામ કરતું હોય છે.

°

When we all agree about soul-power, how anybody among us can differ on the point of thought force? Potency of thought carring soul-power does never fail.

વિચાર એ હૃદયના ભાવનો ઉચ્ચાર જ છે.
જો તેને ઉચ્ચાર તરીકે ન સ્વીકારીએ, તો આત્માની
અસીમ પ્રેરકતાની કાર્યશક્તિનું સ્ફોટપણું પ્રતિપાદન
કરવાનો માર્ગ જ બંધ થઈ જાય. આંગણામાં પડેલાં એક
લાકડાના ટુકડામાં પણ વાતાવરણની અસર ઝીલવા
અને ફેલાવવાનો સ્વાભાવિક ગુણ રહેલો હોય છે,
તો પછી ચૈતન્યના ધામરૂપ શરીરમાં તે ગુણધર્મ કેટલાં
પ્રમાણમાં વ્યાપી શકે, તે તટસ્થ બુદ્ધિ તુરંત સમજાય
તેમ છે. વિચાર એ આત્માનું બાળક છે અને આત્માનું
હોવાના કારણે ૧૪ રાજલોકમાં રહેલાં સર્વ આત્માઓ
તેને પોતાના બાળક સમાન ગણે છે.

વિશિષ્ટ છે જેની ચરવાની રીત, તે 'વિચાર.'
વાણી કરતાં તેનો અધિકતર પ્રભાવ છે.
'એકત્વ વિતર્ક અવિચાર.'
'એગો આયા |' અને કેવલાદ્વૈત.
સિદ્ધાંતની સરજામણીએ

વિચારની સીધી અસર જગતના જીવો ઉપર થાય છે.
જે જીવો નજીક હોય છે, તેના ઉપર વિશેષ અને
બાકી જીવો ઉપર સામાન્ય અસર થાય છે.

ધર્મપુરુષાર્થનું લક્ષ્ય મોક્ષ છે,
અર્થપુરુષાર્થનું લક્ષ્ય ન્યાય - નીતિ છે,
કામપુરુષાર્થનું લક્ષ્ય સંયમ - સદાચાર છે અને
મોક્ષપુરુષાર્થનું લક્ષ્ય પરમેશ્વર છે.

લક્ષ્યહીન પુરુષાર્થ વાસનારૂપ છે, નિષ્ફળ છે.
જ્યારે આપણામાં રહેલા આત્મજ્યોતિનું દર્શન આપણે પામીએ છીએ, ત્યારે જે કોઈ પ્રાણી નજરે ચઢે, તેની આત્મજ્યોતિ જ નજરે ચઢે છે, હિંસક પ્રાણીઓની હિંસકતા દેખાતી બંધ થાય છે. ફક્ત તેની આત્મજ્યોતિ જ દેખાય છે.
મનુષ્યમાત્રના ગુણ - અવગુણ દેખાતા બંધ થાય અને
ફક્ત તેમાં રહેલી આત્મજ્યોતિ જ દેખાય,
ત્યારે માનવું કે આપણી આત્મસાધના પરિપક્વ થઈ છે.

'He profith best who serveth most.'

જે મનુષ્ય બીજાઓને સુખી જોવા ઈચ્છે છે,
તે કદાપિ દુઃખી થતો જ નથી અને જે પોતાના જ સુખ માટે ફાંફાં મારે છે, તે કદાપિ સુખી થતો નથી.

'ઈશ્વરના પ્રણિધાનથી સમાધિ સિદ્ધ થઈ શકે છે'
એમ કહેવાનું તાત્પર્ય એ છે કે ઈશ્વરપ્રણિધાન પણ
વૃત્તિનિરોધ અને વાસનાક્ષયનું શ્રેષ્ઠ સાધન છે.

'आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥'

(પરિશિષ્ટ-૪)

| | | | |
|---|---|---|---|
| અંગુષ્ઠ | - અરિહંત - સ્થાપ | : | મોક્ષપદ્ધતિ |
| તર્જની | - સિદ્ધ - ઈન્દ્ર | : | મોક્ષપદ્ધતિ |
| મધ્યમા | - આચાર્ય | : | સંસારપદ્ધતિ |
| અનામિકા | - ઉપાધ્યાય | : | સંસારપદ્ધતિ |
| કનિષ્ઠિકા | - સાધુ | : | સંસારપદ્ધતિ |

પાંચે આંગળી ભેગી કરીને વાસક્ષેપ કરાય છે.

'વાસ' એટલે સુગંધ.

'સર્વ જીવો સુખ પામો' એવા પંચ પરમેષ્ઠિના ભાવનાનો ક્ષેપ કરવાનું નામ = 'વાસક્ષેપ' અથવા તેઓ દ્વારા ભવનિસ્તારની આશિષ આપવી, તે 'વાસક્ષેપ'.

દુઃખદ્વેષ અને સુખરાગ - એ ભવભ્રમણના હેતુ છે, જો તે કેવળ સ્વવિષયક રહે પણ જો તે સર્વવિષયક બની જાય, તો ભવક્ષયનો હેતુ બને છે. પોતાના દુઃખ ઉપરનો દ્વેષ કે સુખ ઉપરનો રાગ ટાળી શકાતો નથી પણ વાળી શકાય. પોતા ઉપરથી સર્વ ઉપર વાળવામાં આવે, તો તે જ રાગ-દ્વેષ, રાગ-દ્વેષનો અંત

લાવવામાં સહાયક થાય છે. રાગ-દ્વેષ કેવળ ખરાબ માનવાથી રાગ-દ્વેષનો અંત આવતો નથી પણ રાગ-દ્વેષનો વિષય પલટવાથી તેનો અંત આવે છે. તેથી 'રાગ-દ્વેષની લાગણી જ ખરાબ ચીજ છે' એમ સાબિત થતું નથી પણ તે લાગણી કેવળ સ્વવિષયક હોય, તે ખરાબ છે અને તે જ લાગણી સર્વવિષયક કરવી, એ ઉત્તમ વસ્તુ છે. સ્વવિષયક લાગણી સર્વને છે, અનાદિથી છે, તેથી સહજ બની ગઈ છે. સર્વવિષયક લાગણી અભ્યાસથી સાધ્ય છે. પૂર્વે કદી કરી નથી, તેથી નવીન છે. તેનો પુનઃ પુનઃ અભ્યાસ પાડ્યા વિના સહજ થતી નથી. તેથી જ્યાં સુધી તે સહજ ન બને, ત્યાં સુધી તેને કેળવવાનો પ્રતિદિન અભ્યાસ કર્તવ્ય છે અને એ લાગણી જેઓમાં સહજ બની છે, તેઓનું વંદન - પૂજન - નમન પરમ ધર્મ છે.

## દેવે તે દેવ.

દુનિયાની સર્વ લેવા જેવી વસ્તુ આપે, તે ગુરુદેવ.

ઈશ્વરમાં સૌથી મોટા ગુરુ.

આપે છતાં આપવાનો અહંકાર પણ તજે, તે દેવાધિદેવ.

सर्वभूतात्मभूताय, सर्वलोकहिताय च ।
अक्रोधलोभमोहाय, तस्मै शान्तात्मने नमः ॥ (પરિશિષ્ટ-૫)

શ્રી

આબુ - દેલવાડા, જેઠ સુદી ૯

મુક્તિમાર્ગ શેના ત્રિવેણી સંગમ થકી બને ?

'શિવમસ્તુ સર્વ જગતઃ ।'
એ ભાવનાથી માર્ગાનુસારિતાનો વિકાસ થાય છે.
સિદ્ધત્વની ભાવના
પરમેષ્ઠિને નમસ્કાર કરવાથી પુષ્ટ થાય છે.
પાયામાં માર્ગાનુસારિતા,
ધ્યેયમાં પરમેષ્ઠિ પદ અને
આચારમાં પોતાની ભૂમિકાને યોગ્ય
શ્રાવકપણું અથવા તો
સાધુપણું,
એ ત્રણનો સમાગમ થવાથી
મુક્તિમાર્ગ બને છે.
'શિવમસ્તુ સર્વ જગતઃ ।'
એ સમ્યગ્ દર્શનગુણને વિકસિત કરે છે.
પંચ પરમેષ્ઠિ નમસ્કાર
એ સમ્યગ્ જ્ઞાનગુણને વિકસિત કરે છે અને
પોતાની ભૂમિકાને યોગ્ય ઉચિત વર્તન
એ સમ્યક્ ચારિત્રગુણનો વિકાસ કરે છે.

શ્રીँ

## અરિહંત - સિદ્ધ - સાધુ - ધર્મનું શરણ શું કરે?

ચતુઃશરણ દ્વારા
ચાર કષાયનો ક્ષય થાય છે,
મૈત્ર્યાદિ દ્વારા
ચાર ભાવો પોષાય છે અને
ક્ષમાદિ દ્વારા
ચાર ગુણો પ્રગટે છે.

અરિહંતના શરણાથી ક્રોધનો નાશ થાય છે તથા
મૈત્રીભાવ - ક્ષમાગુણ પ્રગટે છે.
સિદ્ધનું શરણ લેવાથી માનનો નાશ થાય છે અને
પ્રમોદભાવ - નમ્રતાગુણ પ્રગટે છે.
સાધુનું શરણ લેવાથી માયાનો નાશ થાય છે તથા
કારુણ્યભાવ - સરલતાગુણ પ્રગટે છે.
ધર્મના શરણે જવાથી લોભનો નાશ થાય છે અને
માધ્યસ્થભાવ - સંતોષગુણ પ્રગટે છે.

'सम्मत्तदंसी न करेइ पावं ।' (પરિશિષ્ટ-૬)

'औचित्याद्वृत्तयुक्तस्य वचनात्तत्त्व-चिन्तनम् ।
मैत्र्यादिभाव संयुक्तं तदध्यात्मं जगुर्जिनाः ॥'
(પરિશિષ્ટ-૭)

પરમેષ્ઠિ નમસ્કાર વડે પાંચ આચારની શુદ્ધિ થાય છે:
(1) અરિહંત નમસ્કારથી જ્ઞાનાચારની શુદ્ધિ થાય છે.
(2) સિદ્ધ નમસ્કારથી દર્શનાચારની શુદ્ધિ થાય છે.
(3) આચાર્ય નમસ્કારથી ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.
(4) ઉપાધ્યાય નમસ્કારથી તપાચારની શુદ્ધિ અને
(5) સાધુ નમસ્કારથી વીર્યાચારની શુદ્ધિ થાય છે.

o જે દયાવાન હોય,
તે પરોપકારની બુદ્ધિવાળો અવશ્ય હોય અને
જે પરોપકારની બુદ્ધિવાળો હોય,
તે દયાવાન અવશ્ય હોય.

o 'સંસારાનુપ્રેક્ષા' સરલ સમજો.
સ્વાર્થ એ જ સંસાર, પરાર્થ એ જ મોક્ષ.
સમુદ્રરૂપ સંસારમાં જન્મ, જરા, મરણ, રોગ, શોક, સંયોગ - વિયોગ, શારીરિક અને માનસિક દુઃખ, કષાય, મિથ્યાત્વ, તૃષ્ણાદિ રૂપ જલકલ્લોલની લહેરોથી ૪ ગતિ, ૨૪ દંડકમાં પરિભ્રમણ કરતાં જીવને જૈનધર્મ રૂપી દ્વીપ, સંયમ રૂપી નાવ, સમકીત રૂપી નિર્યામક અને સિદ્ધિ રૂપી નગરનો આધાર છે.

o સંજ્ઞાજ્ઞાનને 'નયજ્ઞાન' કહે છે.

શ્રી

તીર્થંકર નામકર્મ બાંધવાના ૨૦ હેતુ (જ્ઞાતાસૂત્ર અધ્ય. ૮):

(૧) અરિહંત ભગવંતના ગુણકીર્તન કરવાથી.
(૨) સિદ્ધ ભગવંતના ગુણકીર્તન કરવાથી.
(૩) અષ્ટ પ્રવચન માતાનું આરાધન કરવાથી.
(૪) ગુણવંત ગુરૂનાં ગુણકીર્તન કરવાથી.
(૫) સ્થવિર મુનિનાં ગુણકીર્તન કરવાથી.
(૬) બહુશ્રુત મુનિનાં ગુણકીર્તન કરવાથી.
(૭) તપસ્વી મુનિનાં ગુણકીર્તન કરવાથી.
(૮) ભણેલા જ્ઞાનને વારંવાર ચિંતવવાથી.
(૯) નિર્મળ સમ્યક્ત્વ પાળવાથી.
(૧૦) વિનય કરવાથી.
(૧૧) આવશ્યક ક્રિયા નિયમિત કરવાથી.
(૧૨) અંગીકાર કરેલ વ્રત - નિયમ નિર્મળ રીતે પાળવાથી.
(૧૩) ધર્મ અને શુક્લ ધ્યાન ધ્યાવવાથી.
(૧૪) બાર પ્રકારનો તપ કરવાથી.
(૧૫) અભયદાન અને સુપાત્રદાન દેવાથી.
(૧૬) દશ પ્રકારની વૈયાવચ્ચ કરવાથી.
(૧૭) ચતુર્વિધ સંઘને સમાધિ દેવાથી.
(૧૮) નવું નવું અપૂર્વ તત્વજ્ઞાન ભણવાથી.

(૧૯) સૂત્રસિદ્ધાંતની ભક્તિ કરવાથી.
(૨૦) તીર્થની સેવા વડે મિથ્યાત્વનાશથી તથા સમ્યક્ત્વનો ઉદ્યોત કરવા જીવ અનંતાનંત કર્મોને ખપાવે છે.
એ સત્કાર્યો કરતાં ઉત્કૃષ્ટ ભાવરૂપી રસાયણ આવે,
તો તીર્થંકર નામકર્મ નિકાચિત થાય.

બ્રહ્મચર્યની 32 ઉપમા (પ્રશ્ન વ્યાકરણ અધ્યયન - ૯):

(૧) ગ્રહગણમાં ચંદ્ર
(૨) ખાણમાં સુવર્ણની ખાણ
(3) રત્નમાં વૈડુર્ય
(૪) આભૂષણમાં મુકુટ
(૫) વસ્ત્રમાં ક્ષોમયુગલ
(૬) ચંદનમાં ગોશીર્ષ
(૭) ફૂલમાં અરવિંદ
(૮) પર્વતમાં હેમવંત
(૯) નદીમાં સીતા - સીતોદા
(૧૦) સાગરમાં સ્વયંભૂરમણ
(૧૧) ગિરિમાં મેરુ
(૧૨) હાથીમાં ઐરાવણ
(૧૩) ચતુષ્પદમાં સિંહ

શ્રી

(૧૪) ભવનપતિમાં દેવેન્દ્ર

(૧૫) સુવર્ણકુમારમાં વેણુદેવેન્દ્ર

(૧૬) દેવલોકમાં બ્રહ્મલોક

(૧૭) સભામાં સુધર્મસભા

(૧૮) સ્થિતિમાં સર્વાર્થસિદ્ધ

(૧૯) દાનમાં અભયદાન

(૨૦) રંગમાં કીરમજ

(૨૧) સંસ્થાનમાં સમચતુરસ્ર

(૨૨) સંહનનમાં વજ્રઋષભનારાચ

(૨૩) લેશ્યામાં શુક્લ લેશ્યા

(૨૪) ધ્યાનમાં શુક્લ ધ્યાન

(૨૫) જ્ઞાનમાં કેવળજ્ઞાન

(૨૬) ક્ષેત્રમાં મહાવિદેહ

(૨૭) મુનિઓમાં તીર્થંકર

(૨૮) વૃત્તપર્વતમાં કુંડલગિરિ

(૨૯) વૃક્ષોમાં સુદર્શન કલ્પવૃક્ષ

(૩૦) વનમાં નંદનવન

(૩૧) ઋદ્ધિમાં ચક્રવર્તીની ઋદ્ધિ

(૩૨) સુભટમાં વાસુદેવ.

૪ પ્રકારની અનુપ્રેક્ષા

(1) અશરણાનુપ્રેક્ષા (2) અનિત્યાનુપ્રેક્ષા
(3) સંસારાનુપ્રેક્ષા (4) એકત્વાનુપ્રેક્ષા.

અશરણાનુપ્રેક્ષા એટલે...

સમ્યક્ત્વ સહિત જૈન ધર્મ એ
જન્મ - જરા - મરણનાં દુઃખ નિવારવા સમર્થ છે,
બાકી કોઈ શરણ સમર્થ નથી, એવી શ્રદ્ધા.

અનિત્યાનુપ્રેક્ષા એટલે...

રૂપી પુદ્ગલની અનેક પ્રકારે રચના કરીએ,
તો પણ તે અનિત્ય છે. ધર્મ એક નિત્ય છે, માટે
પરમ સુખદાયક છે. પોતાના આત્માને નિત્ય જાણી
સમ્યક્ત્વાદિ સંવરથી પુષ્ટ કરવો તે.

સંસારાનુપ્રેક્ષા તથા એકત્વાનુપ્રેક્ષા એટલે...

કર્મસંયોગે જીવ સંસારમાં સર્વ સ્થાનોએ નટની પેરે
અનંત રૂપો ધારણ કરીને એકલો ભટક્યો છે,
તેવી વિચારણા કરવી તે.

ઉવવાઈ સૂત્રમાંથી ઉદ્ધૃત કરેલ આર્તધ્યાનના ૪ પાયા:

(૧) મનોજ્ઞ વસ્તુની અભિલાષા.
(૨) અમનોજ્ઞ વસ્તુનો વિયોગ.

## આર્તધ્યાનના અન્ય ૨ પાયા:

(૩) રોગાદિ અનિષ્ટનો વિયોગ.

(૪) પરભવના સુખ માટે નિદાન.

## આર્તધ્યાનના ચાર લક્ષણ

(૧) ચિંતા - શોક કરે. (૨) છાતી - માથું કૂટીને રૂવે તે.

(૩) આક્રંદ - વિલાપ - શબ્દ કરી રૂવે. (૪) અશ્રુપાત કરે.

## રૌદ્રધ્યાનના ચાર પાયા

(૧) હિંસા (૨) જૂઠ

(૩) ચોરી (૪) પરિગ્રહમાં આનંદ.

## રૌદ્રધ્યાનના ચાર લક્ષણ

(૧) થોડાં આમથા અપરાધ ઉપર ઘણો ગુસ્સો કરવો તે.

(૨) ઘણા અપરાધ ઉપર અત્યંત જ ગુસ્સો કરવો તે.

(૩) અન્ય જીવો ઉપર મનથી દ્વેષ રાખે તે.

(૪) જાવજ્જીવ દ્વેષ રાખે તે.

## ધર્મધ્યાનના ચાર પાયા

(૧) વીતરાગની આજ્ઞાનું ચિન્તવન કરે.

(૨) કર્મ આવવાનાં કારણોને વિચારે.

(૩) શુભાશુભ કર્મવિપાકને વિચારે.

(૪) લોકસંસ્થાનનો વિચાર કરે.

શ્રી

ધર્મધ્યાનના ચાર લક્ષણ

(૧) ઉપદેશ પ્રત્યે રૂચિ

(૨) આગમ પ્રત્યે રૂચિ

(3) વીતરાગ આજ્ઞાની રૂચિ

(૪) નિસર્ગપણે જ્ઞાનાદિ ઉત્પન્ન થવાથી જાગેલી રૂચિ.

ધર્મધ્યાનના ચાર આલંબનો

(૧) વાચના (૨) પૃચ્છા (3) પરાવર્તના (૪) ધર્મકથા.

ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા

(૧) એકત્વ (૨) અનિત્ય (3) અશરણ (૪) સંસાર.

શુક્લધ્યાનના ચાર પાયા

(૧) યોગ નિરોધ કરવો તે.

(૨) સૂક્ષ્મક્રિયાનો નિરોધ કરવો તે.

(3) એક દ્રવ્યમાં અનેક પર્યાયનો વિચાર કરવો તે.

(૪) અનેક પર્યાયમાં એક દ્રવ્યનો વિચાર કરવો તે.

શુક્લધ્યાનના ચાર લક્ષણ:

(૧) પરપુદ્ગલનો ત્યાગ કરે.

(૨) સૂક્ષ્મભાવમાં સંદેહ ન કરે.

(3) દેવાદિ ઉપસર્ગથી ન બીવે, ચલે નહિ.

(૪) શરીર તથા આત્માને ભિન્ન ચિંતવે.

શુક્લધ્યાનના ચાર આલંબનો

(૧) ક્ષમા (૨) નિર્લોભતા (૩) નિષ્કપટતા (૪) નિર્માનતા.

શુક્લધ્યાનની ચાર અનુપ્રેક્ષા

(૧) સંસારાનુપ્રેક્ષા (૨) અનિત્યત્વાનુપ્રેક્ષા

(૩) કર્મવિપાક ચિંતન (૪) સ્વરૂપરમણતા.

સમ્યગ્દૃષ્ટિ અને સમદૃષ્ટિ - એ બંને પર્યાય શબ્દો છે.

કુલ ૭ નયનો ટૂંક વિસ્તાર

(I) નૈગમ નય:

અંશનૈગમ: નય વસ્તુના અંશને વસ્તુ માને,

જેમ નિગોદને સિદ્ધ સમાન માને તેમ.

આરોપનૈગમ: ત્રણે કાળનો વર્તમાનમાં આરોપ કરે.

વિકલ્પનૈગમ: અધ્યવસાયને વસ્તુ માને.

(II) સંગ્રહ નય:

વસ્તુની મૂળ સત્તાને ગ્રહણ કરે.

સર્વ જીવોને સિદ્ધ સમાન માને. 'એગે આયા'

ત્રણે કાળ, ચાર નિક્ષેપ અને સામાન્ય ધર્મને માને.

(III) વ્યવહાર નય:

અંતઃકરણ કે આંતરિક દશાની દરકાર ન કરતાં બહારના

વ્યવહારને માને. જેમ જીવને દેવ, મનુષ્ય, નરક, તિર્યંચ,

નપુંસક, મર્યો વગેરે માને. રૂપી પદાર્થોમાં સત્તાથી રૂપ - રસાદિ
૨૦ ગુણ હોવા છતાં જે દેખાય તે માને. હંસને ધોળો,
કાગડાને કાળો, ગુલાબને સુગંધી અને સાકરને મીઠી માને.

(IV) ઋજુસૂત્ર (સરળ) નય:

માત્ર વર્તમાનને, ભાવનિક્ષેપ અને વિશિષ્ટ ધર્મને જ માને.
સાધુ હોવા છતાં ભોગમાં ચિત્ત ગયું, તો તેને ભોગી માને,
ગૃહસ્થ જ હોવા છતાં ત્યાગમાં ચિત્ત ગયું, તો સાધુ માને.

(V) શબ્દ નય:

સરખા શબ્દનો એક જ અર્થ કરે અને
શબ્દના ધર્માદિ અર્થનો ભેદ માને.
વિશિષ્ટ વર્તમાનકાળ અને ભાવનિક્ષેપને જ માને.

(VI) સમભિરૂઢ નય:

પ્રત્યેક શબ્દના ભિન્ન અર્થ માને.
એક અંશન્યૂન ન હોય, તેને પૂર્ણ વસ્તુ માને.
વિશેષ, ભાવનિક્ષેપ અને વર્તમાનકાળને જ માને.

(VII) એવંભૂત નય:

એક અંશ પણ કમ ન હોય તેને વસ્તુ માને, શેષને અવસ્તુ
માને. વિશેષ, વર્તમાન અને ભાવને જ માને. નૈગમ અને
વ્યવહાર સામાન્ય વિશિષ્ટ ઉભયને માને છતાં પૃથક્ માને.

શ્રી

## સપ્તભંગી

'સપ્તભંગી' એટલે સ્યાદ્વાદના સાત અવયવ કહેવાય છે.
તેને સાત સ્તરીય વિધાનનો સિદ્ધાંત પણ કહે છે:

(૧) સિદ્ધો સ્વઅપેક્ષાએ છે.
(૨) સિદ્ધો પરઅપેક્ષાએ નથી.
(૩) સિદ્ધો સ્વઅપેક્ષાએ છે, સિદ્ધો પરઅપેક્ષાએ નથી.
(૪) યુગપત્ (અસ્તિ - નાસ્તિ) અવક્તવ્ય છે.
(૫) સ્વઅપેક્ષાએ અસ્તિ પણ અવક્તવ્ય છે.
(૬) પરઅપેક્ષાએ નાસ્તિ પણ અવક્તવ્ય છે.
(૭) અસ્તિ - નાસ્તિ ઉભય છતાં અવક્તવ્ય છે.

o

Positive emotion on climax is devotion. Negative emotion on climax is passion. Be still and know that I am Atman.

If you want a good generous gland secretion, then interest yourself in others, have wide sympathies & expand your personality.

શ્રી

## આઠ પક્ષ (વ્યવહારથી)

(૧) નિત્ય = એક ગતિની અપેક્ષાએ.
(૨) અનિત્ય = સમય સમય આયુઃક્ષય.
(૩) એક = એક ગતિની દશાએ એક.
(૪) અનેક = પુત્ર, ભાઈઓ આદિ સંબંધ દૃષ્ટિએ અનેક.
(૫) સત્ = સ્વગતિ - સ્વક્ષેત્રાદિ અપેક્ષાથી સત્.
(૬) અસત્ = પરગતિ - પરક્ષેત્રાદિ અપેક્ષાએ અસત્.
(૭) વક્તવ્ય = ગુણસ્થાનાદિની અપેક્ષાએ વ્યાખ્યા થઈ શકે.
(૮) અવક્તવ્ય = જે વ્યાખ્યા કેવળીથી પણ ન થઈ શકે.

## આઠ પક્ષ (નિશ્ચયથી)

(૧) નિત્ય : જ્ઞાન - દર્શન આદિ ગુણ અપેક્ષાએ.
(૨) અનિત્ય : અગુરુ - લઘુ આદિ પર્યાય અપેક્ષાએ.
(૩) એક : ચૈતન્ય અપેક્ષાએ.
(૪) અનેક : અસંખ્ય પ્રદેશ અપેક્ષાએ.
(૫) સત્ : સ્વગુણાદિની અપેક્ષાએ.
(૬) અસત્ : પરગુણાદિની અપેક્ષાએ.
(૭) વક્તવ્ય : સિદ્ધના ગુણોની જે વ્યાખ્યા થઈ શકે તે.
(૮) અવક્તવ્ય : સિદ્ધના ગુણોની જે વ્યાખ્યા ન થઈ શકે તે.

સર્વાર્થભાવ સર્વાર્થસિદ્ધ વિમાનમાં પહોંચાડે અને
પરમાર્થભાવ સિદ્ધિગતિમાં પહોંચાડે.

શ્રી

ઉવવાઈસૂત્ર : ૩૫૪ ભેદે ૧૨ પ્રકારના તપ : ૬ બાહ્યતપ

(૧) અનશન: ઈત્વરિક યાવત્કથિક ભક્ત પ્રત્યાખ્યાન
વ્યાઘાત - નિર્વ્યાઘાત જાવજ્જીવ, અલ્પકાલિક પાદપોપગમ.

(૨) ઉણોદરી : દ્રવ્ય - ભાવથી.
ઉપકરણ - આહાર, અલ્પ ક્રોધાદિ, અલ્પ નિદ્રાદિ.

(૩) વૃત્તિસંક્ષેપ : દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી.

(૪) રસત્યાગ : વિગઈ ત્યાગ, નીવી, આયંબિલ આદિથી.

(૫) કાયક્લેશ : આસન, પ્રતિમા, આતાપના, અદંતધાવન,
અસ્નાન, વિભૂષાત્યાગ, લોચ, પાદવિહાર, આકરા વચન,
પ્રહાર, પરિષહ, ઉપસર્ગ વગેરે સહવા તે.

(૬) સંલીનતા : ઈંદ્રિય - રાગદ્વેષ છોડવા, કષાય - ઘટાડવા,
યોગ - સન્માર્ગે વાળવા, શય્યાસન - પૂંજવા - પ્રમાર્જવા.

ઉવવાઈસૂત્ર : ૩૫૪ ભેદે ૧૨ પ્રકારના તપ: ૬ અભ્યંતરતપ

(૧) પ્રાયશ્ચિત ૧૦ પ્રકારે.

(૨) વિનય ૫ પ્રકારે:

(a) જ્ઞાનવિનય : જ્ઞાન - જ્ઞાની - જ્ઞાનનાં સાધનોનો વિનય.
(b) દર્શનવિનય (c) ચારિત્રવિનય
(d) યોગવિનય (e) વ્યવહાર વિનય.

વળી વ્યવહાર વિનય ૭ પ્રકારે હોય છે:

७ प्रकारे व्यवहार विनय

(I) गुर्वादिना विचार मुजब वर्ते.

(II) गुर्वादिनी आज्ञा मुजब वर्ते.

(III) अभ्युदायने आहार - पाणी लावी आपे.

(IV) अन्यनो उपकार याद लावे.

(V) गुर्वादिनी चिंता जाणीने दूर करवा प्रयत्न करे.

(VI) उचित प्रवृत्ति करे.

(VII) अनुचित प्रवृत्ति न करे.

(3) वैयावच्च १० प्रकारे.

(४) स्वाध्याय ५ प्रकारे:

(a) वांचना = वांचना लेवी.

(b) पृच्छना = प्रश्नो पूछवा.

(c) परावर्तना = फेरवतां रहेवुं.

(d) अनुप्रेक्षा = अर्थनुं चिन्तन करवुं.

(e) धर्मकथा = धर्मकथा करवी.

(५) ध्यान : धर्मध्यान अने शुक्लध्यान.

(६) कायोत्सर्ग : द्रव्यकायोत्सर्ग अने भावकायोत्सर्ग

(a) शरीर (b) संप्रदाय (c) वस्त्र अने पात्र

(d) आहार - पाणीनुं ममत्व, कषाय, संसार, कर्मनो त्याग.

શ્રી

## ચાર પ્રકારના અજીર્ણ

તપનું અજીર્ણ ક્રોધ છે,
જ્ઞાનનું અજીર્ણ માન છે, ક્રિયાનું અજીર્ણ નિંદા તથા
ભોજનનું અજીર્ણ અધિક આહાર છે.

## ચાર પ્રકારના ઘટ

(૧) અમૃતકુંભ - અમૃતનું ઢાંકણું.
(૨) વિષકુંભ - અમૃતનું ઢાંકણું.
(૩) અમૃતકુંભ - વિષનું ઢાંકણું.
(૪) વિષકુંભ - વિષનું ઢાંકણું.

## ચાર પ્રકારના મેઘ

(૧) એકવાર વરસે તો ૧૦૦૦૦ વર્ષ સુધી અન્ન નીપજે.
(ગજસુકુમાલ)
(૨) એકવાર વરસે તો ૧૦૦૦ વર્ષ સુધી અન્ન નીપજે.
(પ્રદેશી રાજા)
(૩) એકવાર વરસે તો ૧૦ વર્ષ સુધી અન્ન નીપજે.
(શ્રેણિક રાજા)
(૪) અનેકવાર વરસે તો ય એકવાર અન્ન નીપજે.
(પંચમ કાળના જીવ)

卐

## ચાર પ્રકારના પુરુષ

(૧) પોતાનો અવગુણ દેખે, કિન્તુ પરનો ન દેખે.
(૨) પોતાનો અવગુણ ન દેખે, કિન્તુ પરનો દેખે.
(3) પોતાનો અને પરનો - બન્નેનો અવગુણ દેખે.
(૪) પોતાનો કે પારકો - કોઈનો પણ અવગુણ ન દેખે.

## દેવગતિમાંથી આવેલા જીવો કેવા હોય?

(૧) ઉદારચિત્ત હોય. (3) ધર્મરાગી હોય.
(૨) સુસ્વર હોય. (૪) દેવ - ગુરુનો ભક્ત હોય.

## તિર્યંચગતિમાંથી આવેલા જીવો કેવા હોય?

(૧) અનાર્ય હોય. (3) માયાવી હોય.
(૨) અસંતુષ્ટ હોય. (૪) ક્ષુધાળુ હોય.

## મનુષ્યગતિમાંથી આવેલા જીવો કેવા હોય?

(૧) વિનીત હોય. (3) દયાળુ હોય.
(૨) નિર્લોભી હોય. (૪) જનપ્રિય હોય.

## નરકગતિમાંથી આવેલા જીવો કેવા હોય?

(૧) ક્રોધી હોય.
(૨) મૂર્ખ હોય.
(3) નિર્દય હોય.
(૪) કલહકારી હોય.

કિલ્બિષી દેવો નીચેના ૪ પ્રકારે આયુષ્ય બાંધે:

(૧) તીર્થંકરના અવર્ણવાદથી.
(૨) ધર્મના અવર્ણવાદથી.
(૩) આચાર્ય તથા ઉપાધ્યાયના અવર્ણવાદથી.
(૪) ચતુર્વિધ સંઘના અવર્ણવાદથી.

નીચેના ચાર પ્રકારે જીવ ધર્મ પામે નહિ

(૧) અહંકારી બનીને (૩) રોગી થઈને
(૨) ક્રોધી બનીને (૪) પ્રમાદી થઈને.

ચાર ચીજો એકસરખી (૪૫ લાખ યોજન)

(૧) સિદ્ધશિલા (૩) મનુષ્યક્ષેત્ર
(૨) ઉડુ વિમાન (૪) સીમંતક નરકાવાસો.

ચાર ચીજો એકસરખી (૧ લાખ યોજન)

(૧) સર્વાર્થસિદ્ધ વિમાન (૩) જંબૂદ્વીપ
(૨) પાલક વિમાન (૪) અપઈટ્ઠાણ નરકાવાસ.

ચાર પ્રકારનાં ફળ

(૧) શિક્ષક - શ્રીફળ - બહાર કઠણ, અંદર પોચું.
(૨) સાવકી મા - બોર - બહાર પોચું, અંદર કઠણ.
(૩) સાધુ - દ્રાક્ષ - અંદર અને બહાર પોચું.
(૪) પાપી - સોપારી - અંદર અને બહાર કઠણ.

## ચાર પ્રકારના ગળણાં

(૧) ધરતીનું ગળણું - ઈર્યાસમિતિ
(૨) મતિનું ગળણું - શુભધ્યાન
(૩) વચનનું ગળણું - ભાષાસમિતિ
(૪) પાણીનું ગળણું - જાડું વસ્ત્ર.

## મોક્ષના ચાર દરવાજા

(૧) જ્ઞાન (૨) દર્શન
(૩) ચારિત્ર (૪) તપ.

## મોક્ષના ચાર અંગ

(૧) જન્મ - મનુષ્યનો ભવ
(૨) જ્ઞાન - ધર્મશ્રવણની પ્રીતિ
(૩) દર્શન - ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા
(૪) ચારિત્ર - ધર્મકાર્યમાં બળ શક્તિ વીર્ય ફોરવવું.

## પાંચ પ્રકારના દેવ

(૧) દ્રવ્યદેવ - સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્ય
(૨) નરદેવ - ચક્રવર્તી
(૩) ધર્મદેવ - સાધુ
(૪) દેવાધિદેવ - તીર્થંકર
(૫) ભાવદેવ - ચાર નિકાય.

## ચાર કષાયો ક્યાં રહે?

(૧) ક્રોધ કપાળમાં રહે. (૩) માયા પેટમાં રહે.
(૨) માન ગરદનમાં રહે. (૪) લોભ સર્વાંગમાં રહે.

## પંચમ કાળના આ સુખી...

(૧) ગુણગ્રાહી થોડાં (૩) પરદુઃખે દુઃખિયા થોડાં
(૨) પર ઉપકારી થોડાં (૪) ગરીબ પર સ્નેહ રાખે તે થોડાં.

શાસનના સ્વીકાર વિના અહંનો નાશ અશક્ય છે.

વિશ્વનો પ્રત્યક્ષ અનુભવ જ
શાસનના અસ્તિત્વની પ્રતીતિ કરાવે છે.

જળ જેમ વૃક્ષ, પત્ર, પુષ્પ, ફળ, બીજ આદિ સર્વ સ્થળોએ રહેલું છે, તેમ સર્વાત્મભાવની સાધના સર્વ યોગ વ્યાપક છે. પરમાર્થભાવની સાધના બીજરૂપ છે અને સર્વાત્મભાવની સાધના જળરૂપ છે. જળ વિના બીજની વૃદ્ધિ અશક્ય છે. બીજ વિના જળ ફળ પેદા કરી શકતું નથી, કિન્તુ ઉપદ્રવરૂપ ઘાસ થાય છે, તેવી રીતે પરમાર્થભાવ અર્થાત્ સ્વદયાના વિચાર વિનાનો સર્વાત્મભાવ અર્થાત્ પરદયાનો પરિણામ ફળહીન અને ઉપદ્રવરૂપ ઘાસ બની જાય છે. પરદયાનો પરિણામ એ સર્વાત્મભાવનો સૂચક છે, સ્વદયાનો પરિણામ એ પરમાર્થ-

સર્વાત્મભાવનો સૂચક છે. સ્વદયાનો પરિણામ એ પરમાર્થ ભાવનો સૂચક છે. પરમાર્થ એટલે સ્વાત્મા, પરાર્થ એટલે વિશ્વાત્મા. વિશ્વાત્માનો વિચાર સ્વાત્મા માટે છે અને સ્વાત્માનો વિચાર વિશ્વાત્મભાવથી સિદ્ધ થાય છે. જેમ આપઘાત કરવો હોય, તો માત્ર એક નરેણીથી પણ થઈ શકે, પરનો ઘાત કરવો હોય તો તે માટે ઘણાં શસ્ત્રાસ્ત્રની જરૂર પડે, તેમ જ રીતે એક કુવિચાર જો પોતાનો કાઢવો હોય તો સહેલાઈથી નીકળી શકે પણ તે કુવિચાર જગતનો કાઢવો હોય, તો તે માટે સામગ્રી ઘણી જ જોઈએ. છતાં સામો પોતે જ તેને દૂર કરવાની જિજ્ઞાસાવાળો હોય, તો તે પણ સમાન વિચારવાળો જ બની જવાથી તેનો કુવિચાર સહેલાઈથી પણ ટાળી શકાય.

## દયા અને દુવા

ગરીબ અને મૂંગાની દુવા એ દયા છે.
શારીરિક અને માનસિક ગંદવાડ -
એ જ ખરી મંદવાડ છે.
દયા એ દયા નહિ પણ દુવા એ ખરી દયા છે.
માંદાએ સાજા થવા માટે દવાના સ્થાને
દુવા મેળવવા માટે જ પ્રયત્ન કરવો જોઈએ.

શ્રી

જેઠ સુદી ૨, સંવત ૨૦૪૬

અરાગ વિરુદ્ધ રાગ, અવૈરાગ્ય વિરુદ્ધ વૈરાગ્ય, અનૈશ્વર્ય વિરુદ્ધ ઐશ્વર્ય, અધર્મ વિરુદ્ધ ધર્મ, અનાચાર વિરુદ્ધ સદાચાર, અમંગલ વિરુદ્ધ મંગલ, અશાન્તિ વિરુદ્ધ શાન્તિ અને અભક્તિ (પ્રેમાભાવ) વિરુદ્ધ ભક્તિ (વિશ્વપ્રેમ) છે.

જેમ નદીઓ સમુદ્રની અંદર સમાય છે,
નક્ષત્રો આકાશની અંદર સમાય છે,
પ્રાણીઓ પંચભૂતોની અંદર સમાય છે,
તેમ સર્વ ધર્મ ભાગવત ધર્મમાં સમાય છે,

કેમકે તે પવિત્ર, વિશાલ, સરલ, નૈસર્ગિક અને સ્વયંભૂ છે. અનુસૃત, અનુપઠિત, અનુધ્યાત, આદૃત અને અનુમોદિત એવો ધર્મ દેવદ્રોહી અને વિશ્વદ્રોહીને ય પાવન કરે છે.

વિશ્વ ઉપાસક જનમાંથી અહંકાર, અસૂયા, સ્પર્ધા, અહંતા, મમતા આદિ દુર્ગુણો આપમેળે વિદાય લે છે અને
મૈત્રી, દયા, મુદિતા, કારુણ્ય આદિ
સદ્ગુણો હૃદયમાં આવી વસે છે.

ઇતર મતની નિન્દા વડે ધર્મ વિધિરૂપથી ચ્યુત થઈ નિષેધરૂપે પરિવર્તિત થાય છે. સર્વ સુલભ વિશ્વધર્મ અનાદિ - અનંત ધર્મ ભાગવતધર્મ કથનને પાત્ર છે.

## ભાગવત ધર્મનું સ્વરૂપ

(૧) દયા - બીજાને દુઃખ ન આપવું અને સુખ આપવું તે.

(૨) મૈત્રી - સ્નેહભાવ આપવો તે.

(૩) સર્વત્ર આત્મદર્શન કરવું તે.

સ્થાવર - જંગમોમાં પોતાના ઉપાસ્ય ભગવાનનું દર્શન.

(૪) ભગવત્કૈંકર્ય બુદ્ધિ.

(૫) સર્વ સમર્પણ.

(૬) સુહૃદ ભાવ.

(૭) નિત્યગતિ, નિત્યતુષ્ટિ, નિત્યનિવૃત્તિ અથવા આનંદમગ્નતા અને નિત્યસ્મરણ.

(૮) ભગવાનની ભક્તપરવશતા.

(૯) ઇશ્વરોપાસના.

(૧૦) વિવેક - પ્રાણીમાત્રમાં ભગવાનને જોવા (સજ્જનતા).

(૧૧) સર્વાધિકાર - ભક્તિમાં સર્વ અધિકારી.

(૧૨) ભક્તિ વડે સદ્‌ગુણોની પ્રાપ્તિ (પ્રાણીમાત્રમાં સર્વ ભૂતાન્તરાત્માને જોવો).

(૧૩) ભગવદ્‌ના ભક્તોની સેવા.

(૧૪) આત્મસંતોષ.

(૧૫) ભગવદ્‌ના ગુણામૃતપાનમાં અસંતોષ.

(૧૬) ભગવદ્ ગુણાનુભવ.

(૧૭) નિરોધ અને યોગક્ષેમના વિષયમાં ચિન્તારહિતતા.

(૧૮) પ્રિય અને હિતવચન.

(૧૯) પ્રાણીમાત્રમાં આત્મવત્ દર્શન.

પ્રાણીમાત્રના સુખ તથા દુઃખને પોતાના સમાન ગણવા.

(૨૦) સત્ત્વશુદ્ધિ - પ્રાણાયામાદિ વડે મનને પવિત્ર બનાવવું.

(૨૧) શમ અર્થાત્ બાહ્યાન્તર ઇંદ્રિયોનો સંયમ.

(૨૨) ફલાસક્તિરહિત સ્વધર્માચરણ.

(૨૩) પ્રાણીઓમાં ભગવદ્ભાવ.

(૨૪) પ્રતિમાદર્શન-વંદન-પૂજન-સ્પર્શન-સ્તવન ઇત્યાદિ.

(૨૫) મૈત્રી અને પ્રમોદ વડે દીનાનુકંપા.

(૨૬) ભગવત્ ધર્મજિજ્ઞાસા અર્થાત્
ભગવદ્‌ની પ્રીતિ માટે જ સ્વધર્મજિજ્ઞાસા.

(૨૭) આધ્યાત્મિકતાનું શ્રવણ અને
આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું પુનઃ પુનઃ શ્રવણ.

(૨૮) આત્મનિવેદન અર્થાત્
દેહ અને તત્ સંબંધી પદાર્થોમાં ભગવદીયત્વ સ્થાપન.

(૨૯) અમાનિતા રાખવી.

(૩૦) અદંભિતા જાળવવી.

(૩૧) એવો નિશ્ચય કરવો કે:
પોતાના આત્માની સ્થિતિ ભગવાનના આધાર ઉપર છે.
(૩૨) સર્વત્ર દુઃખના અનુસંધાનથી આત્મજિજ્ઞાસા.
(૩૩) સર્વત્ર ભગવદ્ભાવના પ્રભાવે નિર્વૈરતા.
(૩૪) બ્રહ્મચર્ય - મૌન - વિવેકજ્ઞાન.
(૩૫) દેહમાં અહંતા, ગેહમાં મમતા અને
હૃદયમાં અહંકાર ન રાખવો તે.
(૩૬) અષ્ટાંગ મૈથુનનો ત્યાગ.
(૩૭) સ્વાધ્યાય.
(૩૮) શવાસન જય - સ્થૈર્ય.
(૩૯) પ્રાણાયામથી પ્રાણ જય.
(૪૦) ષટ્ચક્રમાં પ્રાણધારણા.
(૪૧) આત્મસમાધાન - મનને ભગવાનમાં એકાગ્ર કરવું તે.
(૪૨) વિવિક્ત ક્ષેત્ર - દેશનું સેવન.
(૪૩) પરિમિત અને પવિત્ર અન્નનું સેવન.
(૪૪) સ્વધર્માચરણ.
(૪૫) વિધર્મ નિવર્તન. (૪૬) પ્રકૃતિ પુરુષ જ્ઞાન.
(૪૭) આત્મજિજ્ઞાસા. (૪૮) સત્વસ્તુમાં શ્રદ્ધા.
(૪૯) વ્રત ધારણા. (૫૦) ભગવદ્ ધ્યાન.

## ભાગવત ધર્મની મહત્તા

(૧) વ્યાપક ધર્મ (૫) મૂળ ધર્મ
(૨) સાર્વભૌમ ધર્મ (૬) અમોઘ ધર્મ
(૩) સાર્વજનીન ધર્મ (૭) આદિ ધર્મ
(૪) ભાગવતકૈંકર્ય બુદ્ધિ (૮) સર્વ સમર્પણ બુદ્ધિ.

'મન - વચન અને કાયાનો વ્યાપાર એ ભગવાનના જ આરાધન માટે છે' એવો વિચાર તે ભાગવત ધર્મ છે. 'મંત્રજપ, વ્રતપાલન, દેહ-પ્રાણ-ઈંદ્રિય-અંતઃકરણાદિ સર્વ ભગવાનની આરાધના કરવાના ઉપકરણ છે' એવી બુદ્ધિ તે સર્વ સમર્પણ બુદ્ધિ છે. આવા ધર્મની શ્રદ્ધા એ સકલ સૌભાગ્યની જનની છે, અશ્રદ્ધા સકલ દૌર્ભાગ્યની જનેતા છે. શ્રદ્ધા દેવી છે, ચરાચર વ્યાપ્ત શક્તિ છે.
પરમાત્મા, પરલોક આદિનું ગ્રહણ શ્રદ્ધાથી છે.

## સંતોની સેવાનું ફળ

(૧) મંગલની વૃદ્ધિ (૩) યશ-કીર્તિની વૃદ્ધિ
(૨) પાપનો નાશ (૪) ભગવદ્ દર્શન

વિષયીના સંગની ઔષધિ એટલે સંતોની સંગતિ છે.

'સાધૂનાં દર્શનં પુણ્યં, તીર્થભૂતા હિ સાધવઃ ।
તીર્થં ફલતિ કાલેન, સદ્યઃ સાધુસમાગમઃ ॥'

(પરિશિષ્ટ-૮)

## સંતોનાં ૨૨ લક્ષણો

(૧) કૃપા : પરદુઃખ અસહન.

(૨) અદ્રોહ : અપકારની ભાવનાનો ત્યાગ.

(૩) તિતિક્ષા : પરાપરાધ સહિષ્ણુતા.

(૪) સત્યસારતા : સત્ય વ્યવહાર.

(૫) અનવદ્યતા : અસૂયાદિકું ન રહેવું. (૬) સર્વોપકારિતા.

(૭) સમતા : શત્રુ તથા મિત્ર આદિમાં સમભાવ.

(૮) ભગવત્ શરણતા : કેવળ ભગવાનનો જ આશ્રય.

(૯) ધૃતિ : આપત્તિમાં અદીનતા.

(૧૦) જિતષડ્ગુણતા : ક્ષુધા-તૃષા, શોક-મોહ, જરા-મૃત્યુમાં જીત.

(૧૧) અમાનિતા : સત્કારની અનિચ્છા.

(૧૨) માનદત્વ : બીજાનો સત્કાર.

(૧૩) દમ : ઇન્દ્રિયજય. (૧૪) શમ : મનની વશવર્તિતા.

(૧૫) સ્થિરતા : ભક્તિમાં નિશ્ચલતા.

(૧૬) મુનિતા : ભગવત્સ્વરૂપ મનન.

(૧૭) કથા શ્રોતૃત્વ. (૧૮) કથા વક્તૃત્વ.

(૧૯) સામાન્ય શાસ્ત્રનું જ્ઞાન. (૨૦) વિશેષ શાસ્ત્રનું જ્ઞાન.

(૨૧) સામાન્યથી વિહિત પણ વિશેષથી નિષિદ્ધનો ત્યાગ.

(૨૨) સામાન્યથી નિષિદ્ધ પણ વિશેષથી વિહિતનો અંગીકાર.

શ્રી

## ગુરુની ઉપાસનાનું મહત્વ

(૧) મહાપુરુષોના ગુણોનું કીર્તન એ
દીર્ઘકાળ સુધી પ્રાપ્ત કરેલા લાભનું ફળ છે.
(૨) જે ઘેર સંત પુરુષોનું આવાગમન નહિ,
તે ઘર સર્વ સંપત્તિથી ભરેલું હોય,
તો પણ તે સર્પોનું નિવાસસ્થાન છે અર્થાત્
સર્પોને વસવાના વૃક્ષતુલ્ય છે.
(૩) સાધુ પુરુષોમાં રહેવાવાળી દિવ્યતા
તેમના પાદતલમાં નિવાસ કરે છે.
તેઓનું આચરણ ઉપરાંત તેમની દૃષ્ટિ,
સંભાષણ અને સ્મરણ પણ પવિત્રતમ છે.
(૪) અગ્નિની જ્વાળામાં વસવું ઠીક છે,
પરન્તુ ભગવત્ - ચિન્તનથી વિમુખ થઈને
જનસમૂહમાં વસવું ઉચિત નહિ જ.
અગ્નિથી માત્ર દેહનાશ થાય પણ જનથી તો આત્મનાશ છે.
(૫) સંતસેવાથી પાપનાશ થાય છે તથા
પાપનાશથી આત્મદર્શન મળે છે.
સંતસેવાથી મંગલવૃદ્ધિ, મંગલવૃદ્ધિથી યશવૃદ્ધિ થાય છે.
(૬) ભગવદુપાસનાનું અંગ ગુરૂપાસના છે.

શ્રીँ

## ગુરુનાં લક્ષણો

(૧) શ્રોત્રિય (૨) બ્રહ્મનિષ્ઠ
(૩) બહુશ્રુત અને ગીતાર્થ (૪) સમભાવી
(૫) નિત્ય નૈમિત્તિક કૃત્યકારી (૬) ભગવદ્‌ભક્ત
(૭) શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મમાં નિષ્ણાંત - બ્રહ્મનિષ્ઠ.
આત્માનું દૃઢ અપરોક્ષ જ્ઞાન જેમાં હોય, તે ખરા ગુરુ.

## શિષ્યનાં લક્ષણો

(૧) સંસારથી ખેદ અને પાપોથી ડર. (૨) ઈહલોક તથા પરલોકના ભોગથી વિરક્ત. (૩) આસ્તિક, ધર્મશીલ, સુશીલ, શુચિ, સદાચારી, ગંભીર, ચતુર, ધીર.

નિર્ધન ધન ગ્રહણ કરે, તેમ શિષ્ય ગુરુઉપદેશને ગ્રહણ કરે.

ગુ = અંધકાર, રુ = નાશક.

ગુરુને પરમ બ્રહ્મ, પરમ ધન, પરમ વિદ્યા, પરમ શરણ, પરમ ફળ માને. ગુરુને પૂજ્ય, વંદનીય, કીર્તનીય સમજે. 'ગુરુ જ ઉપેય અને ઉપાય છે' એમ અંગીકાર કરે. પોતાના પ્રાણ, ધન, જ્ઞાન, વસ્ત્ર, કર્મ કે દેહ ગુરુ માટે જ ધારણ કરે, એ શિષ્ય. ગુરુથી પ્રચ્યુત શિષ્ય ઉપર ભગવાન ગુસ્સે રહે છે. જેમ જળથી અલગ પડેલા કમળને સૂર્ય સુકવી નાંખે છે, તેમ ગુરુથી અલગ શિષ્યનું સમજવું.

ગુરુ અજ્ઞાનનાશક છે. જેનાથી સામાન્ય-વિશેષ ધર્મની
પ્રાપ્તિ પોતાને થાય છે, તેવા ગુરુનો દ્રોહ તે ધર્મનો દ્રોહ છે.

ગુરુનું નિરંતર હિત જે શિષ્ય ચાહે,
તે તો સંસારથી અવશ્ય છૂટી જાય છે.

જન્મ-મરણ રૂપ સંસારસમુદ્રથી તરવા માટે
મનુષ્યજન્મ એ નૌકારૂપ છે, ગુરુ કર્ણધાર છે.

બુદ્ધિ સૌરશક્તિ છે, શ્રદ્ધા ચાન્દ્રીશક્તિ છે.
બુદ્ધિનો પ્રકાશ જ્ઞાનેન્દ્રિયો દ્વારા થાય છે,
શ્રદ્ધાનો પ્રકાશ મન દ્વારા થાય છે.
શ્રદ્ધાનું કાર્ય સૂક્ષ્મ તત્ત્વોને પકડવાનું છે, જ્યારે
બુદ્ધિનું કાર્ય સ્થૂલને પકડવાનું છે.

વિષયોમાં રાગરાહિત્યતા એ સાધકનું આભ્યંતર ચિન્હ છે.

આરાધનના ત્રણ સાધનો

(૧) રાગાદિરહિત હૃદય.
(૨) અનૃતાદિ દોષરહિત વાણી.
(૩) હિંસાદિ પાપરહિત શરીર.

ઇંદ્રિયનિગ્રહ, સર્વભૂતદયા, ક્ષમા, જ્ઞાન, તપ,
અહિંસા, ધ્યાન અને સત્યરૂપી અષ્ટપુષ્પથી તથા ઉપરના
ત્રણ સાધનોથી પૂજા કરનાર પૂજક અત્યંત દુર્લભ છે.

## ભક્તિના નવ અંગ

(૧) શ્રવણ = જપ (૫) સ્મરણ = નામસ્મરણ
(૨) કીર્તન = ધ્યાન (૬) વંદન = ભગવત્કૈંકર્ય
(૩) અર્ચન = તન્મયતા (૭) દાસ્ય = શરણાગતિ
(૪) સખ્ય = મૈત્રી (૮) આત્મનિવેદન = પ્રાયશ્ચિત
(૯) પાદસેવન = પ્રતિમામાં ભગવદ્ભાવ.

ભક્ત ક્ષણ પણ પરમાત્મચિન્તન ન થાય, તો મહાહાનિ માને, ચોરીથી મુષિત ધનવાનની જેમ પીડા પામે. સર્વ પ્રાયશ્ચિતોમાં ભગવદનુસ્મરણ રૂપી પ્રાયશ્ચિત્ત ઉત્કૃષ્ટ છે. ભગવાનના સ્મરણમાત્રથી યજ્ઞના કર્તવ્યકર્મમાં સર્વ પ્રકારની ન્યૂનતા દૂર થઈ જાય, એ શ્રુતિનો સિદ્ધાંત છે.

સર્વ કાર્યોમાં ભગવત્સ્મરણ એ જ પરમ ધર્મ છે, તે પરમ ધર્મકૃત્યનું કારણ અને પરમ મંગલરૂપ છે. પૂર્વથી લખેલું અથવા આપેલું દાન, જેમ ઊખરભૂમિમાં બીજ વપનની જેમ નિષ્ફળ છે. સ્ત્રી - પુત્રાદિ સર્વ પ્રાપ્ત પદાર્થ ભગવાનની વિભૂતિરૂપ છે, એમ જાણો. જે કેવળ શાસ્ત્રોમાં જ લાગ્યા રહે છે પણ વસ્તુ (પરમાત્મા)ની ઉપાસના ન કરે, તેની મુક્તિ અસંભવ છે. સેવકની ઇચ્છા સ્વામીની આજ્ઞા પ્રમાણે રહેવું છે,

તેથી ભગવાનની પાસે જ્ઞાન અને ભક્તિ સિવાય
અન્ય વસ્તુની ઇચ્છા કે યાચના પોતાનો નાશ કરે છે.

ક્ષમા માંગવાથી જ અપરાધ માત્રની
ઉત્તમોત્તમ શાંતિ થાય છે, અન્ય પ્રકારે નહિ.

## પાપ - કુદરતનું સંક્રમણ

(૧) એક શય્યા ઉપર સુવાથી
(૨) એક આસન ઉપર બેસવાથી
(૩) એક જ પાત્રમાં ખાવાથી
(૪) એક પંક્તિમાં ચાલવાથી
(૫) યાજન, અધ્યાપન, યૌનસંબંધ અને સહભોજનથી.
(૬) પ્રાકૃતજનની સ્તુતિ એ નિંદા છે અને નિંદા એ સ્તુતિ છે, કેમકે પ્રાકૃતજન અર્થ - કામપરાયણ છે, જ્યારે ભક્તજન ભગવત્પરાયણ છે.

કહ્યું છે કે:

अद्य प्रभृति हे लोका, कूरम् कूरम् वरम् वरम् ।
अर्थ-कामपरा कूरम्, नारायणपरा वरम् ॥१॥
नास्ति संगतिरस्माकम् कुष्णाकं च परस्परम् ।
वरं च किंकरा विष्णोः कूरमिन्द्रियकिंकरा ॥२॥

(પરિશિષ્ટ-૯)

શ્રી

અર્બુદાચલ, દેઉલવાડા, સં. ૨૦૬૭, જેઠ સુદી ૩, શનિ

અનંત અપરાધી અને અલ્પતાની પહોંચ વટેલા મુક્તિ મેળવે છે અને અલ્પ અપરાધી અને મહાનતાની પહોંચ અનંતકાળ રખડે છે,
તેમાં કારણ ભક્તિ - અભક્તિ સિવાય બીજું શું છે?
ભક્તિ આત્મસમર્પણસ્વરૂપ છે, તેથી અહં ગળી જાય છે.

સર્વ પાપનું મૂળ અહંકાર છે,
સર્વ ધર્મનું મૂળ દયા યાને દુઃખિત દુઃખ પ્રહાણેચ્છા છે.
તે જેઓમાં ટોચે પહોંચી છે, તેઓને નમસ્કાર છે, કેમકે એ ઇચ્છા વડે જ જગતમાં અસદ્વસ્તુઓનો અભાવ અને સર્વ સદ્વસ્તુઓનો સદ્ભાવ જણાય છે.
મહાપુરુષોની કરુણા, દયા અને વિશ્વ પ્રત્યે આત્મીયતાની લાગણી જ અશુભનો હ્રાસ અને શુભની વૃદ્ધિ કરી રહેલ છે, તેથી તેમની કરુણાને સમર્પિત થવું એ કર્તવ્ય છે. એનું જ નામ 'ભક્તિ' છે. એ ભક્તિમાં અહંકારને લેશ માત્ર સ્થાન રહેતું નથી, તેથી તે પરમ વિરાગ સ્વરૂપ છે.

તપ, જપ, શ્રુત અને ક્રિયાનો અહંકાર -
એ લૌકિક અહંકારના નિવારણ માટે ઉપયોગી છે,
પરન્તુ લોકોત્તર માર્ગમાં પ્રગતિ કરવામાં બાધક છે.

ભક્તિ જ તપ, જપ અને ક્રિયાનાં
અહંકારનો મૂળ નાશ કરે છે,
તેથી સર્વ સદ્ગુણોની પ્રકટતા ભક્તિમાં જ થાય છે.
ભક્તિ વિના ચિત્તની શાંતિ પ્રાપ્ત થવી અશક્ય છે,
કેમકે અશાંતિનું કારણ અહંકારમાં છે.
તપ, જપ, શ્રુત અને ક્રિયા કરવાની બુદ્ધિમત્તા
કરુણાભાવથી થાય છે,
તેને સતત સ્મૃતિપથમાં રાખવાથી
અહંકારનું ઉત્થાન જ થતું નથી,
કિન્તુ 'અનુત્થાન હત' જેવું થાય છે.
સંત પુરુષોની કરુણા વિશ્વ ઉપર સદા વરસતી રહે છે.
તે કરુણા જીવોના ઉત્થાનમાં સહાય કરે છે,
ઋણ માન્યા વિના ભક્તિ જાગતી જ નથી અને
ભક્તિ વિના અહંકાર મટતો નથી.
આ સમગ્ર વિશ્વ ઉપર
પ્રભુત્વ પ્રભુની કરુણાનું જ છે.
ભગવાનની તે કરુણા
વિધ-વિધ સ્વરૂપે પોતાનું કાર્ય સતત કર્યા કરે છે.
'ભક્તને આધીન ભગવાન છે' તેનો અર્થ એટલો જ છે કે:

પ્રભુની કરૂણાને હૃદયથી માન આપનાર
ભક્તનું કલ્યાણ થયાં વિલંબ રહેતું નથી.
'ભક્તિ એ મુક્તિની દૂતી છે'
એ વાક્યનો અર્થ એ છે કે:
ભક્તિ વિના અહંકાર દોષમાંથી કોઈ મુક્ત થતું નથી.
જેને જેને અહંકાર જાય,
તેને અન્ય દોષમાંથી મુક્ત થવું દુષ્કર નથી.
દોષો બે પ્રકારનાં છે:
એક અહંકારરૂપ અને બીજા મમકારરૂપ.
મમકારરૂપ દોષ વિષયોના દોષદર્શનથી દૂર થાય નહીં,
અહંકારરૂપ દોષ પોતાના જ દોષદર્શનથી દૂર થાય છે.
પોતાનામાં રહેલા મોટામાં મોટા બે દોષ એટલે
કૃતઘ્નતા અને સ્વાર્થપરતા છે.
તે બંને દોષોનું નિવારણ
એક ભક્તિ કરવા માત્રથી જ થઈ જાય છે,
કેમકે ભક્તિ એ
કૃતજ્ઞતા અને પરાર્થતારૂપ છે.
ઉપકારને જાણવાથી કૃતજ્ઞતા અને
ઉપકારને કરવાથી પરાર્થતા આવે છે.

શ્રી

ભગવદ્ ભક્તિ એ પરમ વૈરાગ્ય સ્વરૂપ - વિરક્તિરૂપ
એટલા માટે છે કે તે 'અહં' પ્રત્યેના રાગની વિરોધી છે.
વિષયવૈરાગ્ય અપર અને ગુણવૈરાગ્ય પરવૈરાગ્ય છે.
વિષયના વૈરાગ્યમાં અહંનો નાશ નહિ, જ્યારે
ગુણના વૈરાગ્યમાં અહંનો નાશ છે.
ગુણવૈરાગ્ય એ ભગવદ્‌ની જ ભક્તિ છે.
પ્રભુ મૃન્મય નહિ પણ ચિન્મય છે.
પ્રભુ દ્રવ્યલોટ લેનાર નહિ, પરન્તુ ભાવલોટ લે છે.
પ્રભુ તાલ - કંસાલથી નહિ, પણ - ઝાલરથી રીઝે છે.
પ્રભુ મલિન નહિ પણ નિર્મળ છે.
પ્રભુ અસ્થિર નહિ પણ સ્થિર છે.
જેમ સર્પ કરડે, તેને લીમડો કડવો લાગતો નહિ,
તેમ વિષયો જેને કડવા ન લાગે,
તેને મોહ રૂપી વિષધર કરડ્યો છે અને
તેનું ઝેર ચઢ્યું છે, એમ સમજવું જોઈએ.
સાધુઓને એ ઝેર ચઢ્યું નહિ,
તેથી નિમનો સ્વાદ કડુ કહ્યો છે.

*Ideas are real,*
*therefore they are not idle.*

श्रीँ

'चिन्तामणि मन्त्रराजकल्पः'मां कह्युं छे केः

नादबिन्दु कलाभ्यासात्
द्योतिरुत्पद्यते पुनः ।
तत्प्राप्तौ च मनुष्याणां
जायेत परमं पदम् ॥ (परिशिष्ट-१०)

तद् ध्यानावेशातः -

यथा मदजलधौतगण्डस्थलो
मदपारवश्याद् अगणित स्वपरविभागो
गजः समूलवृक्षाद्युन्मूलने लम्पटो भवति
एवमयमपि परमाक्षरमहामन्त्रो ध्यानावेशा-
द्विवशीकृतो विघ्नोन्मूलने प्रभविष्णुर्भवति ।

- श्री सिद्धहेमशब्दानुशासनं । (परिशिष्ट-११)

'भगवद्गीता'मां कह्युं छे केः

'तत्र को शोकः को मोहः एकत्वमनुपश्यतः ।'

श्री महानिशीथ सूत्रमां कह्युं छे केः

इक्कारस्सपयपरिच्छिन्नं चूलं । (परिशिष्ट-१२)

०

'जहत्थ किरियाणुवाय सब्भूयगुणकित्तणे
जाहिच्छियय फलापसाहगो चेव परम कुइवाए ।' सहेति:

શ્રી

'યથાર્થ ક્રિયાનુવાદ' એટલે શ્રી તીર્થંકર ભગવંતોની ક્રિયા (ચારિત્રજીવન)નું યથાર્થ વર્ણન અથવા યથાર્થ ક્રિયાનુપાત. નમસ્કારની યથાર્થ ક્રિયાને અનુરૂપ હોઈને નમસ્કારરૂપ હોવાથી જેમાં નમસ્કારની ક્રિયા યથાર્થ અને અનુરૂપ છે.

गोयमा ! पढमं नाणं तओ दया ।
दयाए य सव्वजगज्जीव - पाण - भूयसत्ताणं
अत्तसमदरिसित्तं, तओ तेसिं चेव....
दुक्खुप्पायणाज्झविवज्जणं, तओ अणासवो....

દયા કરતાં પહેલું પ્રથમ જ્ઞાન. શાનું જ્ઞાન ? મૈત્રીનું.
કેવી મૈત્રી ? વિધેયાત્મક. એવી મૈત્રી,
જે બધા જીવોને આત્મસમ જુએ, સૌનું હિત ચિંતવે.

વિધેયાત્મક મૈત્રી = આત્મસમદર્શિત્વ સ્વની હિતકામના અને જીવોમાં રહેલ જ્ઞાનાદિ શુદ્ધ અંશો પ્રત્યે પ્રમોદ.

નિષેધાત્મક મૈત્રી = સર્વ જીવોને અદુઃખ અને અભય આપવારૂપ જીવમાં રહેલ કર્મજન્યતાદિ અશુદ્ધ અંશો પ્રત્યે કરુણા.

ઉભય પ્રકારક મૈત્રી એ ધર્મનાં અનાસ્રવાદિ પગથિયાઓમાં સૌથી પ્રથમ પગથિયું અર્થાત્ ધર્મ રૂપી મહેલ કે પ્રાસાદનો પાયો છે.

દિગ્વિજય પ્લોટ, જામનગર, આસો વદી ૧૧, બુધવાર

'નમો' એ પ્રેમનું પ્રતીક છે.

પંચ પરમેષ્ઠિઓને આખા જગત ઉપર અખંડ પ્રેમ છે, કરુણા છે, વાત્સલ્ય છે, નિઃસ્વાર્થ સ્નેહ છે અને નિષ્કારણ પ્રીતિ છે. તેમની તે પ્રીતિ અકારણ હોવાથી પ્રકૃષ્ટ શુભ છે, ઉત્કૃષ્ટ બળવતી છે, સર્વ અશુભનો નાશ કરવા સમર્થ છે. અશુભની સામે શુભનું બળ ઘણું છે. વિશ્વમાં અશુભ ઘણું છે, પરન્તુ શુભ પણ ઘણું છે. પરમેષ્ઠિઓનો શુભ ભાવ એટલો બધો પ્રબળ છે કે તેની સામે અનંતાનંત જીવોનું અશુભ એકઠું થાય તો પણ પ્રચંડ દાવાનળની આગળ ઘાસના તૃણતુલ્ય છે. પરમેષ્ઠિઓના શુભમાં આપણું પણ શુભ મેળવીએ તો અશુભથી ડરવાનું કોઈ કારણ નથી. એ રીતે પરમેષ્ઠિઓ અભયને આપનારા છે. માત્ર એમના શુભ પ્રત્યે આ અકારણ સ્નેહ પ્રત્યે આપણી નજર દોડાવવી જોઈએ.

તેમના અત્યંત શુભમાં આપણું અત્યલ્પ પણ
શુભ ભેળવી લેવું જોઈએ.
એનું જ નામ 'નમો અરિહંતાણં',
'નમો સિદ્ધાણં' ઇત્યાદિ છે.

સામ એટલે મધુર પરિણામ (મૈત્રી),
પારિણામિક ભાવ પ્રત્યે મૈત્રી.

સમ એટલે તુલ્ય પરિણામ (માધ્યસ્થ્ય - કારુણ્ય)
ઔદયિક ભાવ પ્રત્યે કારુણ્ય (માધ્યસ્થ્ય).

સમ્મ એટલે ખીર - ખાંડ પરિણામ (પ્રમોદ)
ક્ષાયોપશમિક ભાવ પ્રત્યે પ્રમોદ.

૯ પ્રકારે ક્ષાયિકભાવ

સમ્યક્ત્વ - ચારિત્ર - જ્ઞાન - દર્શન - દાન -
લાભ - ભોગ - ઉપભોગ - વીર્ય.

૧૮ પ્રકારે ક્ષાયોપશમિકભાવ

૪ જ્ઞાન, ૩ દર્શન, ૩ અજ્ઞાન,
૫ લબ્ધિ, ૩ સમ્યક્ત્વ - દેશવિરતિ - સર્વવિરતિ.

૨૧ પ્રકારે ઔદયિકભાવ

ગતિ-૪, કષાય-૪, લિંગ-૩, મિથ્યાદર્શન-૧, અજ્ઞાન-૧,
અસંયમ અથવા અવિરતિ-૧, અસિદ્ધત્વ-૧, લેશ્યા-૬.

'गति कषायलिंग मिथ्यादर्शन
अज्ञान - असंयत - असिद्धत्व
लेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैकषड्भेदाः ।'

'जीवभव्याभव्यत्वादीनि च ।' 'सम्यक्त्व चारित्रे ।'

શ્રી

'ज्ञान दर्शन दान लाभ भोगोपभोग वीर्याणि च ।'

'ज्ञानाज्ञान दर्शनदानादि लब्धयश्चतु
स्त्रित्रिपञ्चभेदाः सम्यक्त्व
चारित्र संयमासंयमाश्च ।'

'औपशमिक क्षायिकौ भावौ मिश्रश्च
जीवस्य स्वतत्त्वमौदयिक पारिणामिकौ च ।'

'उपयोगो लक्षणम् ।' - तत्त्वार्थाधिगमसूत्रम् अध्याय-२

શમ = શાંતિ, નમ્રતા, અહિંસા.

'परदुःखाकरणपरिणामो भावशमः ।'

અન્યને દુઃખ નહિ ઉપજાવવાનો આત્મપરિણામ તે શમ.

સમ = સમસ્થિતિ, વિષમતાનો અભાવ, સ્વરૂપલીનતા, સ્વરૂપમગ્નતા. અનાદિકાળથી આત્માની જે વિષમસ્થિતિ છે, તેને સમ કરવી. સમભાવ = સર્વ જીવોને આત્મસદૃશ માની, રાગ-દ્વેષરહિતપણે, મધ્યસ્થભાવે, વીતરાગતા અથવા તટસ્થતા સાથે સર્વ જીવો સંગે સમાન રીતે વર્તવું. આસક્તિ-ઉદાસીનતાનાં કારણો પદાર્થોમાં કરેલી મનોજ્ઞ-અમનોજ્ઞ, ઇષ્ટાનિષ્ટ - પ્રિયાપ્રિયત્વની કલ્પના દૂર કરવી.

સમ્મ = દર્શન, જ્ઞાન, ચારિત્રનો સમન્વય.

શ્રદ્ધા તથા જ્ઞાનપૂર્વક ચારિત્રની સુધારણા.

## શું - શેના જેવું?

દેહ - કારાગૃહવત્, પિંજરગૃહવત્, અશુચિસ્થાનવત્ છે.
વિષયો - ઇંદ્રજાળવત્, સંયોગો - સ્વપ્નવત્,
સંસાર - નાટકવત્ અને ધર્મ - રત્નત્રયી સ્વરૂપ છે.

## કર્મ બાંધવાના પાંચ કારણો

મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ તથા યોગ.

| | |
|---|---|
| ચોરખાનું - પ્રમાદ | દલાલખાનું - મિથ્યાત્વ |
| કતલખાનું - યોગ | કુટણખાનું - અવિરતિ |
| જુગારખાનું - વિષય | શિકારખાનું - કષાય. |

શુભાશ્રવ, સંવર તથા નિર્જરા એ
લોકસ્વરૂપ, બોધિદુર્લભ તથા ધર્મદુર્લભ છે.
અનાશ્રવાદિ પગથિયાં એ તજ્જન્ય માધ્યસ્થ્યની સિદ્ધિ છે.

०

अत्र श्रावकत्वे जिनो रागादिदोषजेता
देवः पूज्यो न तु रागादिमान् ।
कृपा दुःखितदुःखप्रहाणेच्छा धर्मोऽनुष्ठेयरूपो
न तु हिंसात्मको यागादिः ।
साधवः पञ्चमहाव्रतरताः गुरवो धर्मोपदेष्टारो
न तु परिग्रहारम्भसक्ताः ।

स्त्रीशरीरस्याशुचित्वमसारत्वं संकल्पयोन्युप-
करणत्वं च विचिन्तयेदिति ।
मन्मथस्य स्त्रीशरीराशौच भावना प्रतिक्रिया ।
मोक्षे कर्मवियोगलक्षणे, भवे कर्मसंबंधलक्षणे ।
एते च मनोरथाः क्रमेणोत्तरोत्तर प्रकर्षवन्तः,
तथा हि प्रथमे श्लोके जिनधर्मानुराग मनोरथः ।
द्वितीये तु यतिधर्मपरिग्रह मनोरथः ।
तृतीये तु यतिचर्या-काष्ठाधिरोहण मनोरथः ।
चतुर्थे तु कायोत्सर्गादि मनोरथः ।
पञ्चमे तु गिरिगुहाद्युपस्थितमुनिचर्या मनोरथः ।
षष्ठे तु परमसामायिकपरिपाक मनोरथः ।
धर्मं संवरनिर्जरारूपं यति श्रावक संबंधिभेदभिन्नं
वा उपदिशन्ति इति धर्मोपदेशकाः ।

(परिशिष्ट-१३)

यद्यपि रुचिर्जिनोक्त तत्त्वेषु इति यति श्रावकाणां
साधारणं लक्षणं सम्यक्त्वस्योक्तं, तथापि गृहस्थानां
देव गुरु धर्मेषु प्रत्यात्मोपास्यत्वानुष्ठेयत्व
लक्षणोपयोग वशाद्देव गुरु धर्म तत्त्वप्रतिपत्ति
लक्षणे सम्यक्त्वं पुनरभिहितम् ।

ननु तत्त्वार्थरुचिलक्षणे सम्यक्त्वे देवगुरुधर्माणां
क्व तत्त्वेऽन्तर्भावः ? उच्यते, देवा गुरवश्च जीवतत्त्वे ।
धर्मः शुभास्रवे संवरे चान्तर्भवतीति । (परिशिष्ट-१४)

दुष्कृतगर्हा - सुकृतानुमोदनापूर्वकमर्हन्नेव
देवो भवभयार्तिभेदी शरणमिष्टताद् । (परिशिष्ट-१५)

o અહંને ઓગાળવા માટે સ્વાર્થ ઓછો કરવો
અને સ્વાર્થને ઓછો કરવાનો
સરળ, સહજ તથા positive માર્ગ પરાર્થ કરવો છે.

The simple are conscious of God.

જે નિષ્કપટ છે, તેના હૃદયમાં દિવ્ય પ્રકાશ ઝળકે છે.
ઈશ્વર સંબંધ માત્ર જાણવાથી તેને જાણી શકાતો નથી,
હૃદયમાં ભક્તિનો ભાવ - પ્રેમનો અગ્નિ જગાડવો પડશે.
ઈશ્વર તત્ત્વ એ સર્વ પ્રત્યે પ્રેમ કરનારું તત્ત્વ છે.
સર્વ સાથેના પ્રેમથી જ એ તાદાત્મ્ય સાધી શકાય છે.
સર્વ જીવનું હિત જૈનશાસનમાં રહેલું છે, માટે
ત્રણે કાળ અને ત્રણે લોકમાં તે વિજયવંત છે.
વિશ્વહિતની External વ્યવસ્થા તે જૈનશાસન.
સર્વનું હિત જેના હૈયે રહે, તેનું શાસન.

મન ઉપર જે માત્રા - એક પરાર્થસ્પૃહાની અને
બાળ સ્વાર્થ/ઉપસર્જનની લાગણી, તે જૈન.
જેણે સ્વાર્થ ઉપર જીત મેળવી છે, તે જૈન.
પ્રાર્થના કે નમસ્કાર how to know માટે નહિ,
કિન્તુ How to love માટે છે.
પ્રકૃતિમાં પણ To know પછી To loveનો નિયમ નહિ,
પરન્તુ love and knowનો નિયમ છે.
'સમ્યક્ શ્રદ્ધા પછી સમ્યગ્ જ્ઞાન'
સૃષ્ટિ ઉત્પત્તિની પાછળ પ્રકૃતિના નિયમનું વિજ્ઞાન છે.
cosmos: યંત્ર = Expression, human body.
God: મંત્ર = Significance of the soul.
Cosmic Order: તંત્ર = Work of purification.
Order: તંત્ર.
સર્વના આત્માના શુદ્ધિકરણનું જે મહાકાર્ય
અવિરતપણે ચાલી રહ્યું છે, તે 'તંત્ર' કહેવાય છે.

For the absolute good of
all and everyone.

સર્વના કલ્યાણમાં જ આપણા સર્વ કલ્યાણ રહેલાં છે.

રુધિરાભિસરણ, આહારનું પચાવવું વગેરે
સ્થૂળ વ્યવસ્થા, તે External Order.
Cosmic Orderni Cosmic evolutionની
જેમ સૂક્ષ્મ પ્રક્રિયા ચાલી રહી છે, તેમ માનવદેહ દ્વારા
Sublimation of Selfની જે શક્યતા,
તે માટેની Process Technique, તેનું નામ ધર્મ.
તેથી ધર્મ એ તંત્ર છે.
જેમ વિશ્વમાં શુદ્ધિકરણનું કાર્ય ચાલે છે,
તેમ માનવદેહોમાં પણ સતતપણે
શુદ્ધિકરણનું કાર્ય ચાલી રહ્યું છે.
માનવદેહોમાં જેમ સ્થૂળ શુદ્ધિકરણનું કાર્ય
વિના પ્રયત્ને અને અદ્ભુત રીતે થાય છે,
તેમ જો આપણે પોતે પણ
વિશ્વના એ મહાકાર્યમાં
વિઘ્નો નાંખી રહ્યા છીએ, તેથી જો અટકીએ...
તો જ ધર્મ વડે સૂક્ષ્મ શુદ્ધિકરણનું
કાર્ય પણ અવશ્ય થાય.
ધર્મ વડે શું કરવાનું છે?
ધર્મ વડે માત્ર અધર્મથી અટકવાનું છે.

ન કરવા જોગ બે કૃત્યો = કૃતઘ્નતા તથા સ્વાર્થીપણા.

ન કરવા જોગ કરતાં અટકીએ તો બસ!

તીર્થંકરો બે મુખ્ય વસ્તુ કરે છે:

Cosmic order રૂપી તંત્રનું Declaration કરીને

તેને આપણે કઈ રીતે અનુસરી શકીએ, એ દર્શાવે છે.

જેમ જૈન વિશ્વની પ્રતિકૃતિ માનવદેહ છે અને

પરમાત્માની પ્રતિકૃતિ આત્મા છે, તેમ

Cosmic Orderની પ્રતિકૃતિ ધર્મ છે અને

જેમ ધર્મ પ્રત્યે અરૂચિ રાખવી, એ બહુ ગુન્હો છે.

શ્રી જિનેશ્વર ભગવંત પ્રત્યે

ભક્તિ ન હોવી, એ બહુ ગુન્હો છે.

ચારે બાજુ ૨૫ યોજન, ઉપર - નીચે ૧૨।। યોજન,

કુલ ૧૨૫ યોજન જે ધર્મ કરે, તેને દેવ સાથે આવે.

ભગવાને ક્યાં ઈંદ્રની માળા ગણી હતી?

ભગવાને તો પંચ મહાવ્રતની ઉપાસના કરી હતી.

જે આ પાંચ વ્રતોની ઉપાસના કરે, તેને સફળ વિદ્યા,

સકલ ઋદ્ધિ - સિદ્ધિ આપોઆપ આકર્ષાઈને આવે.

રક્ષાપોટલામાં એટલી તાકાત હોય છે કે ભૂત - પ્રેત

આવી શકતાં નથી. મનુષ્યનો સંકલ્પ રક્ષા કરે છે.

મનમાં કેટલી શક્તિ છે, તે વિચારજો.

ધર્મ ઉધાર નહિ, રોકડીયો છે. વાસ્તવિક આરાધના
કરે તો આલોક-પરલોકમાં ઉભયમાં સુખ મળે છે.
જૈન સાધુનું પેટ એ જ એનો પટારો! ગમે તેવો સારો
માલ હોય, તો ય બીજે દિવસે રાખવાની રીતી નહિ.
તેઓ વિચારે છે: જે પુદ્ગલના બળથી આજે મળ્યું છે,
તે પુદ્ગલના બળથી કાલે પણ મળવાનું જ છે.

સત્પુરુષોમાં ગુણો હોય, અભિમાન ન હોય.
તેઓ વિચારે છે: 'મારાથી બીજા ઘણા મહાપુરુષો છે,
તેઓની આગળ તો હું રજમાત્ર પણ નહિ!'

પ્રભુવચનને યાદ કરતાં ઉગ્ર તપ-વરતા જણાઈ આવે છે.
'શાંતિનાથ' નામ સાથે શાંતિ-ઉપદ્રવોનો નાશ જોડાયો છે.
અજીતનાથ = અજેયપણું. નેમનાથ = બ્રહ્મચર્યદ્યોતક છે.
ગીરનારમાં નિરપવાદ બ્રહ્મચર્યના દેવ પરમાણુઓ છે.
બીજા વ્રતોને કિલ્લાની જરૂર નહિ, આને નવ કિલ્લા છે.

## લૌકિક અને લોકોત્તર પર્વમાં શું ફેર?

લૌકિક પર્વો અને તીર્થોમાં લોભ - ભાગ્ય - ભય
અને આશ્ચર્ય હોય છે, લોકોત્તર ધર્મમાં તે નહિ.
પૃથ્વી, પાણી, અગ્નિ, આકાશ, ચંદ્ર, સૂર્યની પૂજા પાછળ
આશ્ચર્ય, ભય અથવા ભાગ્ય હોય છે.

દરેક પદાર્થને બે બાજુ હોય છે, તેમ
બે આંખો એટલા માટે છે કે બંને બાજુનું જોવું અને
બે કાન = બંને બાજુનું સાંભળવું, પછી નિર્ણય કરવો.
બે હાથ દાન દેવાને માટે છે તથા બે પગ તીર્થયાત્રા
કરવાને માટે છે, કેવળ લૌકિક ઉપયોગ માટે નહિ.

ભૂખમરાથી માણસો તેટલાં મરતાં નથી,
તેથી વિશેષ તો વધુ ખાવાથી મરે છે.

ભૂખ્યાં રહેવાથી નકામી ચીજો, ચરબી વગેરે ખવાય છે,
માટે ક્યારેય ભૂખ્યાં રહેવાથી મરાતું નથી.

રસો ઓછા ખવાય, તેમ ઇંદ્રિયની આસક્તિ તૂટે છે
તથા માનસિક દૃષ્ટિએ પણ ખૂબ જ લાભ થાય છે.
ખાવા-પીવા અને બોલવાના કારણે જગતના ઝઘડા છે.

*Speak less and think more.*

ઓછું બોલો અને વધુ ચિન્તન કરો.

રોગનું મોટામાં મોટું કારણ ચિત્તની અશાંતિ જ છે.
ચિત્તની વૃત્તિના ક્ષોભથી શરીર ઉપરનાં જ્ઞાનતંતુઓ
કામ આપતાં બંધ થાય છે, તેથી શરીરમાં રોગ થાય છે.

શ્વાસોચ્છ્વાસ છાતી સુધી જ પહોંચે છે, પરન્તુ
તે નાભિ સુધી પહોંચવો જોઈએ.

જેટલા અંશે ચિત્ત શાંત રહે,
તેટલા અંશે પ્રાણવાયુ અંદર જઈ કુંભક બને છે.
તેથી શરીરને ખૂબ આરામ અને શક્તિ મળે છે.
પંચ પરમેષ્ઠિને જો હૃદયની અંદર સ્થાપન કરી
જાપ કરવામાં આવે, તો રોગનો નાશ થાય છે.
ચિત્તની શક્તિ વ્યર્થ વેડફાઈ રહી છે.
મનની પ્રચંડ શક્તિથી નરક અને મોક્ષ મેળવી શકાય છે.
મનની શક્તિનો સંચય કરવામાં આવે અને આત્મા
જોડે સંયોગ કરવામાં આવે, તો મોક્ષ પ્રાપ્ત થાય છે.
આત્માની મોક્ષ અવસ્થા મનની સ્થિરતાથી થાય છે.
મનુષ્ય માને કે હું ભોગને ભોગવું છું, પરન્તુ
ખરી રીતે તો ભોગથી પોતે જ ભોગવાઈ રહ્યો છે.
ક્રોધથી જીવનમાં ક્લેશ પેદા થવાથી જીવન વ્યાકુળ બને,
કશા વાતનું ચેન પડતું નથી તથા અનેક રોગો થાય છે.
લખપતિ લખચિંતાપતિ અને ક્રોડપતિ ક્રોડચિંતાપતિ છે.
એરકંડીશન રૂમમાં પણ ઊંઘ આવતી નથી,
તેથી રોજ ફેમીલી ડોક્ટરની જરૂર પડે છે.
દૂધપાક કે પાણી પચાવવો સહેલો છે,
પરન્તુ વાત પચાવવી સહેલી નથી.

# અભ્યંતર ત્રિફળા એટલે રત્નત્રયી

આંબળા પિત્તને, બેડા કફને, હરડે વાયુને હણે છે.
વિધિપૂર્વક ત્રિફળાનું સેવન કરે અને
પથ્ય ભોજન લે, તો એના ત્રિદોષ નાશ પામે, તેમ
જ્ઞાન - દર્શન - ચારિત્ર એ અભ્યંતર ત્રિફળા છે.
તે ભાવત્રિદોષ રાગ-દ્વેષ તથા મોહનો નાશ કરે છે.
ચિત્તની વૃત્તિ આત્મા તરફ વાળો,
તો આત્માનું આરોગ્ય પ્રગટે.
ભોજન કરે છે આંખ ઉઘાડીને જુઓ પણ જ્ઞાની કહે છે
કે આંખ મીંચીને જુઓ તો દુઃખનું કારણ મળી આવશે.
શરીર એ જ રોગ છે, તેને વળી આરોગ્ય ?
શરીરનું આરોગ્ય આત્માને આધીન છે.
આત્માના રોગનો નાશ કરવાનો સરેલો ઉપાય એટલે
નીતિ - ન્યાય અને ઔચિત્યભર્યું જીવન છે.
નીતિના કણના લેખે છે, ધર્મ રૂપે એક છે.
મોક્ષ માટે દૃષ્ટાંત દૂધ અને પાણીનું છે.
વ્યવહાર સંસાર છે અને મોક્ષાર્થ મોક્ષ છે.
સાત કાન કરતાં જે કાન સાંભળે તો ભૂલાય ન નહીં.
જ્ઞાન એવી વસ્તુ છે કે અનંતી વાતો યાદ રાખી શકે.

એમ ગુણ સિદ્ધ થાય, ત્યારે તે ધર્મને ઉપકાર કરે.
પ્રભુ મહાવીરે સર્વ જીવો સાથે એવી મૈત્રી કરી હતી
કે તેઓની હાજરીમાં જાતિવૈરવાળા વૈર ભૂલી જ જતાં.
સત્યગુણને લીધે તીર્થંકરદેશના કદી ખાલી જતી નથી,
તીર્થંકરોના અચૌર્ય ગુણના કારણે પ્રાતિહાર્યો મળે છે,
બ્રહ્મચર્ય ગુણના કારણે રૂપ - બળ મળે છે અને
અપરિગ્રહના કારણે કેવળજ્ઞાન - કેવળદર્શન મળે છે.
મોક્ષ મેળવવો મુશ્કેલ નથી, માનવતા મેળવવી મુશ્કેલ છે.

મનુષ્યગતિનું મહત્વ પરોપકારપરાયણતામાં છે,
માત્ર લાભ કે માત્ર તપમાં નહિ.

દુર્જનતાને સહન કર્યા વિના કદી એ સજ્જનતા બહાર
આવતી નથી, આવે તો ટકતી નથી, પરિપક્વ થતી નથી.
દુર્જનતા એ રીતે સહન કરવાની, જ્યાં સુધી સજ્જનતા રહે.
સજ્જનતા ટકી શકે તેમ ન હોય, તો દુર્જનથી દૂર રહો.
જગતમાં કઠિન વસ્તુ સિદ્ધ કરવી તે માનવતા. માનવથી
મુક્તિ દૂર નથી, માત્ર માનવતા ખીલવવી મુશ્કેલ છે.

દાન, શીલ, તપ, ભાવ, ભક્તિ, પૂજા -
આ બધું માનવતાને વિકસાવવા માટે છે.
દેવ - ગુરુ - ધર્મની ભક્તિમાંથી માનવતા ખીલે છે.

શ્રીં

ચારિત્ર = ક્રિયા, જ્ઞાન = બુદ્ધિ, દર્શન = હૃદયનાં ભાવ.

લાગણી વિનાના મહારાજ પાસે ગમે તેટલી
સંપત્તિ હોય - બુદ્ધિ હોય પરંતુ જો લાગણી ન હોય,
તો બુદ્ધિ કે સંપત્તિ કાંઈ ઉપયોગમાં ન આવે.
જેટલી લાગણી વિશેષ, તેટલો ઉપકાર વિશેષ થઈ શકે.
લાગણીવાળા મહારાજ નાના-મોટાનો વિચાર કરતાં નથી,
તેઓ માન - અપમાન જોતાં નથી,
કિન્તુ સ્વાર્થ વિના પરોપકાર કરે છે.

જે સમાધિથી મરે છે,
તેનો જન્મ ધર્મિષ્ઠને ઘેર થાય છે અને
જો વિશેષ પુણ્ય હોય, તો યોગીના ઘરે થાય છે.

લજ્જા એ ગુણોની માતા છે. જેના હૈયે વેશ્યા હોય,
તેના હૈયામાં દેવ - ગુરુ - ધર્મ નથી હોતાં.

હીરો મળ્યો અને ફેંકી દઈએ, તો શું થાય?
નવકાર મળ્યો અનંતીવાર પરંતુ પાછો ફેંકી દીધો છે,
હવે રક્ષણ કરવું જોઈએ.

સામા મહારાજને સુધારવા માટે
તેના સદ્ભાવને વધારવાના શબ્દો બોલવા જોઈએ,
પ્રથમ તેનો દોષ કે અપશબ્દ બોલવાથી તે સુધરી ન શકે.

દરેકને માન પ્રિય જ હોય છે. મહાત્માને ઓપરેશન કરતાં ય પોતાનું અપમાન વધુ દુઃખદાયક લાગે છે.

પહેલાં યોગ્યતા પ્રાપ્ત કરો, પછી ઇચ્છા કરો.

કુદરતના ભંડારમાં રહેલી બધી વસ્તુ એવી છે કે તે શોધ કરી રહી છે કે મારે કોની પાસે જવું?

તમારી યોગ્યતા નિર્માણ કર્યા પછી ફાંફાં મારવા નહિ પડે.

સૂર્યને પ્રકાશિત કરવા દીપકની અથવા
મોરના પીંછાને રંગવા રંગની જરૂર પડતી નથી અથવા
ચંદ્ર કે ચંદનને શીતળ કરવા વિલેપનની જરૂર નથી.

લઘુતામાં પ્રભુતા છે.

લઘુ બનવાથી મોહરાજાની જાળમાંથી છટકી શકાય છે.

પ્રીતિના ૬ કારણો:

જમવું, જમાડવું, લેવું - દેવું, ગુપ્ત વાત કરવી, જાણવી.

સાધર્મિક વાત્સલ્યો અને નવકારશીનાં જમણોથી જેમ અલ્પ અને લાભ ઘણો થાય, એમ લાગણીભાવ ખીલે છે.

કમ ખા - ગમ ખા.

એકથી આરોગ્ય અને બીજાથી શાંતિ પ્રાપ્ત થાય છે.

ભોજન એ માતાના પ્રેમનું પ્રતીક ગણાય છે.

વાહનની લગામ જો અંતરમનને સોંપવામાં આવે, તો વાહન કાબુમાં આવે છે.

જાગૃતાવસ્થામાં જે શુદ્ધિ ન કરી શકાય, તે નિદ્રા વખતે થાય છે. ઘણાય મુશ્કેલ પ્રશ્નોના જવાબ ઊંઘમાં મળી જાય છે. નિદ્રા વખતે કે જ્યારે શરીર શિથિલ હોય, બાહ્યમન લટકતું અટકી ગયું હોય, ત્યારે આંતરમન ક્રોધ-માન કાઢવાના અને સરળતા તથા કલ્યાણ મેળવવાના વિચારો કરી પ્રભુનું સ્મરણ કરે, તે જેટલું ઇચ્છિત કરવામાં આવે, તેટલો આંતરમનનો સુધારો થાય. બાહ્યમન ધીમે-ધીમે ઊંઘી જાય અને આંતરમન જાગૃત રહે, ત્યારે સ્વપ્નમાં ગુરૂના દર્શન થાય.

◎ નવકાર એ જગતનો નાથ છે. તમે તેને બધું ભળાવી દો. તે ત્રણ જગતનો નાથ છે. તમે શરણાગતિ સ્વીકારશો તો તમારી બધી જવાબદારી તે લઈ લેશે. ગાડીમાં બેસવા જતાં પોટલું માથે ઉપાડવું પડે, પરન્તુ ગાડીમાં બેઠા પછી પોટલું માથે મૂકવાનું હોય? ના. અને મૂકે તો? બેવકૂફમાં ગણાય. તેમ તમે દેવ-ગુરુનું શરણું સ્વીકારશો, તેને ભાર ભળાવી દો પણ આપણે અહંભાવનું પોટલું ઉતારતાં નથી અને દેવ-ગુરુ પાસે શરણાગત રહેતાં નથી પણ તેમને હુકમ કરીએ છીએ, તેમની પાસે કામ લેવા માંગીએ છીએ, ત્યાં શું થાય?

શ્રી

નિમ્નલિખિત સાચવવાથી ધર્મ શોભે:

દેવભક્તિ, ગુરુભક્તિ, સુપાત્રદાન અને વ્યવહારશુદ્ધિ.
શુદ્ધ વ્યવહારથી દેવભક્તિ, ગુરુભક્તિ, સુપાત્રદાન શોભે.

દેવની ભક્તિ વિભક્તિનો નાશ કરે છે.

હૃદયથી ભક્તિ કરે તો પોતાની પાસે કાંઈ ન હોય, છતાં પ્રભુ ભક્તિના પ્રભાવથી જીવનના સર્વ ઈષ્ટો સિદ્ધ થાય, કારણ કે ભગવાનની ભક્તિમાં ખુબ શક્તિ છે.

પ્રભુભક્તિથી સર્વ કર્મનો ક્ષય થાય છે.

ગુરુભક્તિ વડે, ગુરુના યોગે શાસન ચાલે છે. ગુરુ જ દેવની ઓળખ કરાવે છે, ધર્મનો પ્રતિબોધ કરે છે.

સાચો મિત્ર હિતકાર્યમાં જોડે.

પ્રસંગે કામ આવે, તે જ સાચો મિત્ર છે.

સાચા મિત્રનું લક્ષણ એ છે કે પાપ કરતાં અટકાવે.

કામવૃત્તિને નાબૂદ કરવા અથવા તો અંકુશમાં લાવવા માટે લગ્નપ્રણાલિ સ્થપાઈ છે.

જૈનને લાગવું જોઈએ કે ન્યાય-નીતિ જ મારું ધન છે.
અનીતિથી જીવે, તો જૈન અને જૈનેતરમાં ફેર શો?
બાહ્યધનને જો ધન માનીએ અને સંતોષ, સદાચાર અને નીતિને જો ધન ન માનીએ, તો એ ભ્રમણા છે.

મહાપુરુષ અનીતિ - અન્યાય કરે, પછી રોગ - શોક આવે,
તે અનીતિ - અન્યાયનું જ કારણ છે.
ધર્મની પ્રભાવના મહાપુરુષની પવિત્રતાથી જ થાય છે.
ધર્મરાજાએ શ્રાવકકુળનો વેશ આપ્યો છે,
તે વેશ બરોબર ભજવી શકાય, તે માટે
ન્યાયસંપન્ન વૈભવ અને વ્યવહારશુદ્ધિ પૂરી જોઈએ.
પરમાત્માને શરણે જાઓ અને હૃદયમાં દૃષ્ટિ રાખીને
સવાર - સાંજ પ્રાર્થના કરો કે:
'હે ભગવાન! મને સારી બુદ્ધિ આપો, પાપનો નાશ થાઓ.'
જો છ માસ સુધી આવું કરે, તો ઘણા દોષો જતાં રહે.
જેમ પર્વતમાં મેરુ, નદીમાં ગંગા, મણિમાં ચિન્તામણિ તથા
વૃક્ષમાં કલ્પવૃક્ષ, તેમ જૈનશાસ્ત્રનો સાર ઉપશમ છે.
સામો ન જાગે, તો પણ પોતે તો જાગે અને જગાવે.
પરોપકાર શ્રેષ્ઠ છે,
તેનાથી પણ સ્વોપકાર થઈ જાય છે.
સાચો ભાગ્યોદય કોને કહેવાય?
વિષયોની પ્રાપ્તિ થવી, એ ભાગ્યોદય નહિ,
તે તો પશુઓને પણ થાય છે, કિન્તુ
પ્રાપ્ત વિષયોમાં વિરક્તિ થવી, તે ભાગ્યોદય છે.

મહાપુરુષ જેનો સાચા અંતરથી સંપર્ક કરે, તેમાં વસ્તુ જગતમાંથી ખેંચાઈ આવે છે. ન્યાય-નીતિનો સંપર્ક કરે, તો બધા પ્રતિકૂળ સંયોગો અનુકૂળ બની જાય છે.

શરૂમાં કષ્ટ લાગે, તે સહન કરવાથી શક્તિ મળે છે.

'મિથિલા બળે છે, તેમાં મારું કાંઈ બળતું નથી...
તથા જે મારું છે, તે બળતું નથી!'

દૃષ્ટિની જબરજસ્ત શક્તિ ત્રાટકથી પ્રગટ થાય છે.
સૂર્ય ઉપર પણ અભ્યાસથી ત્રાટક જરૂર થઈ શકે.

મનુષ્ય એટલે વિચારોનો તરંગ.

નિદ્રા એ મૃત્યુની બહેન છે.

એક પાપી અને એક ધર્મી સુતાં છે, તેથી
બન્ને મનનું કશું કરતાં નથી અને
બંનેને વિચાર નથી, છતાં બંનેના કર્મબંધમાં ફેર પડે છે.

ભગવાનને સાક્ષાત માનીને મંદિરે જાઓ અને
એ રીતે જ બધી ઉપાસના કરો.
ભગવાનની ઉપાસનાથી આપોઆપ સદ્વિચાર સ્ફુરે છે.

'હે ચંડકૌશિક! તું સમજ સમજ સમજ.
તું કોણ છે, તેનો વિચાર કર, તુ મોહમાં ન પડ.'
પહેલાં ક્રોધથી બળતો હતો, હવે ક્રોધને બાળવા લાગ્યો.

પ્રભુએ ક્રોધનો કાંટો કરુણારૂપી ચીપીયા દ્વારા કાઢ્યો.
તીવ્ર પરાકાષ્ઠાએ પહોંચેલ કરુણા સિવાય
સર્પ સાથે જમવાનું કાર્ય થઈ શકે નહિ, કારણકે
સર્પનો ક્રોધ સર્વથી ચઢીયાતો હોય છે.

શરીરને મળતા માનને મહાપુરુષો માન તરીકે માનતાં નથી.
તેઓ માનને કલંક માને છે.

આત્મા પરમાત્મરૂપ છે, તેના ગુણોની કોઈ સીમા નથી. એક કરોડની પુંજવાળાને કોઈ જો પૈસાવાળો કહે, તો રાજી થતો નથી, તેમ જેને આત્માની મહત્તાની પીછાણ હોય, તેને સામાન્ય સ્તુતિ અસર કરી શકતી નથી.

આકૃતીમાં ખૂબ શક્તિ છે. કેટલાક આકૃતીથી આગ, વનસ્પતિ, દીપક, વરસાદનું પાણી ઉત્પન્ન થાય છે.

સંગીતમાં રાવણે તીર્થંકર ગોત્ર બાંધ્યુ.

અર્હં શબ્દથી સંસાર બળીને ખાખ થાય છે.

અહં = સંસારમૂળ, તેથી સંસાર. અર્હં = મોક્ષમૂળ, તેથી મોક્ષ.

'રં' જેવો વર્ણ બોલવાથી ગરમીનો અનુભવ થશે.

આત્મામાં અનંત શક્તિ હોવા છતાં
આપણી શક્તિની સહેજ કોઈ પ્રશંસા કરે,
તેથી રાજી થવું, તે પોતાને જ લઘુ બનાવનારું છે.

લગાડવાને જગતના કલ્યાણ માટે હજારો વર્ષ સુધી
રાત્રિ-દિવસ સતત ભાવના રાખી હતી અને
તે માટે ગમે તેવા કષ્ટો સહન કર્યા હતાં.

તેમને ઉપસર્ગો સહન કરવાથી આંખોમાં પાણી નથી આવતાં,
પરન્તુ સામાની દયાથી આંખોમાં આંસુ આવી જાય છે.

વાત્સલ્યભાવ એ પરમાત્માના સ્વરૂપનો એક અંશ છે.

'અસત્ય વિના ધંધો ન ચાલે' તેવું બોલે તે સત્યનું
અપમાન કરે છે. સત્ય કદી અસત્ય કહે જ નહિ
અને આપણે તો સત્યની પણ ભૂલો કાઢીએ છીએ!

હીરાની ખાણમાં અજાણ માણસને બધા પથરા લાગે છે,
પરન્તુ ઝવેરીને તે દેખાય છે. જેવી ભૂમિકા હોય છે,
તે પ્રમાણે જગતના અરીસામાં પ્રતિબિંબ પડે છે.

જગત એ અરીસો છે. તેમાં આપણું પ્રતિબિંબ પડે છે.
આપણી ભૂમિકા હલકી છે,
તેથી બધા લુચ્ચા, હરામી અને અપકારી જ લાગે છે
તથા કેટલાકને જગતમાં બધા મહાપુરુષ જ લાગે છે.

મણિવિજયદાદાએ સદા ઠામ ચોવીહાર એકાસણા કર્યા હતાં
અને સિદ્ધિસૂરિ બાપજીએ ૩૫ વર્ષ વર્ષીતપ કર્યો.

યોગ = આત્માને ઉપયોગી મન-વચન-કાયા બનાવવા.

શ્રી

તીર્થંકરની દેશનામાં ગમે તેટલું હિત જ રહેલ છે,
કેવળ પરોપકાર વૃત્તિ રહેલ છે.

તેઓના હૃદયમાં જરા પણ સ્વાર્થની વાત હોતી નથી. સાધુપણું એટલે સંસારનો પૂરેપૂરો વૈરાગ્ય, માત્ર કપડાં પહેરવા તે નહિ. શ્રાવકપણાંના અનુષ્ઠાનો વિધિપૂર્વક હૃદયમાં આવતાં નથી, ત્યાં સુધી સાધુ બનવા લાયક તો નહિ પણ સાધુની સેવા કરવા લાયક પણ બની શકતો નથી. સાચો શ્રાવક જ મોક્ષની સાધના કરી શકે છે. ઘણું ખાવાની ઇચ્છા કરતાં પચાવવાની શક્તિ કેળવો અને મેળવવાની લાલસા કરતાં સંતોષ રાખતાં શીખો.

लोके विततमात्मानं लोकं चात्मनि पश्यतः ।
परावरदृशः शान्तिर्ज्ञानमूला न नश्यति ॥

- चरकसंहिता - अ. ५ (પરિશિષ્ટ-૧૬)

He who sees himself as extended in all the world and all the world in himself, the peace of that survey or of this and the yonder, being rooted in knowledge does not perish.

## દીપોત્સવ પર્વ

સમર્પણ, બીજાને માટે થોડુંક પણ કરી છૂટવું, એ જ આનંદની, જીવનની દીપોત્સવ છે. ઘર-ઘર વ્યાપક સત્યપ્રકાશની ઉપાસના, એનું જ નામ દીપોત્સવ પર્વ. દૈવી સંપત્ મેળવવાનો પુરુષાર્થ એનું જ નામ દિવાળી. એ શિવસંકલ્પમાંથી જ આપણે વિશ્વને પવિત્ર કરી શકીશું. એ માટે અંતરમાં રહેલાં રામને આપણે પ્રથમ ઓળખવો પડશે. એ રામ એટલે વાસનાનો - સ્વાર્થનો ત્યાગ, પરિગ્રહ અને મૂર્છામાંથી મુક્તિ. એનાં દર્શન આપણે બાહ્ય દીપમાળાનાં પ્રતીકથી જ અંતરદીપને પ્રકટાવીને મનોમંદિરમાં કરી રહીએ. જે પ્રકાશથી આપણે સંસારનાં સુખ અને સમૃદ્ધિ વચ્ચે પણ નિર્લેપ અને નિર્દંભ રહી શકીએ, એ પ્રકાશનો ઉત્સવ એટલે જ દિવાળી છે. જે જે પ્રકાશને, જે સનાતન પ્રેમને, જે દિવ્ય ત્યાગને મહર્ષિઓએ જીવનમાં ઉપાસ્યો, સાક્ષાત્કાર કર્યો, તેને આપણા જીવનમાં અપનાવવાનું મુકુટમણિ પર્વ તે દિવાળી. અંધકારનો અર્થ જ છે અજ્ઞાન. અજ્ઞાન એટલે મૃત્યુ. એ મૃત્યુને તરી જવા આપણે સતત પ્રકાશદેવતાને ઉપાસીએ છીએ. આપણા દ્રષ્ટાઓએ એટલે જ ગાયું છે કે:

'તમસો મા જ્યોતિર્ગમય' અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાવ.
સ્વાર્થવૃત્તિ એ જ અંધકાર છે, એ જ આત્મમૃત્યુ છે.
(૧) જગતનાં દુઃખો દૂર કરવા કે તેમને ઓછાં કરવા માટે
પ્રથમ તો આપણાં આત્માને, આપણા ચિત્તની વૃત્તિને
શુદ્ધ કરવાની જરૂર છે. એમાં જ આપણું કલ્યાણ છે,
એ વાત સાચી, પરન્તુ જગતનું કલ્યાણ કરવાની
પવિત્ર ભાવના તેમાંથી આપોઆપ જ ઉઠતી હોવાથી
એ રીતે સ્વાર્થ નહિ પણ પરમાર્થ છે.
(૨) અમૂલો માનવદેહ મળ્યો છે. લખચોરાસીના ફેરામાંથી
છૂટવાની તક મળી છે, છતાં આપણા આત્માના કલ્યાણની
આપણને ફિકર નહિ પણ દુનિયાની ફિકરમાંથી ઊંચા
આવતાં નહિ. આપણા ધર્મગુરુઓ કહેતાં જ રહ્યા છે કે:
'આપણા પોતાનાં શ્રેય કરતાં દુનિયાની ફિકર રાખવી,
એ જ સાચી માનવતા છે', પરન્તુ
આપણે આ અર્થબોધનો કંઈક સંકુચિત અર્થ કરીએ છીએ.

o

To want unwaveringly the welfare of another both in the head and heart, is the best help one can give. - Shri Aurobindo

જ્યારે આપણે આપણા હૃદયમાં પ્રભુને જોઈએ છીએ
અને આપણે તેને સંપૂર્ણપણે શરણે જઈએ છીએ, ત્યારે
આપણો અહંભાવ અંદર ઓગળી જાય છે. અંતઃકરણમાં
પ્રભુને જોયા પછી બહાર પણ પ્રભુને જોઈ શકીએ છીએ.

જો આપણે સર્વને ચાહતા ન હોઈએ અને
અમુક પ્રસંગે જો 'બાળને તિરસ્કાર કરીએ છીએ,
તે બરાબર છે' એમ માનતાં હોઈએ, તો તો
આપણે આધ્યાત્મિકતાની વાત જ ન કરવી, તે બહેતર છે.
આધ્યાત્મિક જ્ઞાન થયા પછી આપોઆપ આપણે પ્રત્યેકને
ચાહવા લાગીએ છીએ. જો આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે
કંઈ જ કરવાની આપણી વૃત્તિ ન હોય, તો પ્રભુજને
કે મોક્ષ પામવાની વાતો એ કેવળ ઉપરછલ્લી વાતો
છે, મિથ્યા શબ્દો છે. આપણે જે કંઈ બોલીએ છીએ,
તે ઊંડા અંતરથી ખરેખર માનતા હોતાં નથી.

જો આપણને
ખરેખર ઊંડી ઇચ્છાભરી પ્યાસ હોય,
તો આપણા રોજિંદા વ્યવહારમાં
આપણા આધ્યાત્મિક જ્ઞાનને
આચારસિદ્ધ કરી બતાવવું જોઈએ.

પ્રેમ એટલો પવિત્ર અને મહિમાવંત છે કે
તે બીજાની અવહેલના કરી શકતો નથી.
પ્રેમમાં - સદ્ભાવમાં એકાત્મભાવ છે.
પોતે મોટા - બીજા હલકા છે, આવી વૃત્તિ તેમાં નથી.
સાલોક્ય - ત્યાં વસવું. સારૂપ્ય - સમાન થવું.
સામીપ્ય - નિકટ વસવું. સાયુજ્ય - એક થવું.
સ્વર્ગનું સામ્રાજ્ય તમારા જ હૃદયમાં છે.
Kingdom of God is within you.
અંતઃકરણમાં પ્રવેશ કરવાથી સ્વર્ગ મળશે,
બહાર ક્યાંયથી નહિ મળે.

વિશ્વજીવનમાં એકાત્મભાવ અનુભવવાને માટે,
સામાન્યકોટિથી પર જવા માટે પૂરતા પ્રયત્નો કરવા જોઈએ.
તમને જે કંઈ કડવા અનુભવો આજ સુધી થયાં છે,
તે બધા તમારા ચિત્તમાં જ છે.
ભૂતકાળ માટે વિમાસો નહિ, ભવિષ્યની ભીતિ કરો નહિ
અને સાંપ્રતમાં પ્રભુની ઇચ્છાને પરમ ગણીને જીવો.
જીવનમાં પતનનું પણ કારણ છે, તેનો પણ ઉપયોગ છે.
પ્રભુનામ શ્રદ્ધાપૂર્વક લેનારને તે કદી નિષ્ફળ નીવડતું
નથી. જો પ્રભુનામથી બળ નહિ મળે, તો તમારા મનની

ચિન્તાઓ જાણું કોઈ ટાળી અથવા ખાળી નહિ શકે. પ્રભુના નામમાં શ્રદ્ધા રાખો અને સર્વ વસ્તુ સફળ થશે.

## <u>કેવી પ્રાર્થના પૂર્ણ થશે ?</u>

હોઠેથી વારંવાર ઉચ્ચાર કરતાં
માનસિક જપ અધિક અસરકારક છે.

જગતની ઇચ્છા સાથે સમન્વયવાળી ઇચ્છા એ જ ખરી પ્રાર્થના છે અને આખા વિશ્વનો તેમાં ટેકો છે. આવી પ્રાર્થના હશે તો જરૂર પૂર્ણ થશે. પ્રાર્થના અને ધ્યાનનો હેતુ સર્જનાત્મક જોઈએ, વિનાશાત્મક નહિ. શુદ્ધ અને નિષ્કલંક જોઈએ. એકને જ લાભદાયી નહિ, બહુ ભાગ બધા જીવોને જ લાભદાયી હોવી જોઈએ. ઘોડાને કેળવવા ચાબુકની જરૂર પડે છે, મનને કેળવવા ચાબુક જેવા શબ્દોની જરૂર છે. ઈશ્વરે આપણને વિચાર-સ્વાતંત્ર્ય આપ્યું છે, તેનો લાભ જરૂર લેવો જોઈએ. આ કેળવણી ઘોડાને કેળવવા જેવી છે. ઘોડા ઉપર જો કાબુ ન હોય, તો તે ગમે તે દિશામાં લઈ જશે. સવારી કરવાનું જ્ઞાન ન હોય, તો તેના ઉપર સવાર થવું અયોગ્ય અને ભયંકર છે, તે જ પ્રમાણે કાબુમાં રાખવાની શક્તિ ન હોય, ત્યાં સુધી મન હોવું તે પણ

ભયંકર છે પણ મન તો મળ્યું છે, માટે જ તેના ઉપર
સંયમ રાખતાં શીખવું જોઈએ. મનમાં અસત્ય અને
અનિચ્છનીય વિચારો આવવા દેવા ન જોઈએ.

જેમ કોલંબસે અમેરિકા ખંડ શોધ્યો, તેમ
મનુષ્ય પણ પ્રકાશ તથા સુખના પ્રદેશ મેળવી શકશે.

અહિંસાનું મૂળ સત્યમાં અને સત્યનું મૂળ અહિંસામાં છે.
સુખની ઈચ્છા સર્વની એકસરખી છે, એ સત્ય છે.
તે ઈચ્છા પૂર્ણ કરવાનું સાધન એક અહિંસામાં છે.

શિખર ઉપર બધા રસ્તાઓ ભેગા થાય છે. તળેટીથી
ઊંચા જવાઓ જેટલા આરોહક હોય, તેટલાં માર્ગો બદલાય.
કુદરતમાં પોતાનું જ્યાં સ્થાન છે, ત્યાંથી દરેકે આરોહણ
શરૂ કરવું જોઈએ. પોતાના જ આરોહણના અનુભવે
દરેક મનુષ્યને કાંઈક શીખવાનું હોય છે અને
બીજાને કાંઈક દેવાનું હોય છે.

પશ્ચાતાપ કરો, ફરીથી પસ્તાવું ન પડે તેનું ધ્યાન રાખો.
માત્ર શબ્દોથી જ પશ્ચાતાપ તે પશ્ચાતાપ નથી. તે તો
ઉલટો અંતરથી પશ્ચાતાપ કરવામાં અંતરાય ઊભો કરે છે.

અહિંસા ભાવના રાખો કે પ્રત્યેક 'મા' જગતજનની છે.
પ્રત્યેક સ્ત્રી પોતાની 'મા'નું વિભિન્ન રૂપ જ છે.

આત્મભાન = કેવળ આત્મા સાચો, બાકી બધું અસત્ય.

આત્મભાન વગર આત્મબળ મળતું નથી.

આત્મબળ વિના નબળાઈઓ પર વિજય પ્રાપ્ત થતો નથી.

અહીં વિચારવું અગત્ય આત્મબળ પ્રાપ્ત થશે કે:

'હું આત્મા છું, આત્માના ટુકડા થઈ શકતાં નથી અને

તેને બાળીને ભસ્મ પણ કરી શકાતો નથી'.

ભારતીય સંસ્કૃતિનો મૂળભૂત સિદ્ધાંત ઈશ્વરની શ્રદ્ધા છે.

જ્યાં સુધી મનુષ્યને ઈશ્વરની પ્રાપ્તિ નથી,

ત્યાં સુધી મનુષ્ય પોતાની તૃષ્ણાઓનું જ રમકડું છે.

ગૃહસ્થાશ્રમ એ આત્માના આસંયમ ઉપરનો અંકુશ છે.

ભારતીય નારીના હૃદયમાં બાળકો ઉપર

માત્ર પ્રેમ જ નહિ પણ ભક્તિ પણ છે.

આધુનિક અણુયુગમાં સાચે જ શું વિશ્વપ્રેમ હોઈ શકે?

અંતરઊંડાણમાંથી કાંઈ બોલ્યા વિના

કરૂણા, કોમળતા, પ્રેમનો વરસાદ વર્ષાવો. પ્રેમનું તત્ત્વ

સારા યે વિશ્વના પ્રત્યેક મનુષ્યમાં પ્રસરી અને તેનું

રૂપાંતરણ કરો. વિચારમાત્રને આશીર્વાદાત્મક બનાવો.

'દુ:ખમાં પ્રભુની કૃપા અને સુખમાં પ્રભુનો મરમ'

એ સાચી ભાષા છે. જેમાંથી બધું ઉત્પન્ન થયું છે,

તત્વની સમજણ એ જ જીવન પ્રભુનો સાચો ઉકેલ છે.
જુદાઈ અથવા માયાને દૂર કરો.
સાચું જ્ઞાન મિલન અને એકતાનો લાભ આપે છે.
તમે અને પ્રભુ એક છો. બધો શોક અને ભય તજો.
દ્વૈતની પર તમારું જીવન અને ભગવાન એક થઈ જશે.
અમરશાંતિ માટે અભીપ્સા અને ભાવના વધારો,
તો જ જપ કરતાં સહેલાઈથી ધ્યાનમાં સફળ થવાશે.
આધ્યાત્મિક ભૂખને સંતોષે તે 'ગુરુ.'
ગુરુ બ્રહ્મ છે, સત્ય છે, ઉચ્ચોચ્ચ આદર્શ છે.
તેમને આ રીતે જાણવાથી તેમની કૃપા પ્રાપ્ત થાય છે.
અહંતા કરતાં મોટું કોઈ દુર્ભાગ્ય નથી. જે અહંતાના
પંજામાંથી મુક્ત રહે, તેના જેવો કોઈ સદ્ભાગી નથી.
આત્મા અને આત્મતત્વનું સ્મરણ તે જ સાચી મોજ છે.
યોગનાં શિખરોએ પહોંચવા માટે મહાનતમ નમ્રતા
સાથેની તીવ્ર અભિપ્સા જ ત્વરિત ઉપર લઈ જશે.
ઈશ્વર ખરેખર આપણા હૃદયદેશે રહ્યા છે.
તેમનું નિરંતર પ્રાર્થના અને સ્મરણ કરતાં
આપણે તેમને વિષે જાગૃત થઈશું. પ્રભુ વિષેની જાગૃતિ
આપણને અત્યંત આનંદ અને શાંતિ આપે છે.

પ્રભુ આપણી અંદર છે, આપણી સાથે છે, આપણી આસપાસ સર્વત્ર છે. એ આપણું અંતિમ આશ્રયસ્થાન, માતા છે, પિતા છે, સર્વસ્વ છે. તમારા પર પ્રભુકૃપા હો અને તે દ્વારા તમે નિત્ય પ્રભુસ્મરણમાં રહો. તમારા પોતાના પ્રયાસોથી તમને કંઈ જ મળવાનું નથી પણ પ્રભુના સહકારથી અગણિત કામ કરી શકશો. બહાર કોઈને પ્રાર્થના કરવાનો અર્થ નથી. તેમ કરવાથી તમારી અંદર જ જે પ્રભુ છે, તેનો તમે નિષેધ કરો છો.

આંતરિક રીતે તો આપણે મળ્યા જ છીએ.

આપણું અસ્તિત્વ અને સમરૂપત્વ અનુભવવું છે.

આ એક મહાન બાબત છે.

હે મિત્ર! પ્રેમની શક્તિ કેટલી બધી સૂક્ષ્મ છે! એ પ્રેમ એટલે કે જેને કોઈ પ્રકારના ભેદભાવ નથી, જેને કોઈ પ્રકારની સીમા નથી, જે આપણને એક તારે વણે છે, જે માનવજીવનને ભવ્ય રીતે નવાંકુરિત કરે છે તથા જીવનમાં રૂપાંતરણ લાવે છે. પ્રેમ, કે જે અત્યંત મધુરભાવ છે, તે દિવ્યતાનું વિશ્વરૂપ દર્શન બને છે. આ જ પ્રેમ જીવનનો રાહબર બનો. જાપ કરવાની ચમત્કારકતા ખચિત (કંઈક) આશ્ચર્યકારક હોય છે.

ભગવાનની કૃપા સદા સર્વત્ર છે. તેને હજુ આવવાપણું બાકી રહ્યું નથી, ફક્ત આપણને 'તે છે' એ રીતનું ભાન હોવું જોઈએ અને એ આવરણ હટાવવા જેવું જોઈએ. કૃપા દરેક પર વરસી રહી છે, તે ઝીલવવાની આપણી પાત્રતામાં ફરક હોય. આપણી તૈયારી, ઉત્કંઠા, અંતઃશુદ્ધિ પ્રમાણે આપણે તેને ઝીલીએ છીએ, પચાવીએ છીએ અને આપણાં આંતરિક અને બાહ્યજીવનના પરિવર્તન માટે બનતો ઉપયોગ કરીએ છીએ.

'આપણને પ્રભુકૃપા મળી છે' એમ કેવી રીતે કહી શકીએ? જ્યારે પ્રભુકૃપાનો આપણને અનુભવ પ્રાપ્ત થાય છે, ત્યારે આપણું અંતઃકરણ સંપૂર્ણપણે નિર્મળ થયું હોય છે, કોઈના પ્રત્યે દ્વેષભાવ આપણામાં રહ્યો હોતો નથી, જગતમાં પ્રત્યેક પ્રાણી પ્રત્યે આપણે સદ્ભાવ અને સમભાવથી રાચતા હોઈએ છીએ તથા પહેલાં કદી પણ ન અનુભવ્યો હોય, તેવો કેવળ સાત્ત્વિક તથા દિવ્ય આનંદ આપણે અનુભવીએ છીએ.

To return evil for good is devilish.
To return good for good is human,
but to return good for evil is Divine.

The violence that's done to us by others is often less painful than that which we do towards others.

The greatest humbug in the world is the idea that money can make a man happy.

My crown is in my heart and not on head, not decked with diamonds and Indian stones, nor to be seen by others. My crown is called 'content'. A crown, that is very seldom enjoyed by the kings.

He that does good to another man especially if the other has done him some wrong, does also good to himself not in the consequences but in the very act of doing it, for the consciousness of well doing itself is ample reward.

# Be good - do good

He who thinks truth, speaks truth or acts truth, acquires a power to know truth, by intution which is above all reasoning (ઉપદેશ ૫૨).

He that does good to another, does good also to himself.

He enjoys much who is thankful of little. A greatful mind is both a great and a happy mind.

It does not cost to be kind, but gives invaluable.

He that is good, will infallibly become better. He that is bad, will certainly become worse. For vice, virtue and time never stand still.

Failure leads to success and should not be feared.

સત્યનો ખરો ઉપાસક કોણ ?

જે બધા સંજોગોમાં શાંત, ધૈર્યવાન અને ક્ષમાશીલ છે,
તે જ સત્યનો ખરો ઉપાસક છે.

He who is patient,
calm and forgiving under all
circumstances manifests the truth.
The greater the cause,
the richer the sufferings.
The best sermon is the example
of a good unselfish life.
Selfishness is the greatest
curse of the human race.
- Gladstone

There is no time like the present.
If you want people to trust you,
you need to be trustworthy.
Never break the trust
put upon you by friends or foes.

'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ ।' (પરિશિષ્ટ-૧૭)

જિન જન્માદિને વિષે સ્વર્ગલોકમાં તીર્થના પ્રવર્તન
પહેલાં પહેલું શક્રેન્દ્ર 'નમુત્થુણં' વડે પ્રભુને સ્તવે છે,
તેથી એનું બીજું નામ 'શક્રસ્તવ' છે.
એક નામ 'પ્રણિપાત દંડક' પણ છે, કેમકે આ સ્તુતિ
પૂરી થયા બાદ તુરત જ પ્રણિપાત કરવામાં આવે છે.
તીર્થંકરોની પ્રકૃતિમાં શાંતિ અને બુદ્ધિમાં કૃતજ્ઞતા હતી,
તેમને વ્યસન પરોપકારનું હતું, પ્રેમ સાદાઈનો હતો,
નીડરતા સહજ હતી, સદાચાર પ્રબળ હતો,
સેવા એ મંત્ર, વિદ્યા એ ધન, સંતોષ એ ઐશ્વર્ય,
અને મસ્તી સદા મગનતાની હતી.

આકાશમાં તાળીઓનો અવાજ ભરેલો છે.
મૂર્ખાનો અવાજ એમના શરીરની સાથે જ દફન કે દહન
થશે. અંદરના કાનથી આકાશનો અવાજ સાંભળશો, તો
એનાથી દિલ મોટું થશે, દિમાગ તાજું થશે.
આકાશમાં શબ્દો ભરેલાં પડ્યાં છે, પછી ભલે આપણે
એને કાને સાંભળીએ કે ન સાંભળીએ. મોટામોટા ઋષિ-
મુનિઓએ, સંતોએ, ફકીરોએ, નબીઓએ જે વિચાર્યું,
જે કહ્યું, તે બધું આકાશમાં ભરેલું છે, છૂપાયેલું છે.
આકાશમાંથી અવાજ આવે છે તથા એ પડઘો પાડે છે.

આપણે ગાળ દઈએ, તો તે ગાળ દે છે અને
આપણે પ્રભુનું નામ લઈએ, તો તે પ્રભુનામ લે છે.

પ્રસન્નગુણ એ જ શરણ, કિન્તુ કયા પ્રસન્નગુણ?
તત્ત્વરુચિ, ભવતત્ત્વરુચિ, ભવત્વ, સિદ્ધત્વ, તીર્થંકરત્વ, સાધુત્વની પ્રીતિ, તદ્વિષયક શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઉહાપોહ તથા તત્ત્વાભિનિવેશ વગેરે.
અતિ પ્રબળ રાગ આદિ પીડિત સંસાર કાન્તારગત જીવોને સમાશ્વાસન સ્થાનકલ્પ તત્ત્વજિજ્ઞાસારૂપ અધ્યવસાન છે,
તેને 'વિવિદિષા' પણ કહે છે.
વસ્તુને વસ્તુ જાણવાની ઇચ્છા પ્રીતિ વિના થાય નહિ.
તે પ્રીતિ પ્રભુથી મળે છે.
તે પ્રીતિ ધર્મકલ્પવૃક્ષના અવન્ધ્ય બીજરૂપ છે.
તે પ્રીતિ સહેલાઈથી પ્રાપ્ત થતી નથી.
પ્રીતિથી બોધ અને બોધથી સંવેગાદિ ભાવો જાગે છે.
ભગવદ્‌ની ભક્તિ ભગવત્કૃપાથી જ પ્રાપ્ત થઈ શકે છે.
ચક્ષુવિહીનને જેમ રૂપનું દર્શન ન થાય,
તેમ તત્ત્વપ્રીતિ વિના
તત્ત્વવિષયક શુશ્રૂષાદિ અને અવબોધ
આદિ કેમ થાય ?

સ્તુતિ-ગુણાની હોય છે, સદ્ગુણ કીર્તન-ગુણાનું હોય છે.
ગુણાની એમ ગુણસ્તુતિ પણ વારંવાર કરવા લાયક છે.
પુનરુક્તિ દોષરૂપ નથી.

'પુરુષાર્થ' એટલે પુરુષની કે જીવની ઇચ્છાનો વિષય. જીવે ચાહવા યોગ્ય પદાર્થ કે વસ્તુ તો પરમાત્મા જ છે. ચાહવું એ તો સુખી થવાનો ઉપાય છે. દુઃખી થવાનો ઉપાય ચાહવા યોગ્ય નથી. પ્રેમ તો સુખ માટે છે, તેથી સુખના સાધનો ઉપર જ પ્રેમ કરવા લાયક છે. સુખ-સ્વરૂપ આત્મા અને સદ્-ચિદ્-આનંદરૂપ પરમાત્મા જ પરમ પ્રીતિનો વિષય થવો ઘટે છે. પરમાત્માના પ્રેમી થવા માટે યોગ્યતા આપે, તે પરમ પુરુષાર્થનો ઉપાય છે. અસત્‌ને કાળ ભરખી જાય છે. જડ તો આંધળું છે, પ્રકાશ વિનાનું છે, અસત્ અને જડ- દુઃખદાયક છે. દરેક અનુભૂતિના મધ્યમાં એક શિવતત્ત્વ જ રહેલું છે અને દરેક અનુભૂતિ જુદી જુદી પરિભાષા દ્વારા એક અને અનન્ય અખિલ પરાભાષાને જ ઉચ્ચારે છે.

– રાધાકૃષ્ણન

ધર્મ એ તો તત્ત્વતઃ અંતર્મુખ બનવાની દીક્ષા છે,
આંતરજીવનનું શુદ્ધિકરણ સાધતી વિદ્યા છે.

જ્યારે વ્યક્તિ ખરેખર અંતર્મુખ બને છે, ત્યારે તેનું જીવન સહજપણે માનવતાને સમર્પિત બને છે. બીજાના પ્રમાણમાં ચિન્તા કરવી, એ પણ સરસ જીવન માટે જરૂરી છે. ફિકરની ફાકી કરે એને સાચો સંત લાગે ફરેવાય પણ બધા જ જાતની ફિકર છોડી દઈને અહીં તહીં થોડું ઘાસ ચરીને જીવન વીતાવનાર ઘેટાનું જીવન કસાઈખાનામાં જ પૂરું થાય છે અને તેથી જ કહ્યું છે કે: ચાતક, ચકવા અને ચતુર નર હંમેશા ઉદાસ રહે છે, જ્યારે ખર, ઘુવડ અને મૂરખ હંમેશા આનંદમાં ફરે છે.

– આત્માનંદ

(૧) ઉત્પત્તિ એટલે ઉદ્‌ભવ. નમસ્કારભાવ ઉત્પન્ન થવો, તે ઉત્પત્તિ દ્વાર છે. દ્વારો એટલે પ્રશ્નો.

(૨) વાચ્ય – વાચક ભાવ, પ્રતિપાદ્ય – પ્રતિપાદક ભાવ તથા વિષય – વિષયી ભાવની દૃષ્ટિએ નમસ્કારના પદોનું વ્યાખ્યાન કરવું, તે પ્રરૂપણા દ્વાર છે.

(3) જેમાં ગુણો વસે તે વસ્તુ.

ગુણ – ગુણીનો અભેદ હોવાથી પંચપરમેષ્ઠિ એ જ વસ્તુ.

(૪) પદ દ્વારા વસ્તુનો બોધ થાય છે, જ્યારે પદાર્થ એ નમસ્કારને બતાવનારો છે.

(૫) પ્રવર્ધમાન મોક્ષ, ફળ સ્વર્ગાદિ. ગુણનો, ઉપકારનો
વિચાર કરવાથી નમસ્કારનો ભાવ ઉત્પન્ન થાય છે.

(૬) પંચ પરમેષ્ઠિને પ્રણિપાત કરવા માટે
શરીરના હાથ - પગ વગેરે સૌનું સમુચિત ઉત્થાન કરવું.

(૭) દરેક શબ્દના ઓછામાં ઓછા ૪ અર્થ હોય છે.
એ ચાર અર્થ અર્થરચનાના ચાર વિભાગ છે.
એ વિભાગને 'નિક્ષેપ' અથવા 'ન્યાસ' કહેવાય છે.

નામનિક્ષેપ - વ્યુત્પત્તિ સિદ્ધ ન હોય.
નામનિક્ષેપ માત્ર સંકેતબળથી જાણી શકાય.
સ્થાપનાનિક્ષેપ - મૂળ વસ્તુનો આરોપ કરાય.
દ્રવ્યનિક્ષેપ - તે પૂર્વોત્તર અવસ્થા હોય.
ભાવનિક્ષેપ - જે અર્થમાં વ્યુત્પત્તિ નિમિત્ત અને
પ્રવૃત્તિ નિમિત્ત - ઉભય ઘટતાં હોય તે.

(૮) દ્રવ્યસંકોચ એટલે હાથ, મસ્તક વગેરે ઝુકાવવા તે.
ભાવસંકોચ એટલે અરિહંત આદિના ગુણોમાં વિશુદ્ધ
મનને જોડવું (મનની એકાગ્રતા અને વિશુદ્ધિ) તે.

(૯) પંચ પરમેષ્ઠિનું શરણ શ્રદ્ધાપૂર્વક લેવું અને
એ શરણને સૂચક એવી શારીરિક ક્રિયાઓને કરવાથી
આત્માની શક્તિ જાગૃત થાય છે.

(૨૦) દાન, સમર્પણ, ન્યાસ, અભિધાન, દેવાન વગેરે

પૂજ્યનું કરાવનાર હોવાથી પૂજ્યને નમસ્કાર છે.

નમસ્કાર્ય પોતે દાસત્વ પામે છે, તેથી

નમસ્કાર ઉપર તેનો અધિકાર નહિ પણ સ્વામીનો છે.

(૨૧) તલમાં તેલ - આધાર.

સાદડી ઉપર બેઠેલો - ઔપશ્લેષિક આધાર.

ગંગામાં ઘોષ - સામીપ્યક આધાર.

રૂપમાં આંખ - વૈષયિક આધાર.

(૨૨) કર્તાને આધીન, કર્તાના શબ્દ નથી

દાન - ક્રિયા - ગુણે, એકસ્વરૂપ ફલ કર્તામાં.

(૨૩) શ્રદ્ધા - ઇચ્છા (બળાત્કારે નહિ)

મેધા - સમજ (જડપણે નહિ)

ધૃતિ - સ્થિરતા (આકુલતાએ નહિ)

ધારણા - અવિસ્મરતા (શૂન્યતાએ નહિ)

અનુપ્રેક્ષા - વિચારણા (પ્રવૃત્તિમાત્રથી નહિ)

શ્રદ્ધાદિ ગુણોના પરિપાક અને અતિશયથી 'અપૂર્વકરણ' નામના ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. ઇચ્છા-પ્રવૃત્તિ પરિપાક છે. સ્થૈર્ય સિદ્ધિ અતિશય છે. ઇચ્છામાં રુચિ પ્રતિપત્તિ, પઠન, શ્રવણ અને વિકલ્પોનું દૂરીકરણ છે.

શ્રી

## ઇચ્છા અને ભાવનામાં શું ફેર ?

'હું' એટલે ઇચ્છા અને 'આપે' એટલે ભાવના.
ઇચ્છા બીજાને ચાટે છે, ભાવના આત્માને.
'હું સુખી થાઉં' એ ઇચ્છા છે અને
'આપે બધાં સુખી થઈએ' એ ભાવના છે.
'હું અને આપે' એ બે સાથે ન રહી શકે.
'હું' એ અંધકાર છે, 'આપે' એ પ્રકાશ છે.
'હું'માં દેહભાવની દુર્ગંધ છે, જ્યારે
'આપે'માં આત્મભાવની - વિશ્વકલ્યાણની સુરભિ છે.
'હું દેહસ્વરૂપ નહિ પણ આત્મસ્વરૂપ છું.'
એ વિચારથી ઇચ્છાની પકડ ઢીલી પડે છે,
વાણી, વિચાર, વર્તનનો ઝોક વિશ્વ તરફ વળે છે અને
આત્મા ક્ષુદ્રાત્મા મટી વિશ્વાત્મા બને છે.
ઇચ્છા પાપનું ઘર છે, જ્યારે ભાવના ધર્મનું ધામ છે.
ઇચ્છા સ્વાર્થની સખી છે, જ્યારે ભાવના આત્માની.
ઇચ્છા પાપમાં પ્રેરે, જ્યારે ભાવના પુણ્યમાં પ્રેરે છે.
ઇચ્છાનો અંત ન હોય, ભાવનાથી ભવનું ભ્રમણ ટળે.
મનુષ્ય મહાન ત્યારે કહેવાય છે, જ્યારે સૌ તેને ચાહે છે.
નમ્રતાથી જ એ વસ્તુ આપણે મેળવી શકીએ છીએ.

શ્રી

ઇચ્છા વાસનારૂપ છે, જ્યારે
ભાવના વિચારણારૂપ હોય છે.
વાસના અજ્ઞાનજન્ય છે, જ્યારે
વિચારણા જ્ઞાનજન્ય હોય છે.
ઇચ્છાનું વર્ચસ્વ કાઢવા માટે આપણે
ભાવનાનું બળ વધારવું જોઇએ.
ઇચ્છામાંથી રાક્ષસવૃત્તિઓ જન્મે છે, જ્યારે
ભાવનામાંથી ભવ્ય માનવતા પ્રગટે છે.
ઇચ્છાની ચાલ સદા વાંકી હોય છે,
જ્યારે ભાવનાની ચાલ સદા સીધી હોય છે.
ઇચ્છામાં પશુતા છે, જ્યારે
ભાવનામાં દિવ્યતા હોય છે.

o

श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थ कोटिभिः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या, जीवो ब्रह्मैव केवलम् ॥

(પરિશિષ્ટ-૧૮)

o

The pleasure of love is in loving.
We are happier in passion we feel
than in that we inspire.

(૧) <u>ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યનાં પ્રત્યક્ષ શબ્દો</u>

'જતાં - આવતાં - રહેવું' અથવા 'આવતાં - જતાં - રહેવું.'

(૨) આર્તધ્યાન = રોવું - હેવાન.

રૌદ્રધ્યાન = રોવડાવવું - શૈતાન.

ધર્મધ્યાન = હસવું - ઈન્સાન.

શુક્લધ્યાન = હસાવવું - ભગવાન.

<u>ધર્મધ્યાન</u> એટલે દુઃખ વખતે પૂર્વકૃત કર્મનું ચિંતન.

<u>શુક્લધ્યાન</u> એટલે દુઃખ વખતે આત્મતત્ત્વનું ચિંતન.

(૩) દેવે તે દેવ, રાખે તે રાક્ષસ.

(૪) જ્ઞાન પંગુ છે, જ્યારે ભાવના અને તપ અંધ છે.

ત્રણે મળીને કાર્યસિદ્ધિ છે.

(૫) પરિષહો સહન કરી કાલુષ્યરહિત બને, તે ચિત્તશુદ્ધિ.

જેટલા અંશમાં પરિષહોને સહન કરવાની તાકાત હોય,

તેટલા અંશમાં ચિત્તને શુદ્ધ સમજવું.

જે પરિષહોને ન સહી શકે, તે પંડિત પણ બાળ છે.

બાળક ધુળમાં આળોટીને મેલું થાય છે, તેમ

તેને શુદ્ધ કરવા સ્નાનની જરૂર છે.

પરિષહ સહન એ સ્નાનની ક્રિયા છે. બાળકને નવડાવતી

વખતે તેને દુઃખ થાય તો પણ તે અનિવાર્ય છે, તેમ

સિતાબાલકને પરિષહ સહન કરતી વખતે પીડા થાય, તો
પણ તેની શુદ્ધિ માટે પરિષહ સહન કરવા અનિવાર્ય છે.
(૬) દુશ્મનને હણનારા અરિહંત છે. દુશ્મન એટલે દુષ્ટ મન.
(૭) 'સંસાર' શબ્દમાં 'શમ' એ સાર, 'મમ' એ અસાર.
(૮) અરિહંત એ કામિની છે, તો સિદ્ધ એ કંચન છે.
કામિનીનું રૂપ એ અરિહંતની મૂર્તિ છે અને
કંચનનો લોભ એ સિદ્ધના સ્મરણનો લોભ છે.
નામજપની સંખ્યામાં જ આસક્તિ હોવી ઘટે.
(૯) લાભ માટે ગુણનો રાગ મુખ્ય છે.
પ્રત્યેક ક્રિયાની પાછળ લાભ હોવો જોઈએ.
જેમ માલ લેતાં કે વેચતાં માલની ચિંતા નહિ, પરન્તુ
માલના લાભની ચિંતા છે, તેમ ક્રિયા કરતી વખતે પણ
ક્રિયાની ચિંતા નહિ પણ તેની પાછળના લાભની ચિંતા છે.
લાભનો સંબંધ ભગવાન સાથે છે, જ્યારે
પુરૂષાર્થનો સંબંધ પુરૂષ સાથે છે.
(૧૦) સમકિતના પાંચ ગુણ
શમ (શમસાર = સંસાર),
સંવેગ (શમવેગ = સંવેગ),
નિર્વેદ, અનુકંપા તથા આસ્તિક્ય.

(૨૨) પૂજન માટે પંચતત્ત્વ તથા મન - બુદ્ધિ:

પૃથ્વીતત્ત્વ = મૂર્તિ - મંદિરાદિ.

જલતત્ત્વ = અભિષેકાદિ.

અગ્નિતત્ત્વ = ધૂપ - દીપાદિ.

વાયુતત્ત્વ = ચામરાદિ.

આકાશતત્ત્વ = સ્તુતિ, સ્તોત્ર, ઘંટ, સંગીત, વાજિંત્રાદિ.

મન = વિચાર - લક્ષ.

બુદ્ધિ = નિર્ણય - શ્રદ્ધા - વિવેક.

(૨૨) 'अर्ह पूजायाम् ।' (પરિશિષ્ટ-૧૯)

અર્હત્ પૂજ્ય છે, માટે પૂજ્ય બને છે. સર્વનો પૂજ્ય સર્વનો પૂજક છે. પૂજ્યતા કોઈ પક્ષની નથી - યોગ્યતા છે. પૂજાને યોગ્ય તે છે કે જે પૂજવા યોગ્યના પૂજક છે.

(૨૩) પૂજવા યોગ્ય આ જગતમાં શું? ચૈતન્ય. જેમાં જ્ઞાન - દર્શન - ચારિત્ર છે. પૂજાને પાત્ર સઘળું રહેલું છે: જે શાશ્વત છે, ધ્રુવ છે, નિશ્ચલ છે, તે જ પૂજવા યોગ્ય છે.

(૨૪) પોતાને જગતથી અધિક માનનાર હીન બને છે તથા પોતાને જગતથી હીન માનનાર અધિક બને છે. જે લક્ષથી જગતને જોઈએ, તે જ લક્ષ પોતાને મળે છે. જગતને અધિકપણે જોનાર જગતથી અધિક બને છે.

દીનપણે બોનાર દીન બને છે,
સમાનપણે બોનાર સમાનને કેવલી બને છે અને
ઉચ્ચપણે બોનાર ઉચ્ચ એકેન્દ્રિય બને છે.
તીર્થંકરોનો આત્મા સહજ રીતે ઉત્તમ છે અને તથા-
ભવ્યત્વાદિ ભાવો કારણ બતાવ્યા, તેવા પ્રકારનો છે.
સહજ અને તથાભવ્યત્વને જુદા પાડીને
અર્થ કરવામાં આવે અને આદિ પદથી
તીર્થંકર નામકર્મ આદિ સામગ્રી લેવાય, તો વિવાદ શમે.
(૨૫) જે ભાવે ગ્રહણ કરીએ, ખરીદીએ, તેથી અધિક ભાવે
આપીએ અથવા વેચીએ, ત્યારે નફો થયો કહેવાય છે.
ધર્મ પણ જે ભાવથી તીર્થંકર દેવોએ આપ્યો છે,
તેથી અધિક ભાવ વડે આપણે કરીએ,
ત્યારે તેનું મૂલ્ય વધાર્યું ગણાય, નફો મેળવ્યો કહેવાય.
(૨૬) વસ્તુ લેતી વખતે પણ ભાવ બોલાય, વેચતી વખતે
પણ ભાવ પૂછાય છે. જે ભાવથી લઈએ, તેથી અધિક
ભાવે વેચીએ તો નફો. ધર્મ કરવા પહેલાં જે ભાવ
હોય, કર્યા પછી તે ભાવ વધે, તો ધર્મ કર્યો કહેવાય.
(૨૭) ભાવવૃદ્ધિ માટે ધર્મ છે, ધર્મ ક્રિયાવૃદ્ધિ કે જ્ઞાનવૃદ્ધિ
માટે નથી. ક્રિયા અને જ્ઞાનનો ઉપયોગ ભાવવૃદ્ધિ માટે છે.

(૨૮) મહાન જ્ઞાન – ક્રિયા – ધન કે પ્રતિષ્ઠાનથી મળશે નહિ,
પરંતુ ભાવથી છે. જે ભાવથી મળશે, તે સૌથી મોટો.

જેટલો ભાવ જગતને આપણે આપીશું,
તેટલો ભાવ જગત પાસેથી આપણે મેળવીશું.

પુણ્ય = પ્રેમ – કરુણાભાવ. પાપ = ક્રોધ – રાગ – મોહ.

(I) નવકારના જાપથી શું શક્તિ થાય?

પાતાલપ્રવેશ, આકાશગમન, અદૃશ્ય ભવન, ત્રિકાલસત્ય,
ઇચ્છાનુસાર શરીર ધારણ તથા પંચભૂત ઉપર વિજય.

(II) મંત્રજાપથી શક્તિ જાગરણ થાય.

ભગવત્કૃપાના લાભ માટે જપ – તપ – સંયમ – નિયમ છે.

(III) મંત્રોમાં શક્તિ છે. જો શ્રદ્ધા – ભક્તિપૂર્વક જાપ થાય,
તો તેનો પ્રભાવ દેખાય છે.

(IV) માત્ર મૂલાધાર ચક્રના જ્ઞાન – ધ્યાનનું ફળ તથા
તેના બોધથી જ મોટી સિદ્ધિ થઈ જાય છે,
તો પછી બાકી ચક્રોનું તો કહેવું જ શું?

(V) યોગબળથી બ્રહ્માંડમાં યથેચ્છ વિચરણ થઈ શકે છે.

(VI) મહામંત્રના જાપ સાથે બાકી બધા દેવ-દેવીને પોતાના
ઉપાસ્યરૂપ માનવા જોઈએ. એથી ધ્યાન એવું લાગી જાય
છે કે સમય કે બહારની કોઈ વસ્તુનું જ્ઞાન રહેતું નહિ.

(VII) ઈશ્વર ચિન્તનમાં સદા તન્મય રહેવાથી
સાંસારિક સઘળી ચિન્તાઓ છૂટી જાય છે.
બાકી તપ - ધ્યાન - યોગસાધનાનો તો કોઈ અંત નથી.
જે જેટલું અનુભવ શકે, તેટલું ખરૂં.

(VIII) યોગના વિષયમાં તો જેટલું જાણી શકાય,
તેટલું ઠીક છે - અધૂરૂં જ છે.
અનુભવના વિષયમાં સૌનો અનુભવ સરખો હોતો નથી
અને જેને પૂર્ણ અનુભવ થાય છે,
તે તો ચૂપ થઈ જાય છે, કહી શકતાં નથી.

(IX) યોગ પ્રત્યક્ષ ફળપ્રદ છે.
ગુરુના શક્તિપાતથી, ગુરુપ્રદત્ત મંત્રજપથી અને
ઉપાસ્યદેવતાના આરાધનથી પાપસંસ્કાર દૂર થાય છે.
જપ, તપ, પાઠ, પૂજનાદિ શ્રદ્ધા - ભક્તિપૂર્વક કરવાથી
કુંડલિની શક્તિ જાગૃત થાય છે,
જેથી મંત્રચૈતન્ય પણ જાગૃત થઈ જાય છે તથા
તે ઉપરાંત શરીર - મન - પ્રાણ પણ
સ્વસ્થ, શુદ્ધ અને સંગઠિત થાય છે.
આત્મબળ સુદૃઢ બને છે, સમાધિનું સાધન સરળ થાય
છે અને મન નિરંતર આત્મતત્ત્વમાં લાગ્યું રહે છે.

13 - 10 - 1955, કારતક સુદી ૨૩

જ્યોતિઓનું દર્શન મન એકાગ્ર કરવામાં ઘણું સહાયક છે. આ બધું થવા લાગે, તે પછી સમજવું કે હવે તો ઈશ્વરની બહુ નિકટ આવી ગયા છીએ. એથી આત્મતુષ્ટિ - પરમ સંતોષ તથા વિષયવાસનાઓનો હ્રાસ થાય છે, મન શાન્ત - શૂન્ય - એકાગ્ર થઈને મહાસુખ અનુભવે છે, વૈરાગ્યભાવ વધે છે, ઈશ્વરમાં દૃઢ વિશ્વાસ થાય છે.

(X) મંત્રજપથી લક્ષણો અને અનુભવો થાય તો સમજવું કે ઈશ્વરની મોટી કૃપા છે. પૂર્વના સુકૃત પુણ્યમય સંસ્કાર અને તપસ્યા એ સાધનામાં દૃઢ વિશ્વાસનું ફળ છે, એમાં કોઈ સંદેહ નથી.

(XI) જ્યારે ગુરુકૃપા અને પોતાની સાધનાથી આત્માની અપૂર્વ શક્તિ જાગ્રત થાય છે, ત્યારે શરીર - મન - પ્રાણમાં આવેશ આવે છે. એ આવેશને કારણે અનેક પ્રકારની યોગની ક્રિયાઓ થવા લાગે છે.

(XII) એકાન્ત મનથી તપસ્યા, મંત્રજપ અને યોગસાધના કરતાં રહેવાથી આપણામાં ય ઈશ્વરીય શક્તિનો ઝળહળતો પ્રકાશ થાય છે અને આધ્યાત્મ જ્ઞાનનું સર્વ તત્ત્વ પોતાની મેળે સ્ફુરવા લાગે છે.

આ રાજસાધના કરે તો દરેક મનુષ્યને થઈ શકે છે.
દરેક જાતિ - ધર્મનો મનુષ્ય એની સાધના કરી શકે છે.
એ સાધનામાં સંયમ - નિયમના પાલનની આવશ્યકતા છે.
(XIII) શીઘ્ર સિદ્ધિ માટે ત્રણ વાતો આવશ્યક છે:

(૧) સ્થાન અનુકૂળ - એકાંતવાસ.

(૨) ભોજન ઇચ્છાનુસાર - સાત્વિક અને સમયસર.

(3) એકધારો સમય.

કોઈ પ્રકારના બંધન વિના આ ત્રણ વાતની અનુકૂળતા સાથે સાધના થાય તો યોગસિદ્ધિ થવામાં વાર લાગતી નથી.
(XIV) જેની પાસે જીવનનિર્વાહના સાધન નથી, તે પોતાના મન-પ્રાણ-ઇંદ્રિયોનો સંયમ કરી રાજ-ધ્યાનના સાધનામાં કેવી રીતે લાગી શકે ? રાજ-ધ્યાન તો વૈરાગ્યવાળા અને વાસનારહિત લોકો માટે છે. ભારતમાં સાધુ, સંન્યાસી, બ્રહ્મચારી લાખોની સંખ્યામાં છે, જેની પાસે ધન, સમય, સ્થાન છે, તે તેને આધ્યાત્મમાર્ગમાં લગાડવા ઇચ્છતાં નથી.
(XV) પૂર્વે એક સમય એવો હતો કે ભારતમાં રાજ, ધ્યાન, તપ, જપ, યજ્ઞનું અનુષ્ઠાન ઘેર-ઘેર થતું હતું. સર્વ લોકો ઈશ્વરની ઉપાસના કરતા હતાં અને પરમ સુખી હતાં. આજે સમય એવો આવ્યો છે કે કોઈ

ભાગ્યવાન જ ભગવાનની ઉપાસના કરતો હશે,
તો પણ ભારતનું સદ્ભાગ્ય છે કે
તેના જ્ઞાનભંડાર, શાસ્ત્રગ્રંથો હજુ વિદ્યમાન છે.

(XVI) કુંડલીની મહાશક્તિ આત્મસત્તા છે. જેને જગાડવા માટે કઠોર કષ્ટ કરીને જપ, તપ અને હઠયોગનાં સાધન આસન, પ્રાણાયામ, બંધ, મુદ્રા, નાડીશુદ્ધિની ક્રિયાઓ કરવી પડે છે. નેતી - ધોતી - બસ્તી આદિ ક્રિયાઓ કરવા દ્વારા કોઈક ભાગ્યવાનની જ શક્તિ જાગે છે.
એથી શરીર સ્વસ્થ અને નિરોગી થાય છે અને
પછી એને જરૂર પડે, ત્યારે તે પોતાની મેળે જ
શરીરની હાલતમાં ફેરફાર કર્યા કરે છે.

(XVII) માનસિક ક્રિયાઓ શારીરિક ક્રિયાઓની જેમ હજારો પ્રકારની છે. દેવતાઓ + જ્યોતિઓનું દર્શન, દેવતાઓથી વાર્તાલાપ - એ મનની પ્રધાન ક્રિયાઓ છે. એ પણ એકસરખી રહેતી નથી, બદલાયા કરે છે. પ્રકૃતિ સ્વયં આંતરશક્તિની પ્રેરણાથી કાર્ય કરે છે,
પ્રકૃતિ આપણને આધીન નથી.
પ્રકૃતિ જે કરે તેને કરવા દેવું અને આપણે જોયા કરવું.

(XVIII) ત્રીજા પ્રકારની ક્રિયાઓ છે.

અધિક દીર્ઘતર શ્વાસ-પ્રશ્વાસ ચાલે છે અને રોકાય છે.
રેચક - પૂરક થઈને કુંભક પ્રાણાયામ થાય છે.
શ્વાસોચ્છ્વાસ પોતાની મેળે રોકાઈને કેવલ કુંભક પણ થાય.
એથી શરીરશૂન્ય, મનશૂન્ય, પ્રાણશૂન્ય નિષ્ક્રિય શક્તિનો
બોધ થાય છે અને ઉપરાંત નાદનું સ્ફુરણ થાય છે.
અનેક પ્રકારે નાદશ્રવણ + જ્યોતિઓના દર્શન થાય છે.
આ બધા પ્રાણની ક્રિયાઓને 'લય યોગ' કહેવાય છે.

(XIX) ષટ્ચક્ર, ષોડશાધાર, ત્રિલક્ષ અને
પંચવ્યોમનું જ્ઞાન એ યોગશાસ્ત્રનું ચૂડાન્ત જ્ઞાન છે.

(XX) અપક્વ અવસ્થામાં અર્થાત્ સાધન અવસ્થામાં કોઈને
મંત્રોપદેશ આપવાથી પોતાની આત્મશક્તિને હાનિ થાય છે
અને સાધનામાં વિઘ્ન ઉપસ્થિત થાય છે, તદ્ ઉપરાંત
સ્થિતિ થવામાં બાધા પહોંચે છે.

(XXI) ઈશ્વર ઉપાસનામાં મંત્ર અને યોગનું જ સાધન
કરવાનું કહ્યું છે. એ સાધન પૂર્ણ થવા બાદ વેદાન્ત
શાસ્ત્ર પ્રતિપાદિત બ્રહ્મજ્ઞાનમાં સ્થિતિ થઈ જવાથી
મનુષ્ય મુક્ત થઈ જાય છે (આ વેદાન્તીની માન્યતા છે).

(XXII) અનેક પ્રકારના લોકો હોય છે: કોઈ સાત્વિક,
કોઈ રાજસિક, કોઈ તામસિક. બધાની પ્રવૃત્તિ અને

પ્રકૃતિ એકસરખી હોતી નહિ. તેઓના સંસર્ગમાં રહેવાથી, ભોજન કરવાથી અને વાર્તાલાપ કરવાથી તેમના રાજસિક અને તામસિક પરમાણુઓ આપણામાં સંક્રાંત થાય છે, આપણી સાત્ત્વિક શક્તિ તેમનામાં ચાલી જાય છે, એથી આપણા શરીર, મન, પ્રાણમાં તેની પ્રતિક્રિયા થાય છે. તેથી જ સાધનાકાળમાં લોકસમાગમ કરવાનો શાસ્ત્રે નિષેધ કર્યો છે. એકાંતસેવનનો મતલબ પણ એ જ છે કે વિક્ષેપથી બચવું. અપરિગ્રહનો મતલબ પણ એ જ છે કે બીજાના પરમાણુ ન આવે, કારણકે શક્તિ ચંચળ છે, સર્વદા જાવ-આવ કરે છે. મનના સંકલ્પથી પણ શક્તિ નિર્ગત થઈ જાય છે. એનું કોઈ માપ-તોલ કરી શકતું નહિ. સાધના અવસ્થામાં શક્તિસંચય કરવા માટે દરેક વાતમાં સાવધાન રહેવું પડે છે. જ્યારે શક્તિસંચય થઈ દૃઢ બની જાય અને તેના ઉપર આપણો કાબૂ રહે, તો પછી કોઈ જ બાધા પહોંચી શકતી નહિ, તે પછી આપણે જે કાંઈ કહીશું-કરીશું, તે લોકોને માનવું જ પડશે.

આપણી શક્તિ જ આપણી ઇચ્છાનુસાર જ બીજાને ચલાવશે. કોઈ ગમે તેવો હોય, તો પણ તે આપણી વાતને દરેક સંજોગોમાં અવશ્ય માનશે.

(XXIII) રાજ સર્વશ્રેષ્ઠ વસ્તુ છે, તો પણ તેના
અધિકારી કોણ છે તેનાં લક્ષણ શાસ્ત્રોમાં જણાવ્યા છે.
બધા તેના અધિકારી નથી.
રાજનો એકમાત્ર ઉપાય જપ, તપ અને યોગસાધના છે.

(XXIV) જગતમાં બધું દુઃખી છે.
તેઓને સુખી કરવાનો પ્રયત્ન કરીએ,
તો પણ તે સુખી થઈ શકતાં નથી,
કારણકે જેમના દુઃખનું પ્રારબ્ધ જ પ્રબળ છે, તેમને
બતાવેલો સુખનો ઉપાય પણ દુઃખરૂપ થઈ જાય છે.
એને શાસ્ત્રો 'ભાગ્ય' કહે છે.
સૌભાગ્ય પ્રાપ્ત કરવા તો સૌ કોઈ ઈચ્છે છે,
પરન્તુ સૌ કોઈને તે મળતું નથી.
જે અધિકારી છે, તે જ પ્રાપ્ત કરી શકે છે.

o ॐ नमो भगवओ अरहओ संति जिणस्स,
सिज्झउ मे भगवई महाविज्जा,
संति पसंति उवसंति सव्वं
पावं पसमेउ तओ सव्वसत्ताणं दुपयाणं च
उपयाण देसनगर गामागर पट्टण खेडाणं सुमाणसाणं
इत्थीणं नपुंसगाणं वा स्वाहा । (૯૨ વખત)

## 'આર્ય' શબ્દની વ્યાખ્યા

(૧) સર્વ હિંસાદિ હેયધર્મોથી દૂર રહેનાર.
(૨) રત્નત્રયાદિ ઉપાદેય ધર્મોમાં ત્વરિતગતિ.
(3) કૃતજ્ઞતા અને પરોપકારમાં પરિપુષ્ટ વિચારયુક્ત.
(૪) ઈંદ્રિયોના વિષયસુખને દુઃખ માનનાર.
(૫) પુદ્ગલલાભને પરવસ્તુ માનનાર.
(૬) ભોગને મહા રોગ માનનાર.
(૭) આભરણને મહા ભાર માનનાર.
(૮) નૃત્યને વિડંબના માનનાર.
(૯) ગીતને કાયક્લેશ માનનાર.
(૧૦) વિવેક, વિનય, દયા, ક્ષમાદિ ગુણોને આચરનાર.
આત્માને શુદ્ધ - બુદ્ધ - નિત્ય - નિરંજન આદિ ગુણવાળો માનનાર 'આર્ય' કહેવાય છે.

### ઋદ્ધિસંપન્ન આર્ય :

શલાકાપુરુષો તથા લબ્ધિધર મુનીઓ.

### અનૃદ્ધિસંપન્ન આર્ય :

(૧) ક્ષેત્રાર્ય (૪) કર્મઆર્ય (૭) જ્ઞાનઆર્ય
(૨) કુલાર્ય (૫) શિલ્પઆર્ય (૮) દર્શનઆર્ય
(3) જાતિઆર્ય (૬) ભાષાઆર્ય (૯) ચારિત્રઆર્ય.

શ્રીઁ

દર્શનમાર્ગ : સરાગમાર્ગ - ૧૦ ભેદ

(૧) નિસર્ગરૂચિ (૨) અધિગમરૂચિ (૩) આજ્ઞારૂચિ
(૪) સંક્ષેપરૂચિ (૫) સૂત્રરૂચિ (૬) બીજરૂચિ (૭) ઉપદેશરૂચિ
(૮) વિસ્તારરૂચિ (૯) ધર્મરૂચિ (૧૦) ક્રિયારૂચિ.

ક્રિયાના છ પ્રકાર

(૧) પ્રાયોગિકી દ્રવ્ય સાથે ભળ.

(a) પુદ્‌ગલોનું પુદ્‌ગલો સાથે સ્વયં અથવા પરપ્રયોગથી મળવું.
(b) મનોવર્ગણા અને વચનવર્ગણા સાથે આત્માના શુદ્ધોપયોગનું મળવું તથા કાયયોગ વડે ગમનાદિ ક્રિયા કરવી.

(૨) ઉપાયક્રિયા : જે ઉપાય વડે કરાય તે.

(૩) કરણક્રિયા : જેનાથી જે થતું હોય, તે થાય.
જેમ ઘટ માટીથી થાય તેમ.
ધર્મ પણ દાન - વૈરાગ્યાદિથી ધર્મના સ્થાને થાય, પરન્તુ પાપસ્થાનાદિથી ન થાય.

(૪) સમુદાનક્રિયા : અહીં યોગ વડે થતો કર્મબંધ.
તે ૧૦ ગુણઠાણા સુધી થતો હોય છે.

(૫) ઈર્યાપથિકી ક્રિયા : ૧૧ - ૧૨ - ૧૩ ગુણઠાણા સુધી થાય.

(૬) સમ્યક્ત્વ ક્રિયા : સમ્યગ્‌દૃષ્ટિ આત્માની ધર્મકૃત્યોમાં ભાવનારૂપી ક્રિયા, તે સમ્યક્ત્વ ક્રિયા કહેવાય છે.

પરમ પૂજ્ય આચાર્ય દેવો અનન્ત ગુણાલંકૃત હોય છે:

પ્રાતઃસ્મરણીય, પરમોપકારી, દાક્ષિણ્યસિંધુ, કૃપાબંધુ,
વિવેકના વિલાસી, શિવરમણીના પ્યાસી,
ત્યાગના અભ્યાસી, આ ભવનું હિતકર,
પરભવનું સુખકર, પરમતારક અને ભાવદયાના સાગર.

વિવિધ કાર્યના વિનિયોગ અંગે જાપ માટે અનુક્રમે
પ્રાણાયામના તથા ગુણના પ્રકારો

(१) રેચક (२) પૂરક (૩) કુંભક.
(४) સત્વ (५) રજસ્ (६) તમસ્.

(७) સ્થિરીકરણ : શુભાશુભ પ્રસંગોમાં મન અક્ષુબ્ધ રહે તે.
(८) સ્મૃતિ : નાસાગ્ર દૃષ્ટિવાળો, હૃદયપૂર્વકનો સ્મરણજાપ.
(९) હક્કા : અજપાજાપ અથવા અર્હ શબ્દપ્રયોગ કે જેથી દુષ્ટ ગ્રહો અને ક્ષુદ્ર દેવોનું અપસર્પણ થાય.
(१०) નાદ : કલા, બિંદુ અને નાદપૂર્વક મંત્રપદનું ઉચ્ચારણ.
(११) ધ્યાન : વર્ણમંડલ અને તત્ત્વપૂર્વકનું ધ્યાન.
(१२) ધ્યેયૈકત્વ : અર્હત ધ્યેયનું ઐકત્વ અથવા ધ્યેય દ્વારા થતું તરફથી પ્રાણોનું ઐક્ય.
(१३) તત્ત્વ : અંતઃકરણમાં અર્થને ઉલ્લાસિત કરવાવાળો ભાવાંકુર, કે જે વ્યસ્તાર્થક સ્વરૂપે શબ્દબ્રહ્મ જ છે.

श्रीँ

एकः शब्दः सुष्ठु ज्ञातः सुप्रयुक्तः
स्वर्गे लोके च कामधुग् भवति । - महाभाष्य

०

निःस्पंदमस्ति मन्त्रः प्रथमा तन्मात्रहेतुः परवन्ती ।
हृदये वर्णोत्पत्तिर्ध्यानिका शब्दमूर्तिः ॥
- मंत्रराजरहस्य (४९५) (परिशिष्ट-२०)

शब्दाज्जापो मौनस्तस्मात्स्थूलस्ततोऽपि चित्तस्थः ।
श्रेयानिह यदिवाऽऽत्मध्येयैकत्वं जापसर्वस्वं ॥
- मंत्रराजरहस्य (४९६) (परिशिष्ट-२१)

रेचकपूरककुम्भा गुणत्रयं स्थिरकृति स्मृती हक्का ।
नादो ध्यानं ध्येयैकत्वं तत्त्वं च जपभेदाः ॥१०॥
- योगशास्त्र (परिशिष्ट-२२)

०

सपरिकरोहि वर्णो मन्त्रो भवति,
केवलस्यार्थ क्रियाविरहात् ।
तस्य च बाह्याभ्यन्तर भेदेन द्वैविध्यात् ।
मण्डल - मुद्रादेर्बाह्यत्वात्, नादबिन्दुकलादेरान्तरत्वात्,
तेषामेवोद्दीपकत्वात् तद्भूतानामेव क्रियाजनकत्वात् ।
- सिद्ध हैम (परिशिष्ट-२३)

એક પણ પદ જો લબ્ધિ અક્ષરની વિભૂતિ પ્રાપ્ત કરે,
તો તો તે આરાધકની સામે
કામધેનુના આકારમાં આવિર્ભૂત થાય છે.

अ + र + ह + र + अ + ◡ + • + △ (કલા = ◡, બિંદુ = •, નાદ = △)

૨ સ્વર, 3 વ્યંજન, 3 કલા - બિંદુ - નાદ = ૮ અવયવ.

## ભક્તિના પ્રભાવે શું પ્રાપ્ત થાય ?

महात्म्यज्ञानपूर्वकस्तुदृढः
सर्वतो अधिकः स्नेहः सा भक्तिः । (પરિશિષ્ટ-૨૪)

ભક્તિના પ્રભાવે તન્મયત્વ પ્રાપ્ત થાય છે. ઘટના દૃષ્ટાંતે કાચો ઘડો પાણી સંગે નાશ પામે છે, અગ્નિથી પાકો થયેલો તે જ ઘટ પાણીને ધારણ કરે છે. શુદ્ધ ભક્તિથી પ્રભુમિલનની પ્રબલ આર્તિરૂપી અગ્નિથી ભક્તોનો પણ નવીન દેહ બંધાય છે અર્થાત્ પ્રધાન માયાના બંધને બંધાતો જીવ પછી માયામાં રહેતો હોવા છતાં માયા તેને સ્પર્શી શકતી નથી.

ગંગા એ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ છે અને
યમુના એ શુદ્ધ ભક્તિનું સ્વરૂપ છે.
સ્વપ્રયત્નથી એટલે યોગ અને જ્ઞાન વડે.
પરતઃ એટલે ઈશ્વરના આશ્રયથી - ભક્તિમાર્ગ દ્વારા.
આત્મસમર્પણ વિના તદીયત્વ પ્રાપ્ત થતું નથી.

શ્રી

## ભક્તિના ત્રણ ભેદ

(1) તનુજા (2) વિત્તજા (3) ચિત્તજા (માનસી).

ભક્તિમાર્ગ સાધનાધીન છે.

જેને નમીએ છીએ, તેના થઈએ નહિ,
ત્યાં સુધી નમન એ ખરા અર્થમાં નમન નહિ.

કેવળ અનુગ્રહથી કૃતકૃત્ય થનારા ભક્તો પુષ્ટિમાર્ગીય છે.
શાસ્ત્રમાં કહેલાં સાધનો દ્વારા શ્રેયઃ પ્રાપ્ત કરવા મથતાં
ભક્તો મર્યાદા ભક્તો, બાકીના બધા પ્રવાહી-સંસારી ભક્તો છે.

દાન ત્યારે જ કહેવાય કે પોતાની વસ્તુ હોય અને
બીજાને દયા-ભક્તિ કે બદલો મેળવવાની બુદ્ધિથી આપીએ.

સમર્પણમાર્ગમાં કોઈપણ વસ્તુની માલિકી જ
જ્યાં પોતાની નહિ, પછી આપવાનું રહ્યું ક્યાં?

આત્મનિવેદન એ દાન નહિ પણ માત્ર કબૂલાત છે.

પ્રભુનું જે છે...
તે માયાથી અહંતાથી અને મમતાએ સેવીએ છીએ.
તેમાંથી મમતા ઉઠાવી લઈ,
પ્રભુનું માલિકીપણું કબૂલી,
સેવકભાવે સેવાય, તેમાં દોષ નહિ.

- સિદ્ધાંત રહસ્ય

સર્વ સમર્થ હરિ છે. હરિ તણા સર્વ લાભ છે.
હરિ સર્વ ચિંતાનિવારક મંત્ર છે. તે સત્યસંકલ્પ છે.
ભક્તિભાવે બધું સમર્પણ કરવાથી કૃતાર્થતા થાય છે
અને અંતઃકરણ નિશ્ચિત સુખી થાય છે.
હરિશરણમાં ચિત્ત રાખવાથી વિનાશનો ભય ટળે છે અને
નિત્ય નવું - શુભ થાય છે. ભક્તિમાં પ્રેમ, આસક્તિ,
સ્નેહ અને વ્યસન થવા જોઈએ. ભક્તિમાં પ્રેમ અને
સ્નેહથી સંસારનો રાગ જશે. આસક્તિથી સંસારમાં અરુચિ
થશે અને વ્યસનથી અનાત્મ ભાવો બાધક જ લાગશે.

પ્રેમ તથા સ્નેહ - (રાગનિવારક)

આસક્તિ - (અરુચિજનક), વ્યસન - (બાધક વૃત્તિ).

વિષયાસક્ત દેહમાં હરિનો પ્રવેશ નહિ.

જગમાં દોષ દેખાય, તે મનનો જાણવો.

'એક ઈશ્વર સિવાય કોઈ અદોષ નહિ'

એમ માનીને સર્વ ભૂતના હિતમાં રત થવું.

આખું જગત બ્રહ્મરૂપ જ માનવું.

માનસિક ક્રિયા મનુષ્ય પોતે અહોનિશ કરતો હોય છે.
તેના અસર પોતાના અને દુનિયા પર નાંખતો હોય
છે, તેમ જ દુનિયાની તમામ માનસિક ક્રિયા તેના ઉપર

અસર નાંખતી હોય છે. આમ મનુષ્ય અહોનિશ ક્રિયા-પ્રતિક્રિયાના વાતાવરણ વચ્ચે જ જીવે છે, તેમ એની અનુકૂળ અને પ્રતિકૂળ અસરો નિરંતર ચાલ્યા જ કરે છે.

(૧) બાળ - વૃદ્ધ, જ્ઞાની - અજ્ઞાની વગેરે સર્વનો તમામ અવસ્થામાં અને સર્વ કાળમાં સ્વાભાવિક ધર્મ

એ છે કે પરમેશ્વરને નમન કરવું.

સર્વ પ્રથમ ઈશ્વરને નમવું,

એ તો સર્વ મનુષ્યોનો સ્વાભાવિક ધર્મ છે.

અપૂર્ણ મનુષ્ય પૂર્ણને નમ્યા વિના પૂર્ણ કેવી રીતે થાય?

(૨) સર્વ શાસ્ત્રોનું પ્રયોજન અહંતા-મમતાનો નાશ છે,

પછી તે સેશ્વર હો કે નિરીશ્વર હો.

નિરહંકાર બનીને સ્વસ્વરૂપમાં રહેનાર જીવ થાય,

ત્યારે કૃતાર્થ બને છે - મોક્ષ પામે છે.

(૩) નિરીશ્વરવાદી શાસ્ત્રોનું ફળ નરક છે, તેમ અનાદરણીય યોગમાર્ગમાં બાહ્યત્યાગ નહિ પણ આંતરત્યાગ છે, ચિત્ત-વૃત્તિઓનો નિરોધ છે. દાસપણું-તદીયપણું પર્યાયાર્થક છે.

(૪) જીવ સ્વરૂપે નહિ પણ સ્વભાવે દુષ્ટ છે, તેમ દોષના અભાવ માટે પ્રેમપૂર્વક શ્રવણાદિ કરવા એ કર્તવ્ય છે.

'સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્।'

(પરિશિષ્ટ-૨૫)

શ્રવણાદિ વિના ભક્તિ જાગતી નહિ અને સમર્પણ
વિના દાસત્વપણું આવતું નહિ. દાસત્વપણું ન આવે તો જ
ત્યાં સુધી તે મેળવવા માટે અન્ય ભક્તિ ચાલુ રાખવી.

ગુણાત્મક ભક્તિ કરતાં સર્વાત્મક ભક્તિ શ્રેષ્ઠ છે.

પોતાના ઇષ્ટદેવમાં બીજા દેવનો અંતર્ભાવ, તે
અનન્ય પ્રકારે થતી ભક્તિ છે. માનસી સેવા ઉત્તમ છે.
ચિત્ત પ્રભુમાં પરોવાય, તે માનસી સેવા છે.

ચેતસ્તત્પ્રવણાસેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા
તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્ ।
(પરિશિષ્ટ-૨૬)

(૫) પંચપર્વ અવિદ્યારૂપ ઉપાધિ

(1) સ્વરૂપનું અજ્ઞાન (2) દેહાધ્યાસ (3) ઇન્દ્રિયાધ્યાસ
(4) અંતઃકરણાધ્યાસ (5) પ્રાણાધ્યાસ.

પ્રભુ અનુગ્રહથી જ કલ્યાણ કરે છે, સાધનથી નહિ.

(૬) 'સર્વતોઽધિકઃ સ્નેહઃ ભક્તિઃ ।'

શ્રવણાદિથી પ્રભુનું માહાત્મ્યજ્ઞાન મેળવવાથી
અવિદ્યા નાશ પામે છે. એ પછી સર્વથી અધિક અને
સુદૃઢ સ્નેહ પ્રભુમાં થાય, તેવો સ્નેહ 'ભક્તિ' છે.
સુરભક્ત દૈન્યવાળા હોય, અસુરભક્ત માનવાળા હોય.

(૭) જપ - દેહ - ક્રિયા.

મંત્ર - યંત્ર - તંત્ર.

પુષ્ટિ - મર્યાદા - પ્રવાહ.

અનુગ્રહ માર્ગી - સાધન માર્ગી - સંસારી.

ભક્તિ - પુષ્ટિ - અનુગ્રહ એકાર્થક છે.

આસુરી - પ્રવાહી - માની એકાર્થક છે.

મર્યાદાદૈવી જીવો અને પુષ્ટિદૈવી જીવોની પ્રકૃતિ ભિન્ન છે.

(૮) ઇચ્છા વડે પ્રવાહીસૃષ્ટિ, વચન વડે મર્યાદાસૃષ્ટિ, અંગ વડે પુષ્ટિસૃષ્ટિ (સર્જી છે). આસુરી વૃત્તિવાળા હંમેશા દ્વેષી, ક્રૂર, અધમ, અશુભ અને આસુર હોય છે. શાંત નહિ, સાંત = પર્યાયવાચી. મર્યાદાદૈવી જીવો મોક્ષફળ મેળવે છે. પુષ્ટિ જીવો પ્રભુના અનુગ્રહપૂર્વક પુરુષોત્તમ પદ પામે છે. પુષ્ટિજીવોને ભક્તિમાં નિષ્ઠા હોતી નથી, પરન્તુ પ્રભુના સ્વરૂપની સેવામાં જ નિષ્ઠા હોય છે.

પુષ્ટિપક્ષે પ્રભુ ઉપર અત્યંત સ્નેહને લીધે છે, વૈદિકપક્ષે એ વૈદિકકાર્ય ઉપર આગ્રહ રાખી વર્તવા ઉપર છે અને લૌકિકપક્ષે સંસારની આસક્તિને લીધે છે.

(૯) આત્મભાવિત ભગવાન: પોતાના અંતઃકરણમાં ભાવના કરાયેલ ભગવાન જ્યારે તેના ઉપર અનુગ્રહ કરે, ત્યારે

તે ભક્ત વેદ તથા ભેદકુમાં ચોંટેલી બુદ્ધિનો ત્યાગ કરે છે.

વેદના પ્રવચનથી, તપથી, દાનથી અને
યજ્ઞ કરવાથી પ્રભુનું દર્શન થઈ શકતું નથી.

'જેના પર પ્રભુકૃપા થાય, તે જ તેના દર્શન કરી શકે.'

'પ્રભુની મારા પર સતત કૃપા વરસી રહી છે અને તે કૃપા જ મને ઊંચે ચઢાવી રહી છે' એવી શ્રદ્ધાવાળાને જ પ્રભુનું દર્શન થાય છે, પ્રભુનું માહાત્મ્ય સમજાય છે.

ભક્તિમાર્ગ નિઃસાધન છે, તેથી સાધનમાર્ગથી ભિન્ન છે.

(૧૦) મન સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે. બુદ્ધિ તેના રદીયા આપે છે. પછી ચિત્ત રદીયા ઉપરથી નિશ્ચય કરે છે અને અહંકાર તે નિશ્ચયનો અમલ કરે છે.

(૧૧) હરિઇચ્છા બળવતી છે.

પ્રાર્થના નિરર્થકને સાર્થક છે.

સર્વ પ્રભુનું છે. પ્રભુ સર્વસામર્થ્યવાન છે.

પરતંત્રે અભિમાન કરવું, એ મહાદોષ છે.

આખું જગત પ્રભુનું દાસ છે પરંતુ બધા દાસત્વને સ્વીકારતાં નથી, તેથી તેમને દાસધર્મ સિદ્ધ થતો નથી.

ભગવાન વસ્તુના નહિ પરંતુ ભાવનાં જ ભૂખ્યા છે.

વિવેક, ધૈર્ય અને આશ્રયનો ત્યાગ ન કરવો.

ઉત્તમ કાર્ય પ્રથમ કરવું.

કાર્યની ઉત્તમતા, મધ્યમતા, જઘન્યતાનો વિભાગ પાડવો.

દેહાધ્યાસથી જે માનસિક દુઃખો થાય, તે આધિભૌતિક.

ઇંદ્રિયાધ્યાસથી આધ્યાત્મિક, તે સિવાયનું દુઃખ આધિદૈવિક.

તત્પર રહે અક્ષર છે.

કષ્ટ - પાષાણવત્ બનવું અને મરણપર્યંત કષ્ટ સહવું.

(૯૨) વિવેક અને ધૈર્ય સ્વબળથી સ્થિર થતું નથી,
હરિના આશ્રયથી જ તે સિદ્ધ થાય છે.

હરિ સિવાય તમામ સ્થાનક લયાત્મક છે.

० अशक्ये हरिरेवास्ति, सर्वमाश्रयतो भवेत् ।

० ऐहिके पारलौके च सर्वथा शरणं हरिः ।

(પરિશિષ્ટ-૨૭) તથા (પરિશિષ્ટ-૨૮)

ચાતક સમ વિશ્વાસુ રહેવાથી શરણાગતિ સિદ્ધ થાય.

(૯૩) લોકમાં ધનાદિ સંપત્તિવાળાનો અને લોકોત્તરમાં વિવેક - ધૈર્ય નવધા ભક્તિ આદિનો ભાવ પૂછાય છે. સાધન - સંપત્તિવાળાનો ભાવ અક્ષરબ્રહ્મ સુધી પૂછાય છે. દીનદયાળ તો અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ જ છે. ભક્તને પ્રભુઆશ્રય અને પ્રભુસેવા સિવાય કાંઈ ઇચ્છવા હોતું નથી. ભાવમાં જે સામર્થ્ય છે, તે પુરુષોત્તમનું જ છે.

## સાધના ક્યાં સુધી કરવી ?

જ્યારે તે આપોઆપ થવા લાગે, ત્યાં સુધી.

ઈશુ ધર્મનો પાયાનો સિદ્ધાંત છે કે 'વધુ પ્રેમ કરો.' જે વધુ પ્રેમ કરે છે, તે માનવ જાતને પ્રેમ કરવાનો ઉપદેશ નથી આપતો, તે તો માત્ર પ્રેમ જ કરે છે. એક ઓછો પ્રેમ કરતો હોય, તો બીજાએ વધુ કરવો. તમે જુઓ કે કોઈ તમને તિરસ્કારે છે અને તમારું નુકસાન પહોંચાડે છે, ત્યારે તમારી આત્મશક્તિ એકઠી કરીને તેને અત્યાર સુધી ન કર્યો હોય, એટલો પ્રેમ કરો. જગતના જીવોનો પરસ્પર સંબંધ એ ઈશ્વરશક્તિનો રથ છે. એ રથમાં ઊબડખાબડ હોય, તો સરખો કરવો જોઈએ. એક બાજુ જો જરૂ ઓછો પ્રેમ હોય, તો તે ખોટ પૂરી કરવા તમારે તમારી બાજુનો પ્રેમ વધારી દેવો જોઈએ. પ્રેમ જ એક એવું અસ્તિત્વ છે કે તે જીવમાત્રના અંતરમાં વસે છે... એટલે કે એ ઈશ્વરમાં જ વસે છે.

જેણે વિશ્વવિદ્યાલયની ડીગ્રી મેળવી છે, તેણે જ્ઞાન નહિ, કિન્તુ જ્ઞાન મેળવવાની શક્તિ મેળવી છે.

જ્ઞાનસમુદ્ર તેણે ઓળંગ્યો નથી, કિન્તુ તરતાં શીખ્યો છે. સર્ટીફિકેટ મળ્યું એટલે જ્ઞાન મેળવવાની શક્તિ મળી.

પ્રમાણપત્ર મળતાં જ લાભ મેળવવાનું છોડી દે, તો શું થાય?
રોજ લાભ પ્રાપ્ત કરવાની અને રોજ સેવા કરવા.
મનુષ્ય હોવા છતાં જો પોતાની માટે જ જીવશે, તો
સમજવું જોઈએ કે જન્મ જાનવર તરીકે જીવવામાં ગયો.

સેવા કરીને જો બદલો ચાહીએ,
તો માનવું કે રાંધીને ખીરમાં ઝેર ભેળવ્યું.

રોજ ને રોજ એવી સેવા થાય કે જેના બદલામાં કાંઈ
મેળવવાની ઈચ્છા ન થાય તો આત્મસમાધાન પ્રાપ્ત થાય.
પ્રભુનું નામ લેવાની સાથે પ્રભુનું કામ પણ કરવું જોઈએ.

ભક્તિ સારુ સૌ ઉપર પ્રેમ પણ જોઈએ.

જિંદગી પ્રેમથી ભરેલી હશે તો જ ભગવાનની ભક્તિ થશે.

પવિત્ર થવાથી જ ચિત્તને સમાધાન મળે છે.

એ વિચારવું જરૂરી છે કે આપણે મેળવીએ છીએ ખૂબ પણ
પાછું આપીએ છીએ કેટલું? એનું જ નામ 'દાન' કે
પોતાના ઉપર પ્રેમ છે, તે ઓછો કરીને બીજા ઉપર,
આપનાર કુદરત ઉપર, ભગવાન ઉપર પ્રેમ કરીએ.
જે પ્રેમને પોતામાં જ બાંધી રાખે છે, તે બધું જ ખોવે છે.
'પોતાના ઘરનું અજવાળું બહાર ન જવા દઉં' એ વિચારે
બારી-બારણાં બંધ કરનારનું શું થાય? હવા તે પણ જાય.

વિચારથી એ સમજાય છે કે આપણે શું કરવું જોઈએ?
પ્રેમથી એ સમજાય છે કે એ શી રીતે કરવું જોઈએ?
વિચાર અને પ્રેમમાં આ જ ભેદ છે.

અસલ હકીકત છે કે:

મારા પગમાં પગરખાં નહોતાં એથી હું કચવાતો હતો પણ
પછી એક જણ એવો મળ્યો કે જેને પગ જ નહોતાં,
એટલે મારી મૂર્ખાઈ મેં જોઈ અને મારો અસંતોષ મટી ગયો.

आ ओवमाइ परदुःखाकरणं रागदोसमज्झत्थं ।
नाणाइतिगं तस्साइ पोअणं भावसामाइ ॥
आत्मोपमया, आत्मोपमानेन परदुःखाकरणं
भावसामेति गम्यते ।
आत्मनीव परदुःखाकरण परिणामो भावसाम ।
तथा, रागद्वेष माध्यस्थ्येन अनासेवनया
रागद्वेष मध्यवर्तित्वं समं ।
सर्वत्राऽऽत्मनस्तुल्यरूपेण वर्तनम् इत्यर्थः ।
ज्ञानादित्रयमेकत्र सम्यग् इति गम्यते ।
मोक्ष प्रसाधकत्वादिति भावना,
तस्य आत्मनि प्रीतनम् प्रवेशनम् इकमुच्यते ।

(પરિશિષ્ટ-૨૯)

# શું જોવું?

સમ્યગ્દર્શન = સમ્યક્ પ્રકારે સામાન્યથી જોવું.

સમ્યગ્જ્ઞાન = સમ્યક્ પ્રકારે વિશેષથી જોવું.

સમ્યગ્ચારિત્ર = સમ્યક્ પ્રકારે વર્તવું.

જીવમાત્રમાં રહેલું સમાન જીવત્વ જોવું, જાણવું એટલું જ માત્ર જ્ઞાન અપેક્ષિત છે. એ જ્ઞાન ન હોય અને જાણું બધું જ્ઞાન હોય, તો એ ચારિત્ર ક્રિયા ન આપે! જીવાદિ તત્ત્વને જાણી તેને સમ્યક્ત્વ થાય, ભાવથી સદ્દહે તેને પણ થાય. ભાવથી સદ્દહવું એટલે ભદ્રક પરિણામી, સરળ-અશઠ પરિણામી, ન્યાયી, સત્ય સ્વીકારનારા થવું.

જીવના જીવત્વ, સિદ્ધત્વ, સાધુત્વ, તીર્થંકરત્વને જાણવું, તેનું જ નામ જીવાદિ નવતત્ત્વોનું જ્ઞાન.

કર્મ બંધાવવાના દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ તે ષડ્દ્રવ્યો.

અજીવ કર્મથી બંધાયેલ તે અજીવતત્ત્વ.

'જીવને મોક્ષ મળો' એ વિચાર તે તીર્થંકરત્વ,

પુણ્યાનુબંધી પુણ્યતત્ત્વ.

જીવને દુઃખ ન થાય તેવું વર્તન તે સાધુત્વ, સંવર, નિર્જરા.

જીવને દુઃખ થાય, તેવું વર્તન તે આશ્રવ તથા બંધ.

'જીવને સંસારસુખ મળો' એવી ઇચ્છા તે પાપાનુબંધી પુણ્ય.

'જીવને દુઃખ મળો' એવી ઇચ્છા તે પાપતત્ત્વ.
'દુઃખના કારણભૂત કુવિચાર મળો' તે પાપાનુબંધી પાપ.
સ્વપ્રયોજન માટે થતું વર્તન, વચન કે વિચાર તે પાપ.
પરપ્રયોજન માટે થતું વર્તન, વાણી કે વિચાર તે પુણ્ય.
જીવમાત્ર પ્રત્યે આત્મતુલ્ય વર્તન કરવા માટેની રુચિ
જગાડનાર જ્ઞાન એ જીવના જીવત્વમાં રહેલું સુખ-દુઃખનું
ઉત્પાદક પરિણતત્ત્વનું જ્ઞાન છે અને એ વિશ્વનું
બીજો ગ્રન્થોનું જ્ઞાન અંધ આગળ દીપક સમાન છે.
અંધ દેખવાની ક્રિયા ન કરે, તો દીપક શું ઉપયોગી?
દેખવાની ક્રિયા જ દીપકની સાર્થકતા કરાવનારી છે.

જેનામાં પ્રાણ નથી, તેનામાં પ્રાણ રેડવો -
તેનું નામ 'પ્રાણપ્રતિષ્ઠા'.

આ પ્રાણ રેડવાની ક્રિયા મંત્રજાપ - ભાવનાભાવથી થાય.
પવિત્ર પુરુષો આવા પ્રસંગે મંત્રોચ્ચાર અથવા
મંત્રજાપ કરી ભાવનાનો સ્રોત વહાવે છે.

o જેમ સ્ત્રીની સુંદરતા તેના શીલમાં છે,
વચનની સુંદરતા તેના સત્યમાં છે,
ભાષાની સુંદરતા તેના વિચારમાં છુપાયેલી છે,
તેમ ક્રિયાની સુંદરતા તેના અનુભવમાં સમાયેલી છે.

શ્રી

સુવર્ણ અને પીત્તળ - ઉપરથી એકરૂપ અર્થાત્ પીળાં જ
હોવા છતાં તેની કસોટી તાપ આપવાથી જ થાય છે.
તપે સુવર્ણ છે કે પીત્તળ તે દુનિયા શા રીતે જાણી શકે?

પરમાત્મા દુઃખરૂપી કસોટીનો તાપ આપીને
તેટલાં ખાતર જ તમારી કસોટી કરે છે.

આત્મા સદા પૂર્ણ છે, તે શુદ્ધ છે, તેજસ્વી છે, જ્ઞાનપ્રદ છે,
આનંદસાગર છે. તેમાં નથી શત્રુ કે મિત્રરૂપ રાગ-દ્વેષની છાયા
કે આ પારકો કે પરાયો એવા સ્વાર્થયુક્ત માયા. તે અવિકૃત,
નિષ્કલંક, સ્વયં પ્રકાશિત છે. જ્યારે યથાર્થ જ્ઞાનદૃષ્ટિ ખૂલે,
ત્યારે અને આત્માથી એકતા સંધાય છે, ત્યારે ભેદીનો
નાશ થાય છે. જેની ભેદબુદ્ધિ નાશ પામી, તેને અગ્નિ
અને અંગારા બંને સમાન જ છે. સ્ત્રી ઉપર હાથ મૂકવાથી તેને
સુખ કે અગ્નિ ઉપર હાથ મૂકવાથી તેને દુઃખ થતું નથી.

o શુભનું પરિણામ હંમેશા શુભ જ હોય છે.

જેમ કુદરતના રાજ્યમાં બાજરી વાવીને
જુવારની આશા કદી રખાતી નથી,
તેમ શુભના પરિણામમાં અશુભની શંકા હોઈ શકે જ નહિ.

ॐ क्षेमं भवतु सुभिक्षं स्वस्थं निष्पद्यतां जयतु धर्मः ।
शाम्यन्तु सर्व रोगा ये केचिदुपद्रवा लोके ॥१॥

(પરિશિષ્ટ-૩૦)

સાંભળેલા કરતાં જોયેલા અને જોયેલા કરતાં
અનુભવેલા વસ્તુનું વર્ણન વધારે અસરકારક
અને અધિક લોકભોગ્ય બની શકે છે.
જે કાંઈ જાણ્યું, તેનો જીવનમાં અનુભવ કરવો,
એ જીવનના સિદ્ધાંતને કેળવવાનો મુખ્ય ઉપાય છે.
અનુભવ એ એક મૂક બોધ છે અને
એની અસર સર્વત્ર વિજળીની જેમ ફેલાય છે.
બીજાની કહેલી વાત આપણે જ્યારે કહીએ છીએ, ત્યારે
પાંચ માણસ સાંભળે છે. પોતાની જાણેલી વાત કહીએ,
ત્યારે સો માણસ સાંભળે છે અને પોતાની અનુભવેલી
વાત બીજાને કહીએ, ત્યારે હજાર લોકો સાંભળે છે.
આત્માથી ઉઠેલું સ્ફૂરણ જ કાર્યનું સર્વોત્તમ મુહૂર્ત છે.

જુનાગઢ, ગિરનાર, સતસાધન, કા. સુ. ૧૫

અહં - દેહ
દેહ - ચૈતન્ય
ચૈતન્ય - સર્વવ્યાપી
સર્વવ્યાપી - સર્વોદય
સાધન - અહં સ્વરૂપ.

અહં ન છૂટે, ત્યાં સુધી અહંને હૃદયમાંથી ન છોડવા.

જીવમાત્રમાં રહેલું જીવત્વ એ સંગ્રહનયનો વિષય છે. તિર્યક્ સામાન્યની દૃષ્ટિએ પ્રાપ્ત થતું સમત્વ એ સમતા સામાયિકનું અંગ છે, તેમ ઉર્ધ્વતા સામાન્યની દૃષ્ટિએ પ્રાપ્ત થતું સમત્વ પણ સમતા સામાયિકનું જ અંગ છે. એકને મધુરપરિણામ, બીજાને કટુપરિણામ કરી શકાય.

પ્રત્યેક પર્યાયની પાછળ દ્રવ્ય એક જ છે.

સમત્વ પ્રાપ્તિનો ઉપાય એ જ છે કે:

પર્યાયને ગૌણ કરી દ્રવ્યને મુખ્ય બનાવવું.

ગુણને ગૌણ કરી દ્રવ્યને મુખ્ય બનાવવું,

તે તિર્યક સામાન્યનો વિષય છે, પર્યાયને ગૌણ કરી દ્રવ્યને મુખ્ય બનાવવું, એ ઉર્ધ્વતા સામાન્યનો વિષય છે. 'જીવત્વેન' જીવ સમાન છે, તેમ 'દ્રવ્યત્વેન' દ્રવ્ય પણ સમાન છે. કોઈપણ જીવ ઉપર કર્મકૃત વૈષમ્યના કારણે વિષમ ભાવ ન થવો જોઈએ. આત્માના કોઈપણ પર્યાયના કર્મનિમિત્ત વૈષમ્યના પરિણામે વિષમતા ન થવી જોઈએ, કેમકે તે પર્યાયની પાછળ દ્રવ્ય એનું તે છે.

શું ગુલાબનું પુષ્પ કહે છે કે મારે સુવાસ જોઈએ છે?

શું દીપક કહે છે કે મારે પ્રકાશ જોઈએ છે?

શું સાકર કહે છે કે મારે મીઠાશ જોઈએ છે?

એવું જ આત્માને માટે સુખની માગણી કરવી તે છે.

આપણી રક્ષકસત્તા ઈશ્વરને આપણો ભાર સોંપ્યા પછી પણ શંકાશીલ થવું એટલે ઈશ્વરના સામર્થ્યમાં અવિશ્વાસ રાખવો. ઈશ્વરના અસ્તિત્વના ભાનને વિસારી મનુષ્ય નાહક જ ગભરાય છે. ઈશ્વર સર્વ અનાથોનો નાથ છે, નિર્બળોનો રક્ષક તથા વિશ્વમાત્રનું પોષણ કરનાર છે. એવા પરમકૃપાવાન ભગવાન આપણું અહિત કરે જ કેમ?

હંમેશા શુભની ભાવના કરો.

તમને પ્રકટપણે પણ કાંઈ અશુભ જણાતું હોય,
તેમાં પણ શુભને જ જુઓ.

અશુભ જેવી કોઈ વસ્તુ જ દુનિયામાં નથી.
જે થાય છે, તે સારા માટે જ થાય છે,
તેથી અંતરમનમાંથી ભય - ચિન્તાને કાઢી નાંખો,
એટલે તમે મુક્ત થશો.

વિશ્વપ્રેમ એ જ સનાતન વિશ્વધર્મ છે.
જૈનધર્મ વિશ્વધર્મ છે, કેમકે તે વિશ્વપ્રેમ શીખવે છે.
પ્રેમ વિશ્વાત્મારૂપ છે અને વિશ્વાત્મા પ્રેમરૂપ છે.

સનાતનો નિત્ય નૂતનઃ ।
અર્થાત્ જે પ્રાચીનતમ હોવા છતાં
પ્રતિક્ષણ નિત્ય નૂતન છે, તે 'સનાતન' કહેવાય છે.

શ્રીં

મન, વચન અને કાયાથી શુભને અનુમોદવા રૂપ ૩ કોટિ સામ, સમ અને સમ્મરૂપ સામાયિકનું નવકારરૂપ અંગ છે.
મન - વચન - કાયાથી શુભ કરવા અને કરાવવા રૂપ સામાયિકના સામ, સમ અને સમ્મરૂપ અંગો છે.

સામ = મધુર - સ્નેહપરિણામ.

વિભિન્ન જીવોમાં રહેલાં જીવત્વ ઉપર સ્નેહપરિણામ.

સમ = તુલા - સમત્વપરિણામ.

વિભિન્ન પર્યાયોમાં રહેલ દ્રવ્યત્વરૂપ સમાન પરિણામ તથા

સમ્મ = ઉપાદેયત્વપરિણામ.

વિભિન્ન ગુણોમાં રહેલ શક્તિરૂપ સમાન પરિણામ ઉપર સ્નેહનો પરિણામ અને ઉપાદેયત્વ બુદ્ધિ તે સમ્મ છે.
શક્તિ માત્ર ઉપાદેય છે, જીવત્વ માત્ર આદરપાત્ર છે અને દ્રવ્યત્વ માત્ર સમાન બુદ્ધિથી જોવાલાયક છે.
સામાયિકની પ્રતિજ્ઞા એટલે નવ કોટિ સાવદ્ય ત્યાગ કરવો અને નિરવદ્ય સેવનની પ્રતિજ્ઞા લેવી.

સાવદ્યસેવનના એકે ત્રણ કરણ અને ત્રણ યોગ છે.
નિરવદ્યસેવનના સાધન પણ ત્રણ કરણ અને ત્રણ યોગ છે.

ત્રણ કરણ એટલે મન - વચન - કાયા.

ત્રણ યોગ એટલે કરણ - કરાવણ - અનુમોદન.

યોગ વ્યાપાર રૂપ છે. શક્તિનો પ્રયોગ મનરૂપી કરણ વડે કરવા, કરાવવા અને અનુમોદવા રૂપ થાય છે અને એ જ રીતે વચન અને કાયારૂપી કરણ વડે કરવા, કરાવવા અને અનુમોદવા રૂપે થાય છે. ટૂંકમાં નિરવદ્યસેવન રૂપ સામાયિક પ્રાણશક્તિના સદુપયોગ રૂપ છે. સાવદ્યત્યાગરૂપ સામાયિક પ્રાણશક્તિના અસદુપયોગને અટકાવવા રૂપ છે.

સંવર = પ્રાણશક્તિના અસદુપયોગને અટકાવવો.

નિર્જરા = પ્રાણશક્તિના સદુપયોગને કરવો.

સંવર - નિર્જરાતત્ત્વ આ રીતે શક્તિ - આત્મવીર્ય - તેના સદુપયોગને કરવારૂપ તથા દુરૂપયોગને અટકાવવારૂપ છે. શક્તિનો સદુપયોગ કરવા સમ્યગ્જ્ઞાન - દર્શન જોઈએ. સમ્યગ્જ્ઞાન એ સર્વ જીવોને આત્મતુલ્ય જાણવા રૂપ છે, સમ્યગ્દર્શન એ સર્વ જીવોને આત્મતુલ્ય જોવા રૂપ છે. જૈનદર્શન તો આગળ વધીને પ્રત્યેક જીવના પર્યાય-ગુણોને પણ દ્રવ્યદૃષ્ટિએ અને શક્તિની દૃષ્ટિએ તુલ્યતયા જોવાનું શીખવે છે. પર્યાયમાત્ર દ્રવ્યથી કથંચિત્ અભિન્ન છે, તેમ ગુણ પણ દ્રવ્યથી કથંચિત્ અભિન્ન છે.

પર્યાયમાં દ્રવ્યને અને ગુણમાં આત્મશક્તિને જોવા, એ સમત્વ - સમ્યક્ત્વ જાળવી રાખવાનો એકમાત્ર ઉપાય છે.

પર્યાય કૃત વૈષમ્ય દ્રવ્યદૃષ્ટિવાળાને માયારૂપ લાગે છે,
તેથી સમ્યગ્જ્ઞાનની મર્યાદાની અંદર મૂંઝાતો નથી.
ગુણ એ ક્ષયોપશમલબ્ધિથી પ્રગટ થતી આત્મશક્તિ છે.
શક્તિ એ શક્તિમાનથી જુદી નથી, તેથી
ભિન્ન ભિન્ન નયો વડે થતો ભિન્ન ભિન્ન શક્તિનો બોધ
સમ્યગ્જ્ઞાનીને મૂંઝવનારો થતો નથી.

'નયેષુ તનયેષ્વિવ |'

એ વાક્યનું તાત્પર્ય એ છે કે:

વિભિન્ન નયોનું નિરૂપણ પરસ્પર વિરુદ્ધ હોવા છતાં એક જ વસ્તુને સમજાવનારું છે, એક જ વસ્તુની વિભિન્ન બાજુઓ છે, તેથી જુદાં જુદાં નિરૂપણો એક જ વસ્તુનો પૂર્ણ બોધ કરાવવામાં સહાયક છે, પૂરક છે પણ વિરોધક નથી, બાધક નથી. જેઓ જુદાં જુદાં દર્શનોના જુદાં જુદાં નિરૂપણો જોઈને મૂંઝાય, તેઓ વસ્તુમાં રહેલા અનંત ધર્મોથી અજાણ છે. અનંત ધર્મોનું પ્રતિપાદન કરનારાં અનંત દર્શનો પણ સમ્યગ્જ્ઞાનીને મોહ ઉત્પન્ન કરી શકતાં નથી. ષડ્દર્શન તો અનંત દર્શનોનો સંગ્રહનયથી વિચાર છે, તેથી તે તે દર્શનો વસ્તુનો પૂર્ણબોધ કરાવવા માટે ઉપકારક છે. એકેકું સમ્યક્પણું સામાયિકના ત્રીજા અર્થથી ફલિત થાય છે.

તેથી સર્વ જીવો, એવં જીવના સર્વ પર્યાયો અને જીવની અંદર રહેલ અનંત શક્તિઓ અનુક્રમે મધુર પરિણામ, સમ પરિણામ અને સમ્યક્ પરિણામ વડે સમ્યગ્ દૃષ્ટિને, અતુલ સમત્વને અર્પનાર થાય છે.

એનું નામ વસ્તુતઃ સામાયિક ધર્મ છે,
જેના વડે મોક્ષરૂપ અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

ધર્મમાર્ગા ભિન્નાઃ સન્તિ દર્શનાનાં વિભેદતઃ ।
મોક્ષાર્થં સમતાં યાન્તિ સમુદ્રં સરિતો યથા ॥૮૭॥
ગવામનેકવર્ણાનામેકવર્ણં યથા પયઃ ।
ષટ્દર્શનમાર્ગાણાં મોક્ષમાર્ગસ્તથા મતઃ ॥૮૮॥

- યોગપ્રદીપ (પરિશિષ્ટ-૩૧)

એવં જ્યારે સર્વવિરતિ સ્વીકારે અને ચૌદ રાજલોકમાં આત્માનો ડંકો વાગે એવું ક્યારે? પોતાના સુખ માટે પ્રયત્ન કરવા છતાં સર્વને સુખ થાય, એવું ક્યારે? સુખ આત્મામાં જ હોવા છતાં તેનો અનુભવ કરવા માટે આત્મૌપમ્ય બુદ્ધિનો આવિર્ભાવ થવો જ જોઈએ. બધા આત્માઓ સ્વ સમાન હોવા છતાં તેઓને તે દૃષ્ટિએ જોવા જે સ્વીકારવામાં ન આવે તો આશાતનાનો દોષ લાગે. વિશુદ્ધ આજ્ઞાયોગના આરાધન વિના દ્રવ્ય-

અહિંસાનું પાલન કુલટા નારીના ઉપવાસની જેમ નિરર્થક છે.
જીવમાત્રના પ્રાણ દ્રવ્ય - ભાવ ઉભય ઉપર અલૌકિક
ભાવ જાગ્યા વિના કેવળ દ્રવ્યપ્રાણની રક્ષા માટેની જ
યતના જીવ માટે નહિ પણ સ્વઅહંકાર પોષણ અર્થે છે.
જીવના જીવત્વ પ્રત્યે આદરનો ભાવ જાગ્યા વિના ઘણું
દ્રવ્યાહિંસાનું પાલન લાગણીઓ પ્રત્યે બહુમાનસ્વરૂપ નહિ
પણ સ્વ પ્રત્યે જ આદરવાળું છે. સર્વ પ્રત્યે આદર
જાગ્યા વિના ઘણું દ્રવ્યપાલન
એ ભાવનું કારણ ઘણું નહિ, અપ્રધાન દ્રવ્ય છે.
અનંતકાળ તેમ કરાય, તો પણ મુક્તિફળ મળતું નહિ.
મુક્તિફળનું કારણ ભાવાહિંસાનું બહુમાન છે અને
ભાવાહિંસાના કારણરૂપ દ્રવ્યાહિંસાનું બહુમાન છે.
કોઈ રુક્ષ સ્નેહાભાવ નહિ, પરન્તુ
વસ્તુઓનું સાચું તત્ત્વ જાણીને તેમની સાથેના
વ્યવહારમાં જ્ઞાનપૂર્વકનું વર્તન રાખવાની સ્થાયી અને
પ્રકાશયુક્ત મનઃસ્થિતિનું નામ 'વૈરાગ્યભાવ' છે.
ભૌતિક વસ્તુઓનું સાચું મૂલ્ય અને
સાચી સ્થિતિ નિહાળવા માટે મનુષ્યે સાધારણ કરતાં
કાંઈક ઊંચી કક્ષાની ચેતનામાં પ્રવેશ કરવો જોઈએ.

પદાર્થોની અનિત્યતા સાથે પરમાત્માની નિત્યતા અને અનંતતાની તુલનામાંથી ખરા વૈરાગ્યની શરૂઆત થાય છે. સાચા વૈરાગ્ય માટે સમગ્ર વિચારની તીક્ષ્ણતા અપેક્ષિત છે. જીવ પોતે જ નિત્ય હોવાથી તેનો નિત્ય તત્ત્વરૂપી પરમાત્માની સાથે જ પ્રેમ બંધાય છે અને પરિણામે બ્રહ્મલોકથી માંડીને અત્યંત જડ વસ્તુ સુધી મનુષ્યની સમાન બુદ્ધિ થાય છે. જડ પદાર્થમાં કાંકરા સમ તુચ્છ બુદ્ધિ થાય છે. આથી સ્પષ્ટ થાય છે કે વૈરાગ્ય એટલે જગત પ્રત્યેનો તિરસ્કાર નહિ પણ તેના સંબંધથી ઉત્પન્ન થતી પ્રાથમિક, ભ્રાન્ત આસક્તિથી દૂર ખસીને તેના અંતઃસ્તલમાં પ્રવેશ કરી તેના સાચા તત્ત્વને એટલે કે અનિત્યત્વને જાણવાના પરિણામે જન્મેલા સમભાવ સ્થિતિને 'વૈરાગ્ય' કહેવાય છે. એ રીતે અનુરાગનો પ્રચલિત અર્થ પણ ભ્રાન્તિમૂલક છે. કોઈ સુંદર વસ્તુને જોઈને તેના પ્રત્યે એકદમ બંધાઈ જતો રાગાત્મક સંબંધ અને તેથી તે વસ્તુને પોતાના અધિકારમાં લાવવાની ક્રિયાને 'અનુરાગ' કે 'પ્રેમ' કહીએ છીએ.

ખરી રીતે તે તો મોહ યા આસક્તિ રૂપ છે.
વાસના કે પશુવૃત્તિને 'પ્રેમ' નામ આપનાર
ખરે જ એક મોટો અપરાધ કરે છે.

વસ્તુતઃ અનુરાગ પણ કોઈ કાંક્ષિત લાભ નથી જ. વૈરાગ્ય એમ કાંક્ષિત નિરાશાની કે લૌકિક વસ્તુઓની કાંક્ષિતતાની ભાવના નથી, તેમ અનુરાગ પણ કોઈ કાંક્ષિત લાભ નથી પણ પ્રાણીમાત્રમાં સ્નેહના સ્વરૂપમાં વિદ્યમાન પરમ તત્ત્વની ઓળખાણ થતાં તેના પ્રતિ અનુભવાતો વિરહ,

તેને જ 'અનુરાગ' શબ્દથી સમજવો ઘટે.

શરૂઆતના આભાસથી ઉત્પન્ન થયેલા ભ્રાન્તિ નિવારતાં હૃદયમાં અનુરાગનું પ્રાકટ્ય સ્વયંભૂરૂપે થાય છે. સ્વપ્નમાંથી જાગ્રત થતાં મનુષ્યને સ્વપ્નના પદાર્થો પરથી આસક્તિનો નાશ થતાં જાગ્રતદશામાં આવવાથી અનુભવાતી નિર્લેપતા

અને શાન્તમયતા સાથે સરખાવી શકાય.

આમાં કોઈ પદાર્થ પ્રત્યે આસક્તિ જેવું બંધન નથી, બલ્કે આના પરિણામે વિશાળતાનો જન્મ થાય અને અનુભવે પોતાના સ્વરૂપનું ભાન જાગ્રત થતું જાય છે. આ રીતે વૈરાગ્ય અને અનુરાગ બંને એક જ લક્ષ્ય પ્રત્યે દોરી જનારા સાધનો છે. સાચો વૈરાગી જ સાચો અનુરાગી અને સાચો અનુરાગી જ વૈરાગ્યના મર્મને જાણી શકે છે. આવા સાચા સ્નેહીઓ જ વર્તમાન સૃષ્ટિયંત્રમાં સ્નેહ પૂરે છે કે જેથી તે વિસંવાદિત કે બેસૂર ન બની જાય.

જો સમગ્ર પુદ્ગલરાશિ
દિવ્ય રત્નમય બની જાય,
તો પણ આત્માના
એક પ્રદેશના અથવા તો
એક જ સમયના
કેવળની તોલે તે ન આવે.
આ જગતના સર્વ
સાધુઓ અને પ્રાણીઓ
આપણી જ ઇચ્છા મુજબ વર્તે,
તો પણ તેમાં સત્યસુખનો અંશ પણ નથી.

ગંગા પાપં શશી તાપં સંતાપં સુરપાદપઃ ।
પાપં તાપં ચ સંતાપં હરન્તિ વૈભવા દેશાઃ ॥

(પરિશિષ્ટ-૩૨)

અદ્વેષો ગુણવત્સુ ચ । ઔચિત્યાસેવનં ચૈવ ।

(પરિશિષ્ટ-૩૩)

ૐ નમો માતરૂપાય+ મૈત્ર્યાશાન્તિપ્રદાયિને
સચ્ચિદાનન્દસાધર્મ્યાત્માનન્દ પ્રદાયિને ॥ ૧ ॥

+પ્રેમરૂપાયેત્યપિ ।

- ગિરિનાર

(પરિશિષ્ટ-૩૪)

(૧) 'ધર્મ'ની વ્યાખ્યામાં શ્રી હરિભદ્રસૂરિજી કહે છે:
'મૈત્ર્યાદિ ભાવોથી યુક્ત હોય, તે જ ધર્મ.'

(૨) વ્રતોના પાયામાં સમ્યગ્દર્શન છે,
તેના આચારમાં ઉપબૃંહ, સ્થિરીકરણ અને
વાત્સલ્ય - પ્રશંસા, સ્થિરીકરણ અને પ્રેમ આવે છે.

(૩) સમકિતના પાંચ લક્ષણોમાં અનુકંપા આવે છે.

(૪) યોગની પહેલી દૃષ્ટિ 'મિત્રા' છે.

(૫) યોગના બીજનું વાવેતર
પ્રેમ અને કરુણાવાસિત દિલમાં જ થઈ શકે.

(૬) 'જય વીયરાય' સૂત્રમાં 'પરત્થકરણં'ની પ્રાર્થના છે.

(૭) ધર્મની સિદ્ધિ માટે જરૂરી પ્રણિધાનાદિ આશયોમાં પહેલાં પ્રણિધાનમાં જ પરાર્થવૃત્તિની આવશ્યકતા છે.

(૮) માર્ગાનુસારિતામાં પરોપકાર, પ્રકૃતિ સૌમ્યતા અને દયા વગેરે ગુણોને મહત્ત્વનું સ્થાન છે.

(૯) પંચસૂત્રના પહેલા સૂત્રના અંતમાં ભવ્યત્વ પકવવાનાં ત્રણ સાધનોમાં પણ 'સર્વ જીવો સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ' એવી ભાવના ભાવવાનું કહ્યું છે.

(૧૦) ૪ ધર્મોમાં દાનધર્મને પહેલો ધર્મ કહીને પ્રેમ અને પરોપકાર વૃત્તિની પ્રથમ આવશ્યકતા જણાવી છે.

દિગ્વિજય પ્લોટ, મહા સુદી ૮

મનસશ્ચેન્દ્રિયાણાં ચ જયાદ્યો નિર્વિકારધીઃ ।
ધર્મધ્યાનસ્ય સ ધ્યાતા શાન્તો દાન્તઃ પ્રકીર્તિતઃ ॥
પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થ ! મનોગતાન્ ।
આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે ॥
દુઃખેષ્વનુદ્વિગ્નમના સુખેષુ વિગતસ્પૃહઃ ।
વીત - રાગ - ભય - ક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥
યઃ સર્વત્રાઽનભિસ્નેહસ્તત્તત્પ્રાપ્ય શુભાશુભમ્ ।
નાભિનન્દતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥
યદા સંહરતે ચાઽયં કૂર્મોઽઙ્ગાનીવ સર્વશઃ ।
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥
શાન્તો દાન્તો ભવેદીદૃગ્ આત્મારામતયા સ્થિતઃ ।
સિદ્ધસ્ય હિ સ્વભાવો યઃ સૈવ સાધક-યોગ્યતા ॥

- ભગવદ્ ગીતા (પરિશિષ્ટ-૩૫)

મૈત્ર્યાદિભાવોથી શાન્તતા,
વિષયવૈરાગ્યાદિથી દાન્તતા અને
સુખ તથા દુઃખ આદિથી
નિસ્પૃહતા - ક્ષાન્તતાની ભેટ મળે છે.

॥ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ॥

श्रीँ

विश्वजन्तुषु यदि क्षणमेकं,
साम्यतो भजसि मानस मैत्रीम् ।
तत्सुखं परममत्र परत्रा -
प्यश्नुषे न यदभूत्तव जातु ॥१॥
मानस मैत्रीं जगदंगिराशिषु,
प्रमोदमात्मन् गुणिषु त्वशेषतः ।
भवार्तिदीनेषु कृपारसं सदा -
ऽप्युदासवृत्तिं खलु निर्गुणेष्वपि ॥२॥
मैत्री परस्मिन् हितधीः समग्रे
प्रमोदमात्मन् गुणपक्षपातः ।
कृपा भवार्त्ते प्रतिकर्तुमीहो -
पेक्षैव माध्यस्थ्यमवार्यदोषे ॥३॥
- अध्यात्म कल्पद्रुम (परिशिष्ट-३६)

परहितचिन्ता मैत्री
परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टि - र्मुदिता
परदोषोपेक्षणमुपेक्षा ॥
- अध्यात्म कल्पद्रुम (परिशिष्ट-३७)

मा कार्षीत्कोऽपि पापानि
मा च भूत्कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा
मति - मैत्री निगद्यते ॥
दीनेष्वार्त्तेषु भीतेषु
याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः
कारुण्यमभिधीयते
क्रूर कर्मसु निःशंकं
देवता - गुरुनिन्दिषु
आत्मशंसिषु योपेक्षा
तन्माध्यस्थ्यमुदीरितम् ॥

- अध्यात्म कल्पद्रुम (परिशिष्ट-३८)

A task without vision is drudgery.
A vision without task is a dream.
A task with a vision is victory.
Those who live differently, think differently. દર્શન વિનાનું કામ વૈઠ, કામ વિનાનું દર્શન કલ્પના, દર્શનપ્રયુક્ત કામ જીવનની સફળતા છે.

શ્રી

ધાર્મિક કાનૂનો અને ધાર્મિક પોથીઓના ઢગલાં સાથે
લડાઈ કરી શકે એવા બે કાનૂનો છે:

(૧) ઈશ્વરને પોતાના આત્માની જેમ ચાહવા.

(૨) જીવમાત્રને પોતાના આત્માની જેમ ચાહવા.

બધા કાયદા - કાનૂન અને પયગંબરોની વાતોના પાયામાં
આ બે આદેશો રહેલાં છે.

ખરી આસ્તિકતાનો સંબંધ ઈશ્વરને માનવા અથવા તો
ન માનવાની સાથે નહિ પણ જે કાંઈ સત્ય લાગ્યું,
તેને અનુસરવાની નિષ્ઠા - સતત સત્યાભિમુખતા સાથે છે.

તાઉવાદ: આપણને અસ્પષ્ટ, નામ ન આપી શકાય એવા,
હાથમાં આવે-આવે અને સરકી જતાં દેખાય એવા અને એમ
છતાં પણ સર્વવ્યાપક એવા ઈશ્વર વિશેનો એક પંથ.

તાઓ: ઈશ્વરનું બીજું જાણું નામ એટલે તાઓ અને
જેના કાયદા - કાનૂનો આ વિશ્વનું ગૂઢ રીતે, સહજ અને
અનિવાર્ય રીતે અનુશાસન કરે છે, તે પ્રત્યે સાચો
આદર ધરાવવાનું કહી નમ્રતા-ઋજુતા પર ભાર મૂકે છે.

o

Oh lord! forgive them, because
they know not what they do?

- Jesus Christ

મનની શાંતિ અને વાણીનો સંયમ = સમ્યગ્ વિચાર.
Do not negotiate when you are weak.
Keep silence when you are in temper.

પ્રેય : જે લોકોને પ્રિય લાગે તે અથવા
શરૂઆતમાં જે પ્રિય જેવું લાગે છે તે.

શ્રેય : જે હંમેશા કલ્યાણકર છે. Life is a choice between two wheels. પ્રેયને પસંદ કરવાનો ઇંદ્રિયોનો સ્વભાવ છે, પરન્તુ ઇંદ્રિયોમાં દુરંદેશાપણું નથી. ધર્મ માતૃભાષાથી શરૂ થાય, તેથી માતા-પિતા કહેવાય છે. લોકમાં પ્રધાનતા પુરૂષની છે, તેથી પતિ-પત્ની કહેવાય છે. પત્ની પતિવ્રતા છે, તેથી 'ધર્મપત્ની' કહેવાય. પુરૂષને 'ધર્મપતિ' વિશેષણ નથી, તેનું કારણ પત્ની જેટલો તેનો ત્યાગ નથી. 'પુરૂષ પુરૂષોત્તમ' વિશેષણ કૃષ્ણને તીર્થંકર નામકર્મ બંધાવનાર ક્ષાયિક સમ્યક્ત્વને કારણે છે. લૌકિક ઈશ્વર માયા એ વિશિષ્ટ ચૈતન્ય છે, તે સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ છે. લૌકિક કરુણા એ રાગનું પ્રતીક છે, લૌકિક વાત્સલ્ય એ વ્યાપકભાવનું પ્રતીક છે. વ્યાપકભાવ સમ્યગ્દૃષ્ટિને હોય. ન્યાયબુદ્ધિ વિના સમદર્શન, સમદર્શન વિના સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શન વિના સમ્યક્ચારિત્ર ન હોય.

શ્રી

## દીર્ઘ આયુષ્ય શેને માટે ?

૫૦ અને છેવટે ૬૦ વર્ષ ઉપરનું જીવન એ દૈવ - ગુરુ ધર્મની પ્રસાદી સાધના માટે જ છે, જેને Grace days અથવા ભેટના દિવસો સ્વરૂપ કહી શકાય, હક્કના નહિ. કેવળ પોતાના જ સુખ અને પોતાની જ શાંતિની ચિન્તા જગતમાં વૈરઝેર અને ક્રૂરતાને વધારનારા છે. એમાં દૃષ્ટાંત કાળા નાગનું અને ક્રૂર વાઘનું છે. ઝેરીમાં ઝેરી નાગ અને ક્રૂરમાં ક્રૂર વાઘ પોતાને માટે તો સુખ અને શાંતિ જ ઇચ્છે છે. આથી એ સિદ્ધ થાય છે કે વધુમાં વધુ ઝેરી અને વધુમાં વધુ ક્રૂર કોણ હોય ?

જે કેવળ સ્વની જ ચિન્તા કરનાર હોય અને પરના સુખ - દુઃખ સાથે જેને લેશમાત્ર સંબંધ ન હોય, તે જ સૌથી વધુ ક્રૂર અને સૌથી વધુ વિષારી બની શકે.

બીજાનો વિચાર જેટલાં અંશે ભળે,

તેટલાં અંશે ઝેર ઘટે અને ક્રૂરતા શમે.

સર્વથા નિર્વિષ અને અક્રૂર તે જ બની શકે કે જે સર્વના સુખ અને હિતની ચિન્તાને કરનાર હોય.

જીવવું બધાને ગમે છે.

બધાને જીવાડે એ જ ન્યાયી, નીતિમાન, પ્રામાણિક ગણાય.

સર્વ જીવો સુખને જ ચાહે છે એમ નહિ, સ્વતંત્રતાને તો એથીય વધુ ચાહે છે. જીવની સ્વતંત્રતાની ઇચ્છા તો સુખની ઇચ્છા કરતાં ય બળવાન હોય છે.

પાંજરામાં રહેવા કરતાં સ્વતંત્રપણે
બિલાડીના મોઢામાં મરી જવા માટે પોપટ તૈયાર હોય છે.

હિંસાદિ પાપસ્થાનોની ઉત્પત્તિનું મૂળ સ્વાર્થની અધિકતા અને પરમાર્થની સંકુચિતતા છે. જ્યારે સ્વાર્થની વૃત્તિનો સંકોચ થાય છે અને પરમાર્થવૃત્તિનો વિકાસ થાય છે,
ત્યારે જ અહિંસાદિ ધર્મોનો વિકાસ થાય છે.

સ્વાર્થવૃત્તિ ભયંકર છે, પરાર્થવૃત્તિ ભદ્રંકર છે.

લાભકરોનો લાભ એ આપણો લાભ ન બને, ત્યાં સુધી તેમની સાથે સંબંધ શક્ય નહિ. પ્રભુ ભાવગ્રાહ્ય-મનોમય છે. માહાત્મ્ય જ્ઞાનપૂર્વકના સર્વાધિક સુદૃઢ સ્નેહનું નામ 'ઈશ્વરભક્તિ' છે. માહાત્મ્ય જ્ઞાન ભય અને પ્રેમથી પણ થાય છે. ભયથી સતત ઈશ્વરનો ઇન્કાર કરનારો અનંત જન્મ-મરણ કરે છે. પ્રેમથી સતત ઈશ્વરની ભક્તિ કરનારો મુક્તિના અવ્યાબાધ-અસીમ સુખને પામે છે. અન્ય ધર્મમાં કહ્યું છે કે: ઈશ્વરનો અને પિતૃઓનો ઇન્કાર કરનારો અન્ય રેતસથી ઉત્પન્ન થયેલો છે.

જૈડા, અષાડ વદિ ૬, સં. ૨૦૨૬, ૨૪ જુલાઈ, ૧૯૬૦

ગૃહસ્થનો દ્રવ્યસ્તવ એ ચાંદીનો દાંડ અને સોનાની આંખ છે.
સાધુનો ભાવસ્તવ એ સોનાનો દાંડ અને ચાંદીની આંખ છે.
ગૃહસ્થોને ભાવસ્તવ તથા સાધુઓને દ્રવ્યસ્તવ અલ્પ છે.
અલ્પ આંખના સ્થાને છે, અધિક દાંડના સ્થાને છે.

ચાર ભાવના

(૧) મૈત્રી: અવિકસિત અવસ્થામાં મૈત્રી કેવળ પોતાના આત્મા જેટલી જ સંકુચિત હોય છે. વિકસિત અવસ્થામાં વિશ્વના સઘળા જીવોના હિતની ચિંતા કરે છે.

(૨) પ્રમોદ: અવિકસિત અવસ્થામાં પ્રમોદ કેવળ પોતાના ગુણ પ્રત્યે હોય, જ્યારે વિકસિત અવસ્થામાં તે પ્રમોદનું કારણ સર્વ ગુણવાનો બને છે.

(૩) કરુણા: અવિકસિત અવસ્થામાં કરુણાનો વિષય કેવળ પોતાનું દુઃખ હોય છે, જ્યારે વિકસિત અવસ્થામાં કરુણાનો વિષય વિશ્વના સઘળાં દુઃખી જીવો બને છે.

(૪) ઉપેક્ષા: અવિકસિત અવસ્થામાં ઉપેક્ષાનો વિષય ધર્મ, ધર્મના સાધનો અને ધર્મી આત્માઓ હોય છે.
વિકસિત અવસ્થામાં ઉપેક્ષાનો વિષય પાપ, પાપનાં સાધનો અને પાપી આત્માઓ હોય છે.

એ જ રીતે અવિકસિત અવસ્થામાં બાળકો પોતાના પ્રત્યે મૈત્રીને ધારણ કરે, પોતાના ગુણો જોઈને આનંદ પામે, પોતાના પ્રત્યે કરૂણા ધારણ કરે અને પોતાના અયુક્ત આચરણ પ્રત્યે મૌન સેવે, તે ઇષ્ટ હોય છે પણ પોતે બાળકો પ્રત્યે મૈત્રી, બાળ ગુણવાનો પ્રત્યે પ્રમોદ, બાળ દુઃખી જીવો પ્રત્યે કરૂણા અથવા બાળકોના કુકર્મો પ્રત્યે ઉપેક્ષા ધારણ કરી શકતો નથી. માત્ર પોતાના સુખ-દુઃખની ચિંતા એ આર્તધ્યાન છે, તેમાંથી ઉત્પન્ન થતાં હિંસાદિના પરિણામો રૌદ્રધ્યાન છે. એ જ ચિંતા જ્યારે સર્વ જીવોના સુખદુઃખવિષયક બને, ત્યારે ધર્મધ્યાનનો પ્રારંભ થાય છે અને તેમાં થતી ઉત્તરોત્તર પ્રગતિ શુક્લધ્યાન સુધી લઈ જાય છે. ચારે ભાવનાઓમાં મૈત્રી ભાવનાનું સ્થાન પ્રથમ છે. બાકી ભાવનાઓ મૈત્રીમાં સમાઈ જ જાય છે.

'મૈત્રી' એટલે સર્વ પર સ્વાત્મા જેટલો જ પ્રેમ રાખવો.

'પ્રમોદ' એટલે ગુણીજનો પ્રત્યે મૈત્રી.

'કરૂણા' એટલે દુઃખી જીવો પ્રત્યે મૈત્રી.

'માધ્યસ્થ્ય' એટલે અવિનીત પ્રત્યે મૈત્રી.

મૈત્રીભાવનાના કારણે જ ધર્મ 'ધર્મ' તરીકે ઓળખાય છે.

શ્રી

અધર્મના દોષો વિચારવા અને
ધર્મના ગુણો વિચારવા.

ગાયને પહેલી જ વાર જન્મેલા એક દિવસના વાછરડા પ્રત્યે જેવો પ્રેમ હોય છે, તેવો જ પ્રેમ સર્વ જીવો પ્રત્યે રાખવો, તે વિશ્વવાત્સલ્યરૂપ ધર્મભાવ છે. લૌકિક જીવનમાં જેટલી ઉપકારકતા જલ-વાયુની છે, આધ્યાત્મિક જીવનમાં તેટલી જ ઉપકારકતા ધર્મ-પ્રમોદની છે.

કારણ વિના કાર્ય થાય નહિ.

'પૂર્વે આપણે કોઈનું બગાડ્યું ન હોય, તો આપણું આજે કોઈ બગાડે નહિ.' એ વિચાર ધર્મભાવ પોષે છે. કર્મનો નિયમ એ રીતે મૈત્રીભાવને પુષ્ટ કરે છે અથવા 'મારું બગાડનાર આત્મા મોહનીય કર્મને પરાધીન છે.

હું અશાતાવેદનીય કર્મને પરાધીન છું અને
કર્મોદયને તો કોણ રોકી શકે?'

એ વિચાર પણ ધર્મભાવ તરફ ખેંચી જાય છે.
અધર્મ વગેરે ભાવો માનસિક પરિગ્રહ છે, જ્યારે
ધર્મ વગેરે નિષ્પરિગ્રહ અવસ્થા છે.
અધર્મ એ સવિકલ્પ દશા છે, જ્યારે
ધર્મ એ નિર્વિકલ્પ દશા છે.

આભ્યંતરરૂપ પરિગ્રહના કારણે ઈર્ષ્યા અને
વારંવાર ઈર્ષ્યા થવાના કારણે અસૂયા ઉત્પન્ન થાય છે!
એનાથી જ ક્રોધ અને દ્રોહ રૂપી દુર્બુદ્ધિ પેદા થાય છે.
ઇચ્છા અને મૂર્છા - એ બન્ને આંતરિક પરિગ્રહ છે.
'મને જ બધું સુખ મળો, મને જ સુખનાં સાધનો મળો'
એ ઇચ્છા તીવ્રપણે હોય, તેનું જ નામ 'મૂર્છા' છે.
મૂર્છામાંથી લોભ અને તૃષ્ણા પેદા થાય છે, તે પૂર્ણ
થતાં નથી, ત્યારે સંક્લેશ - માનસિક દુઃખ જન્મે છે.
આ સંક્લેશ જેટલાં પ્રમાણમાં અધિક,
તેટલાં પ્રમાણમાં જીવન અશાંતિમય બને છે.
સર્વ અનર્થોનું મૂળ આ સ્વસુખની જ માત્ર તીવ્ર ઇચ્છા છે,
તે મૈત્રીભાવથી નાશ પામે, માટે મૈત્રી એ પરમ ધર્મ છે,
યથાર્થ વૈરાગ્ય છે, સાચી નિરીહતા અને નિઃસ્પૃહતા છે.
સ્વસુખની તીવ્ર વાસના જ આત્માનો ભાવરોગ છે,
તેના પ્રતિકાર માટે મૈત્રીભાવના પરમ ઔષધરૂપ છે.
જે રીતે આપણે આપણા અત્યંત પ્રિય મિત્રને જોઈએ છીએ,
તે જ રીતે સર્વ પ્રાણીઓને જોતાં શીખવું.
મૈત્રીભાવનાનાં અભ્યાસથી ઈર્ષ્યા, અસૂયા, લોભ,
તૃષ્ણા, ઇચ્છા, મૂર્છાદિ દોષો નાશ પામે છે.

શ્રી

## રાગના પર્યાયવાચી શબ્દો

ઇચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગૃદ્ધિ, મમત્વ, અભિનંદ, અભિલાષ.

## દ્વેષના પર્યાયવાચી શબ્દો

ઈર્ષ્યા, રોષ, પરિવાદ, માત્સર્ય, અસૂયા, વૈર, પ્રચંડન, ક્રોધ.

## વૈરાગ્યના પર્યાયવાચી શબ્દો

માધ્યસ્થ્ય, વૈરાગ્ય, વિરાગતા, શાન્તિ, ઉપશમ, પ્રશમ, દોષક્ષય, કષાયવિજય વગેરે છે.

## પરિગ્રહરૂપી ગ્રહ

સ્વસુખની તૃષ્ણારૂપી પરિગ્રહ ગ્રહને વશ પડેલો જીવ કષાયની આધીનતાને પામે છે. રાગ, દ્વેષ, અહંકાર, મમકાર, ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ અને યોગ વગેરે પરિગ્રહ રૂપી ગ્રહની નિપજ છે.

બાહ્ય પરિગ્રહ સ્ત્રી, પુત્ર, ધનાદિ છે અને અભ્યંતર પરિગ્રહ અપેક્ષા વગેરે માનસિક ભાવો છે.

પરિગ્રહો જ ક્લિષ્ટ અષ્ટ કર્મબંધનના હેતુઓ છે.

ભવસંતતિનું મૂળ જ આ રીતે રાગ-દ્વેષ આદિ દોષો છે.

તેનો મૂલથી ઉચ્છેદ કરવાનાં સાધનો

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, સ્વાધ્યાય અને ધ્યાન છે તથા જીવોના હિતાર્થમાં સદા ઉદ્યમ કરવો, તે છે.

ચિત્તનું સ્થાન શરણાદિ થાય છે, તેથી શાસ્ત્ર ગ્રહણ કરવા માટે વિનીત બનવું. વિનય વિના શરણ નહિ અને અષ્ટમદના ત્યાગ વિના વિનય નહિ. મદત્યાગ માટે વિષયની અસારતા ચિંતવવી. ત્યાગની ગુણમયતા, બાર ભાવના અને દશ યતિધર્મ વિચારવા. તેના પાલનથી રાગ-દ્વેષ-મોહનો નાશ ચિંતવવો. જીવાદિ તત્ત્વો-રત્નત્રયીનું ચિંતન કરવું. પંચાચારનું સ્વરૂપ, અઢાર હજાર શીલાંગ, ચાર પ્રકારના ધર્મધ્યાન તથા ચાર પ્રકારના શુક્લધ્યાન વિચારવા.

કેવળ મન અને મોક્ષનું સ્વરૂપ વિચારવું.

બધાનું મૂળ મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ છે.

જેમ નિજના સુખની ચિંતા રહ્યા કરે છે,
નિજના ગુણો જ દેખાય છે, દોષો ગૌણ બનાવીએ છીએ
તથા એના દુઃખને દૂર કરવા પ્રયત્નશીલ રહીએ છીએ,
તેમ સર્વ જીવો પ્રત્યે થવું જોઈએ.

જેમ સૂર્ય બધાને સમાન રીતે પ્રકાશ આપે છે, તેમ આપણે સર્વ જીવોને સમાનપણે લાભ આપવો જોઈએ.

સમસ્ત - સત્ત્વ - વિષય - સ્નેહપરિણામો મૈત્રી ।

સ્નેહરૂપ આત્મઅધ્યવસાયને
સમસ્ત જીવો જેટલો વિશાળ બનાવવો, તે મૈત્રી.

શ્રી

## મૈત્રીથી થતાં લાભો

મૈત્રીભાવનાથી ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષની પ્રાપ્તિ થાય. જ્યાં બધા જ મિત્રો છે, ત્યાં ક્રોધ કોના પર? અભિમાન શા માટે? વંચના કોની? લેવાનું કોની પાસે? ક્રોધાદિ કષાયો મૈત્રીની ભૂમિકા પર નિર્બળ થઈ જાય છે, તેને કોઈ અવકાશ રહેતો નથી.

ભાવકરુણાનું શાસન અતિ ગૂઢ છે. તેનો પ્રકાશ મૈત્રીભાવનાથી ભાવિત અંતઃકરણમાં જ પડે છે. ચિત્તમાં રહેલાં દ્વેષાદિ મળો મૈત્રીભાવના રૂપી જળથી ધોવાઈ જાય છે, તેથી નિર્મળ બોધની પ્રાપ્તિ થાય છે. મૈત્રીભાવના દ્વારા સર્વ પ્રાણીઓથી તેનાં તરફથી નિર્ભય બને છે, તેથી પોતાને પણ નિર્ભયતા પ્રાપ્ત થાય છે.

બીજનો શત્રુ સમાન હોય, તે બધા જ મિત્ર કરીયાદ. અહિંસામાં મૈત્રીભાવનાનાં સાક્ષાત દર્શન થાય છે. શ્રમણોનું જીવન સંપૂર્ણ અહિંસામય હોવાથી તે મહાત્માઓ જીવનસ્પર્શી મૈત્રીમય હોય છે. સર્વ જીવોને મિત્રની દૃષ્ટિએ અથવા માતાના હૃદયે જોવા, તે મૈત્રીભાવ છે. સ્યાદ્વાદ સિદ્ધાંત મૈત્રીભાવનાનું પરમોચ્ચ શિખર છે.

## જિનાજ્ઞા સર્વ જીવોની પરમ હિતરક્ષક છે.

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે : अगुत्ते अणाणाए ।
અર્થાત્: મનોગુપ્તિના ભંગમાં શ્રી જિનાજ્ઞાનો ભંગ છે.
કોઈપણ જીવનું બૂરું ચિંતવવાથી મનોગુપ્તિનો ભંગ થાય છે.
સર્વ અનિષ્ટોને દૂર કરવા માટે મૈત્રીભાવના દ્વારા થતી
આત્મશુદ્ધિ સિવાય બીજો કોઈપણ ઉપાય નથી. મૈત્રી દ્વારા
થતી આત્મશુદ્ધિ એ જ સર્વ વિઘ્નોનો શ્રેષ્ઠ અર્થાત્
નિરવદ્ય પ્રતિકાર છે. પરમર્ષિ ભગવંતોના આત્માના
પ્રદેશે પ્રદેશે મૈત્રીની ભાવના એકમેક થઈને રહેલી છે.
'સિદ્ધહ સાક્ખ આલોઇણાહ મુજ્ઝહ વૈર ન ભાવ ।'
રાત્રિની નિદ્રા પૂર્વે સાધક સર્વ સિદ્ધોની સાક્ષીએ જાહેર
કરે છે કે મારા મનમાં કોઈના પ્રત્યે લેશ પણ વૈર નથી.

'परस्परोपग्रहो जीवानाम् ।'

એકબીજા ઉપર ઉપકાર કરવો, એ જીવોનો સ્વભાવ છે.
કોઈપણ જીવ બીજા ઉપર સ્વભાવથી અપકાર કરતો નથી,
કિન્તુ કર્મને પરાધીન બનવાથી
તે બીજા ઉપર અપકાર કરવા માટે પ્રેરાય છે.
સર્વ શાસ્ત્રોનો સાર મૈત્રીભાવ છે:
'आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ।'

(પરિશિષ્ટ-૩૯)

श्रीँ

'सम्यग् ज्ञानादिभिः प्रकृष्टा गुणाधिकाः ।'

'असद्वेद्योदयापादित क्लेशाः क्लिश्यमानाः ।'

'अनादि - कर्मबन्धनवशात् सीदन्तीति सत्त्वाः ।'

'तीव्रमोहिनो गुणशून्या दुष्टपरिणामाः । अविनेयाः ।'

(परिशिष्ट-४०)

तत्त्वार्थाधिगम सूत्रमां कह्युं छे के:

'जगत्काय - स्वभावौ च संवेग वैराग्यार्थम् ।

तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ।'

(परिशिष्ट-४१)

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।

- गी० अ. १२ - श्लोक १३ (परिशिष्ट-४२)

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।

ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥

- गी० ६ - २९ (परिशिष्ट-४३)

भावना वडे मेळवेलुं ज्ञान ऊंडुं छे,

वांचन वडे ते लांबु - विचार वडे ते पहोळुं थाय छे.

o

Everything has its length, breadth and depth, which must be measured by their measurements.

શ્રી

સર્વભૂતેષુ યઃ પશ્યેદ્ ભગવદ્ભાવમાત્મનઃ ।
ભૂતાનિ ભગવત્યાત્મન્યેષ ભાગવતોત્તમઃ ॥
ઈશ્વરે તદધીનેષુ બાલિશેષુ દ્વિષત્સુ ચ ।
પ્રેમ મૈત્રી કૃપોપેક્ષા યઃ કરોતિ સ મધ્યમઃ ॥
- ભાગવત, ૧૧ - ૨ - ૪૫ - ૪૬ (પરિશિષ્ટ-૪૪)

હસ્તાદિભેદેન બહુપ્રકારઃ
કાયો યથૈકઃ પરિપાલનીયઃ ।
તથા જગદ્ ભિન્નમભિન્ન દુઃખ -
સુખાત્મકં સર્વમિદં તથૈવ ॥
- બોધિચર્યાવતાર, ૮ - ૯૧ (પરિશિષ્ટ-૪૫)

જૈનમાત્રનો સૌથી પહેલો નિયમ એ છે કે
જ્યાં જીવમાં જે જીવત્વ રહેલું છે,
તેને માટે તેના મનમાં માન હોવું જોઈએ.
એ જીવત્વની મહત્તા અને પવિત્રતા સમજીને
તેનો ક્રોધ - લોભથી નાશ ન થાય,
એવી ભાવના સતત ધરાવવી જોઈએ અને
તે મુજબ પોતાનું જીવન ઘડવું જોઈએ.
જેમ આત્માનો સ્વભાવ જ્ઞાનાદિ છે, તેમ લોકનો સ્વભાવ
ધર્મ છે. લોકસ્થિતિ એ કાર્ય છે, તેનું મૂળ કારણ ધર્મ છે.

આ લોકના પ્રત્યેક પદાર્થના ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યમાં કારણ ધર્મ છે. સર્વ પદાર્થોના ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યને લયમાં રાખવાની ધર્મમાં શક્તિ છે.

આ વિશ્વ અમર્યાદ - અનંત છે. છદ્મસ્થની બુદ્ધિ તેના અંત ભાગને પણ માપવા માટે અસમર્થ છે.

જો છદ્મસ્થની બુદ્ધિમાં શ્રી અરિહંત દેવની કૃપાને ઝીલવાની સમર્થતા આવે, તો જ કાંઈક સમજી શકે.

કરુણાના ચાર પ્રકાર

(૧) મરણભય (3) સંયોગભય

(૨) દુઃખિત દર્શન (૪) સ્વાભાવિક.

Hypertention કે હૃદયના, રક્તના, લોહીના રોગો એ આર્તધ્યાન, તીવ્ર ક્રોધ અને તીવ્ર વેરભાવથી જન્મે છે. આર્તધ્યાનના પરિણામ વખતે જ્ઞાનતંતુના રસો, મુખની લાળ વગેરેને આઘાત પહોંચે છે, ફેફસાં, મગજ, હૃદય વગેરેનો રોગ વધે છે. લોહી મગજ તરફ ધસે છે, તેથી શરીરનું આરોગ્ય બગડે છે. હૃદયરોગ, લોહીના દબાણ તથા Gas trouble વગેરેના રોગો મૈત્રીથી મટે છે.

'શત્રુને પ્રેમ કરો' એ વાક્ય તો

શારીરિક - માનસિક રોગોની દવારૂપે મનાય છે અને

'સમ્યગ્દર્શનવર્ધક સૂત્ર' તથા 'આધાર સૂત્ર' તરીકે પણ
તેને મહત્ત્વનું સ્થાન અપાય છે.

## મૈત્રીના ચાર પ્રકાર

(૧) ઉપકારી વિષયક (૩) પરિચિત વિષયક

(૨) સ્વજન વિષયક (૪) સર્વ વિષયક.

મૈત્રીથી સત્ત્વ, શીલ અને પુણ્ય વધે છે. ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય, શૌર્ય, સૌજન્ય વગેરે વધે છે. કૃતજ્ઞતા, વિશાળતા, સરળતા, ક્ષમતા, પરોપકારિતા વગેરે ગુણો સધાય છે.

અહિંસા એ કરુણાનું ફળ છે.

અહિંસાપાલનથી જીવો સાથેની મૈત્રી દૃઢ થાય છે.

'શિવમસ્તુ સર્વ જગતઃ ।'

સર્વે સત્ક્રિયાઓ, સર્વે ધર્માનુષ્ઠાનો અને સર્વે આગમ વાક્યોની પાછળ સ્વાત્મવિષયક અથવા પરાત્મવિષયક કરુણા રહેલી છે. બંનેને પરસ્પર અવિનાભાવ સંબંધ છે. એકના અભાવમાં બીજાનું અસ્તિત્વ હોતું નથી.

જેને સ્વવિષયક કરુણા નથી,
તેને પરવિષયક કરુણા એ કરુણાભાસ છે.
જેને પરવિષયક કરુણા નથી,
તેને સ્વવિષયક કરુણા એ કરુણાભાસ છે.

દીનદુઃખી પ્રત્યે કરુણાભાવ વિના સદનુષ્ઠાન સિદ્ધ થતું નથી. દીનદુઃખી પ્રત્યે કરુણા ઉત્પન્ન ન થવામાં સ્વોત્કર્ષ અને પરાપકર્ષ કારણ છે. આ વિશ્વમાં જો સર્વ આત્માઓ સમાન છે, તો સ્વોત્કર્ષ કે પરાપકર્ષને ઇચ્છનાર કુદરતને અન્યાય કરે છે, તેથી તેનું માઠું ફળ મળે જ છે. જિનપ્રવચન હિતોપદેશરૂપ છે, તેથી કરુણામય છે.

'જગતની સેવા એ તીર્થંકરની સેવા છે.'

માને કે કરુણામાં તીર્થંકરની સેવા જેટલું પુણ્ય રહેલું છે.

કરુણાભાવનાથી રહિત એવું હૃદય
પરમ કારુણિક એવા શ્રી જિનેશ્વર ભગવંતને
અને તેમનાં પ્રવચનને નહિ સમજી શકે.

દીનદુઃખી આત્માઓ પ્રત્યે જે કરુણાને ધારણ કરે છે, તેના ઉપર અધિક ગુણી આત્માઓની કરુણા કુદરતી રીતે વરસે છે, એથી કરુણા અધિક ગુણવાળા સાધકની સાથે મિલન કરાવી આપનાર એક મિત્ર છે. વિષયોનો પ્રેમ એ હાનિકારક તત્ત્વ છે. તેને જ જો પરમાત્મામાં જોડીએ, તો લાભનો પાર ન રહે. વિષયોમાં વિરક્તિ = પરમ સુખનું સાધન. વિરક્તિ કે ઉપેક્ષા જો ધર્મ પ્રત્યે થઈ જાય, તો તે મહાન દુઃખનું મૂળ બની જાય.

'રુચિ જીવ કરું શાસનરસી' અર્થાત્

'સર્વ જીવોને હું સમ્યગ્દર્શન પમાડી મોક્ષરુચિવાળા બનાવું'.

સમ્યગ્દર્શન એટલે આસ્તિક્ય અને

જિનોક્ત તત્ત્વોનો નિઃસંદેહ સ્વીકાર.

'આત્મસમદર્શિત્વ' જેનામાં હોય, તેને જ તે હોઈ શકે. 'સૌનો આત્મા મારા જેવો જ છે' એવું સચોટ જ્ઞાન તથા એક કીડીમાં રહેલ જીવને પણ જે આત્મસમ ન ગણે, તેનામાં જીવતત્ત્વ સંબંધી શ્રદ્ધાન વાસ્તવિક ન ગણાય. એમાંથી જ પરદુઃખ દૂર કરવાની લાગણીરૂપ અનુકંપા પ્રગટે છે. 'ભવનિર્વેદ અને મોક્ષાભિલાષ વિના તે દુઃખ દૂર થાય નહિ' એવું જાણનાર જીવ અવશ્ય ઇચ્છે જ કે

'સર્વને મોક્ષાભિલાષ અને ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ'.

આ જો આવે, એટલે ક્રૂર કષાયોનો ઉદય ટકે નહીં,

ઉપશમ ગુણની સ્વાભાવિક જ પ્રાપ્તિ થાય.

જીવમૈત્રીનું અમૃત તથા ધર્મરૂપી મહાપ્રાસાદના જે પાયા એટલે 'આત્મતુલ્ય પરજીવ' એવી સમજણ હોવી અને 'પર પ્રત્યે આત્મતુલ્ય વર્તન' આસ્તિક્યનો અપરપર્યાય આત્મસમદર્શિત્વ છે. તીર્થંકર ભગવંતોમાં દ્રવ્યકરુણા અને ભાવકરુણા - એ બન્ને ઉત્કૃષ્ટપણે હોય છે.

શ્રી

દ્રવ્યદરિદ્રતા એટલે આર્થિક સંકડામણ અને
ભાવદરિદ્રતા એટલે મૈત્ર્યાદિ ભાવોનો અભાવ.

તીર્થંકર નામકર્મને નિકાચિત કરેલાં દ્રવ્ય અરિહંતો બધાય દેવાદિ ગતિમાં અસંખ્ય સંખ્યામાં કાયમ હોય છે.

ઉદાસીન : સંસારની કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ લીધા વિના અળગા રહેનાર મુનિ. સિદ્ધશિલા ઉપર રહેલાં સિદ્ધના જીવો સંસારસમુદ્રથી દૂર પર્વત ઉપર બિરાજમાન છે.

તટસ્થ : ભવસ્થ વીતરાગ ભગવંતો સંસારસમુદ્રના કીનારે રહેલાં છે. અમુક કાળ સાંસારિક પ્રવૃત્તિ કરે, અમુક કાળ દૂર રહે, છતાં બંને વખતે સંસારથી અળગા રહે, તે દેશવિરતિ.

મધ્યસ્થ: સાંસારિક પ્રવૃત્તિઓ વચ્ચે રહેવા છતાં અંતરથી અળગા રહે, તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ. સંયમરૂપ નૌકામાં બેસીને સંસાર તરી જનારા અપ્રમત્તાદિ મહામુનિઓ.

અહીં તત્ત્વથી ઉપરના ચારે શબ્દો સમાનાર્થક છે.

ચાર વ્યાખ્યાઓ

(૧) ઉહ : અનુકૂળ તર્ક કે દૃષ્ટાંતથી વિચાર કરવો.
(૨) અપોહ : પ્રતિકૂળ તર્ક કે દૃષ્ટાંતથી વિચાર કરવો.
(3) વિજ્ઞાન : વસ્તુ સંબંધી વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ થવી.
(૪) તત્ત્વજ્ઞાન: 'આ વસ્તુ આમ જ છે' નિશ્ચયાત્મકબોધ.

શ્રીँ

## માધ્યસ્થ્યના ૪ પ્રકાર

(૧) પાપી વિષયક : પાપ - મલિન - અકાળ.

(૨) વિષયસુખ વિષયક : દેવ આદિ ગતિનું સુખ એ દુઃખનો પ્રતિકાર માત્ર છે (લાખ-કરોડ, સર્વાર્થસિદ્ધ દેવો).

(૩) દુઃખવિષયક માધ્યસ્થ્ય: મહાવીર પરમાત્મા, ખંધક, ગજસુકુમાલ તથા ખંધકસૂરિ શિષ્યો.

(૪) ગુણવિષયક માધ્યસ્થ્ય: લબ્ધિઓ ક્ષયોપશમ ભાવથી પ્રગટે છે. તે અપૂર્ણ અવસ્થા છે, તેથી તેમાં ગર્વ કેવો? આ જગતના સર્વ વિચારો અને સર્વ વચનો પ્રત્યે સ્યાદ્વાદીને ભાવમાધ્યસ્થ્ય જ પ્રગટે. સર્વ નયાવગાહી, સર્વ નયસાપેક્ષ આત્માનો પરિણામ 'ભાવમાધ્યસ્થ્ય' છે.

ગુનાઓનું પ્રમાણ કે વેરની ઇચ્છા (અમર્ષ),
કે જે કાયદાઓથી ન ઘટે,
તે સંતોના કરુણામય સદુપદેશથી ઘટે.

ક્રમી કરત્કુરુતે કાર્યં ન તત્ ક્રોધવશંવદઃ ।
કાર્યસ્ય સાધિની પ્રજ્ઞા સા ચ ક્રોધેન નશ્યતિ ॥

(પરિશિષ્ટ-૪૬)

## નૈગમના ત્રણ ભેદ

(૧) આરોપ (ઉપચાર) (૨) અંશ (૩) સંકલ્પ.

## આરોપના ચાર પ્રકાર

(૧) દ્રવ્યારોપ : પંચાસ્તિકાયને પરિણમન કાળદ્રવ્ય કરેલું.

(૨) ગુણારોપ : દ્રવ્યને ગુણ માનવો.

(૩) કાળારોપ : વીર નિર્વાણ.

(૪) કારણાધારોપ : તીર્થંકરો મોક્ષનું કારણ છે.
તેને વિષે કર્તાપણાનો આરોપ કરીને 'તારણાં' ઈત્યાદિ.

## સંકલ્પ નૈગમના બે ભેદ

(૧) સ્વપરિણામ રૂપ વર્તનો ક્ષયોપશમ.

(૨) કાર્યાંતરે નવો નવો ઉપયોગ.

## અંશ નૈગમના બે ભેદ

(૧) ભિન્નાંશ - સ્કંધાદિકનો.

(૨) અભિન્નાંશ - આત્મપ્રદેશનો.

સામાન્ય - વિશેષ ઉભયને ભેદદૃષ્ટિ પ્રધાનપણે ક્યારેક ગૌણ ભાવે તથા ક્યારેક મુખ્ય ભાવે ગ્રહણ કરે છે.
દ્રવ્ય, પર્યાય, સામાન્ય, વિશેષને સ્વતંત્ર માને છે.
સમ્યગ્દૃષ્ટિ પદાર્થમાત્રને સામાન્ય વિશેષરૂપ માને છે,
મિથ્યાદૃષ્ટિ સામાન્ય અને વિશેષને પણ
સ્વતંત્ર પદાર્થ માને છે.
સામાન્યમાં પણ સામાન્ય, વિશેષમાં પણ વિશેષ છે.

શ્રીँ

તેના માટે પ્રસ્થ, ગ્રામ અને નિલયનના ઉદાહરણ છે.
સામાન્ય પોતે જ અપેક્ષાએ વિશેષ અને
વિશેષ પોતે જ અપેક્ષાએ સામાન્ય બને છે.

સંગ્રહ

સામાન્ય ધર્મને સ્વીકારે છે અને
સામાન્ય સત્તાએ વિશેષ ધર્મોનો સંગ્રહ કરે છે.
કેવળ સામાન્યને સત્ માને અને
વિશેષને અસત્ માને, તે સંગ્રહાભાસ છે.
'સંગૃહ્ણાતિ ઇતિ સંગ્રહઃ (નયઃ)।' (પરિશિષ્ટ-૪૭)

વ્યવહાર

જે વિશેષાદિ આચરે, માને અને સ્વીકારે,
તે 'વ્યવહાર' કહેવાય છે.
જીવ ભાવ ? દ્રવ્ય ભાવ ?
ત્યાં વ્યવહાર ચાલી શકતો નથી,
માટે સંસારી જીવ
અગર તો જીવદ્રવ્ય -
સદા વ્યવહાર જરૂરી છે.
સામાન્ય વડે એકાકાર બુદ્ધિ થાય છે, જ્યારે
વિશેષ વડે અનેકાકાર બુદ્ધિ થાય છે.

## ઋજુસૂત્ર

માત્ર વર્તમાન પૂરતાં જ વિચારે - એ ઋજુસૂત્ર છે.
ભૂત અને ભાવિ અને પરકાર્યસાધક નહિ.
વસ્તુનું લક્ષણ અર્થ - ક્રિયાકારિત્વ છે.
ઋજુ = સરળપણે, વર્તમાન પર્યાયને જ પ્રધાન ગણે.
સૂત્ર ગવેષતો તે ઋજુસૂત્ર,
જ્ઞાનના કારણપણે વર્તતો તે ઋજુસૂત્ર અને
જાણપણાના કાર્ય રૂપે વર્તતો તે શબ્દનય.

## શબ્દનય

એક અર્થમાં વપરાતાં ભિન્ન ભિન્ન લિંગ, કાળ, સંખ્યા,
કારક, પુરુષ, ઉપસર્ગવાળા શબ્દોમાં અર્થોનો ભેદ માનવો.
રાજગૃહ નગર 'હતું.' એ આકાર કરતાં વિશાળ હતું,
તે અર્થને જણાવે છે. કૂવો-કુઈ. ઘડો-ઘડી. કપડો-કપડું.
સંસ્થાન-પ્રસ્થાન-ઉપસ્થાન. આહાર-વિહાર-નિહાર.
આરામ - વિરામ - ઉપશમ. યુવતી - શ્યામા - ભામા.
તટ - તટી - તટમ્. સ્ત્રી - દારા - કલત્ર.
સમાન અર્થવાચક સઘળા શબ્દો શબ્દનયની કોટિમાં આવે.
જેનાથી વસ્તુ બોલાય, તે શબ્દ (વાચ્યાર્થગ્રાહી). જેમ કે
નૃપ-રાજા-ભૂપતિ. ઈંદ્ર-શક્ર-પુરંદર. કુંભ-કળશ-ઘટ.

## અનભિરૂઢ

વ્યુત્પત્તિભેદ-લિંગભેદ, સંખ્યાભેદની જેમ અર્થભેદ માને.
શબ્દભેદ પ્રમાણે અર્થભેદક છે.
राजते इति राजा ।
नृणां पाति इति नृपः । नरान् रक्षते इति नृपः ।
भूमिं पालयति इति भूपतिः ।
એકાર્થક કોશ = શબ્દ. અનેકાર્થક કોશ = સમભિરૂઢ.

## એવંભૂતનય

એવં = એ પ્રકારે, ભૂત = થયેલું.
ક્રિયાશૂન્ય કાળમાં વસ્તુનું અસ્તિત્વ ન સ્વીકારે અને
ક્રિયાકાળમાં જ વસ્તુનું અસ્તિત્વ સ્વીકારે તે.
વસ્તુ પોતાના ગુણાદિ પૂર્ણ અને ક્રિયાદિ પૂર્ણ હોય,
તે વસ્તુ 'વસ્તુ' છે. જ્યારે ખરેખર કાર્ય થતું હોય,
ત્યારે જ તેને તે નામ આકાર વિશેષણ આપી શકાય.
નયદૃષ્ટિ, વિચારસરણી, સાપેક્ષ અભિપ્રાય.
પહેલાં ચાર અર્થનય તથા છેલ્લાં ત્રણ શબ્દનય.

## 'ક્રિયા' એટલે...

જીવનને સત્યમય કરી શબ્દ અને સત્યને શોધવા.
વિચાર તે શબ્દનય અને આચાર તે ક્રિયાનય.

આગમનો વિષય છે જાણવું - જ્ઞાન નય.

નોઆગમનો વિષય છે - વેદ.

અર્થનય એ વેદપ્રધાન છે, જ્યારે

શબ્દનય એ જ્ઞાનપ્રધાન - ઉપયોગપ્રધાન છે.

વ્યવહારનય - સ્થૂલ, ઉપચાર.

નિશ્ચયનય - સૂક્ષ્મ, તાત્વિક.

'જુદા સ્વભાવના જનો, દેખી ન ધરવો ખેદ;
તીખાં, કડવાં ને ગળ્યાં, તરૂવરમાં બહુ ભેદ.'

દરેકની ઇચ્છા જુદી - જુદી હોય છે.

બીજાની ઇચ્છા ઉપર આપણે કાપ મૂકીએ,
તો આપણી ઇચ્છાને માટે બહુ તેમ ન બને.

'અભિમાન' વિરૂદ્ધ 'અભાન'.

'સહજાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ.'

૦ ન હિ મે પર્વતા ભારા ન મે ભારાશ્ચ સાગરાઃ ।
કૃતઘ્નાશ્ચ મહાભારા ભારા વિશ્વાસઘાતકાઃ ।

(પરિશિષ્ટ-૪૮)

दो पुरिसे धरउ धरा अहवा दोहिंप धारिया धरणी ।
उवयारे जस्स मई उवयरि जो न फुंसेइ ॥

(પરિશિષ્ટ-૪૯)

અત્રિ = ત્રિગુણાતીત, અનસૂયા = અસૂયાશૂન્ય,
દત્તાત્રેય = ત્રિગુણાતીતનું સર્જન - શિષ્યત્વ.
શિષ્યત્વ એ જ ગુરૂત્વની યોગ્યતા છે.
જ્ઞાનીને ભવપાત્ર પરત્વે કરુણા -
એ મૈત્રીનો વિષય બનીને ભવસાગર તારે છે.
અજ્ઞાનીને તે જ ઈર્ષ્યા અને અસૂયા બનીને ડુબાડે છે.
તારૂને પાણી તારે છે, એ જ પાણી અતારૂને ડુબાડે છે.
જેમ તારૂ જળને પ્રેમથી ભેટે છે, તો પાર ઉતરે છે,
તેમ ભવજળનો તારૂ પણ જગતના જીવોને પ્રેમથી ભેટે,
તો તે જ જીવો તેને ભવસાગરથી પાર ઉતારનાર થાય.
તારૂ જળથી ડરે છે, ભય પામે છે અગર દ્વેષ કરે છે,
તો તે જ જળ તેને ડુબાડનારૂં થાય, તેમ જગતના જીવોથી
જે ભય પામે, દ્વેષ રાખે, ઈર્ષ્યા અને અસૂયા કરે છે,
તેને તે જ જીવો ડુબવાનું આલંબન બને છે.

બ્રહ્મા - સર્જન
વિષ્ણુ - સંસ્થિતિ
મહેશ - વિસર્જન
} ત્રણ બાબતો

સંહાર, સર્જન અને સંરક્ષણ -
એ ત્રણે એક જ તત્ત્વના ત્રણ પૃથક્ ઘટકો છે.

સર્જન અને વિસર્જન - એ બે કાંઠાઓ વચ્ચે સંસ્થિતિની આ અનવરત કોટિ કોટિ સ્રોતોએ વહી રહી છે. વહી રહી છે અનાદિથી, વહી જાય છે અનંત તરફ. મૂળ અને ફળ બંને એક જ છે. મૂળમાં પણ સંરક્ષણ, સર્જન, વિસર્જનના વિકારો નથી, ફળમાં પણ નથી. વિકારો ફક્ત વચ્ચે જ છે. દત્તાત્રેય એ મૂળ અને ફળ છે, વચલી સ્થિતિ જ નથી. અત્રિ અને અનસૂયાની પણ વચલી સ્થિતિ જ નથી. વચલી સ્થિતિનું શમન થયું, ત્યારે જ સાચા અર્થમાં અત્રિ-અનસૂયા બન્યા અને ત્યારે જ દત્તાત્રેય પ્રગટ્યા. જગતને મન જે મહાદેવો, તે અત્રિ - અનસૂયાને મન બાળકો છે. માનવશરીર જેમ પાંચ ભૌતિક છે, તેમ એક બાળક કે અંકુરો પણ પાંચ ભૌતિક છે, કેમકે તે પણ પૃથ્વી, પાણી, પ્રકાશ, પવન અને આકાશ વડે તૈયાર થાય છે. એ પાંચ ભેગા થવા છતાં એ પાંચથી જુદી છે, તેમ જૈન મત સર્વ નય સમૂહાત્મક હોવા છતાં સર્વથી જુદી છે.

સર્વના સમન્વયાત્મક એક સ્વતંત્ર વસ્તુ છે. જેનાથી ઉપેયની સિદ્ધિ ન થાય, તેને ઉપાય ન કહેવાય એ નિશ્ચયનયનો મત છે. વ્યવહારનય કારણ-સામગ્રીના અભાવે ઉપેયની સિદ્ધિ ન થાય, તો ય ઉપાયને ઉપાય માને છે.

જશ ચડેલ પૂજા અથવા જશ ચડેલ દાન-દયા-કરુણા.
તે ધર્મશ્રદ્ધા અને પ્રભુભક્તિ માટે આવશ્યક તત્ત્વો છે.
લોકહિત એ પરાર્થ છે, સર્વ સત્ત્વહિત એ પરમાર્થ છે.
જેમ સીડી વિના ઉપર ચઢાય નહિ, તેમ પુણ્ય વિના
પુણ્ય-પાપરહિત થવાય નહિ. નિઃશ્રેયસ માર્ગ ઊંચો ભલે
પણ તે સીડી વિનાનો હોય, તો અપ્રાપ્ય બની જ રહે.
સાધનામાં સત્કૃત્યનાં સાધનો દાન, દયા, કરુણા છે, તેના
સાધકે પોતાના મનને પવિત્ર બનાવવા રહ્યા
કોમળ કરીને જ આગળ વધી શકાય છે.
કઠોર મન ધર્મસાધના માટે અનુકૂળ નથી.
ધર્મનું સર્વસ્વ પરોપકાર અને પુણ્ય છતાં નિઃશ્રેયસ
ધર્મ એ પુણ્ય નથી. પુણ્ય-પાપનો ક્ષય છે, કિન્તુ
એ ક્ષય થાય ક્યારે? શરીર ન હોય ત્યારે.
શરીર છે, ત્યાં સુધી પુણ્ય-પાપ રહેવાનું જ.
સંસાર અને મોક્ષ પરસ્પર વિરોધી છે,
છતાં સંસાર છે, ત્યાં સુધી જ મોક્ષની સાધના છે.
સંસારમાં રહીને જ મોક્ષની સાધના છે,
મુક્ત થયાં પછી સાધના નથી.
'असत्ये वर्त्मनि स्थित्वा स्वतं सत्यं समीहते।'
(परिशिष्ट-५०)

મોક્ષમાર્ગના પથિકને પુણ્ય કરવું જ પડે. એ પુણ્ય કરતાં કરતાં મોક્ષ પામે અને પુણ્ય પણ છૂટી જાય. વિષનું ઔષધ વિષ. તે પુણ્યના વિષનો નાશ કરે અને પોતે પણ નષ્ટ થઈ જાય. સાધકોના અનુભવોનો આ નિચોડ છે. આથી વિરુદ્ધ સાધનામાર્ગની હિમાયત કરનાર એકાન્તિક માર્ગે જાય અને ધર્મનું ખરું રહસ્ય પામી શકતો નથી.

○ इह रागादि जेतृत्वात्सर्व एव विशिष्ट श्रुतधरादयो जिना उच्यन्ते । तद्यथा - श्रुत - जिनाः, अवधि जिनाः मनःपर्याय जिनाः, केवलिजिनाश्च ।

तेषामुत्तमः केवलित्वात्तीर्थंकरत्वाच्च ।

अनेन भगवतस्तथाभव्यत्वाक्षिप्त[1]-वरबोधिलाभगर्भ[2]-अर्हद्वात्सल्योपात्त[3] - अनुत्तर पुण्य[4] स्वरूप - तीर्थंकर[5] नामकर्मविपाक - फलरूपां परंपरार्थ[6] संपादनीं कार्य-कायावस्थामाह - अयमेव विशिष्यते अयोगं इति, कायवाङ्मनः कर्मयोगाः अविद्यमानो योगो अयोगः तं,

अनेन च भगवतः शैलेश्यवस्थोत्तरकालभाविनीं[1] समस्तकर्मवियोगरूपां[2] तथा भव्यत्वपरिक्षयोद्भूत[3] परम ज्ञान सौख्य[4] लक्षणां कृतकृत्यतया[5] निष्ठितार्थां परमफलस्वरूपां[6] तत्त्वकायावस्थामाह - (परिशिष्ट-५१)

શ્રી

## જ્ઞાનના મુખ્ય ત્રણ વિભાગ

શ્રુતજ્ઞાન - વાક્યાર્થ માત્ર વિષય, સકલ શાસ્ત્ર અવિરુદ્ધ,
ગાતાર્થમાન્ય, કોઠારમાં રહેલ ધાન્ય જેવું અને
મિથ્યાભિનિવેશથી રહિત હોય છે.
ચિંતાજ્ઞાન - મહાવાક્યાર્થથી ઉત્પન્ન,
અનેકાંતના વિષયવાળું, અતિસૂક્ષ્મ, યુક્તિગમ્ય,
સદ્‌યુક્તિની આલોચનાવાળું,
જલમાં તૈલબિંદુની જેમ વિસ્તાર પામતું હોય છે.
ભાવનાજ્ઞાન - સર્વત્ર આજ્ઞાને ગ્રહણ કરવા રૂપ,
વિધિ દ્રવ્યદાતૃપાત્રના વિવેકવાળું,
અશુદ્ધ જાતિવંત રત્નની કાંતિ સમાન,
ભલે જીવના કર્મ વડે મલિન,
છતાં બાકી જ્ઞાનથી અધિક પ્રકાશ આપનારું.

## 'ધર્મ'ની એક વધુ વ્યાખ્યા

યતોઽભ્યુદયનિઃશ્રેયસસિદ્ધિઃ સ ધર્મઃ ।
ચોદનાલક્ષણોઽર્થો ધર્મઃ । (પરિશિષ્ટ-૫૨)

તીર્થંકરોને ધર્મકાયાવસ્થા - ત્રીજે ભવે હોય છે,
કર્મકાયાવસ્થા - સમવસરણસ્થ તથા
તત્ત્વકાયાવસ્થા - સિદ્ધસ્વરૂપ હોય છે.

વેદમાં ઉલ્લેખ છે કે: 'આર્યોના અધિપતિ ઇંદ્રે યતિઓનો
નાશ કર્યો.' એટલે વૈદિકસંસ્કૃતિ એ ઋષિસંસ્કૃતિ હોય,
તો પૂર્વ વૈદિકસંસ્કૃતિ એ યતિસંસ્કૃતિ હતી.
આર્યો બહારથી આવ્યા, ત્યારે ય ભારતમાં અનેક નગરી
અને પુરીની ઘણી જ વિકસિત સભ્ય સંસ્કૃતિ હતી.
એ યતિ સંસ્કૃતિ અધ્યાત્મપ્રધાન હતી.
તેમનો ધર્મ = જે નિઃશ્રેયસને યા મોક્ષને સિદ્ધ કરે તે.
સમન્વય એ માત્ર બે ની તુલના જ નહિ પણ એક
ત્રીજું જ તત્ત્વ છે. અંકુર એ પૃથ્વી, પાણી આદિ ૫ તત્ત્વોનો
સમન્વય છે, એમ કહી શકીએ. અંકુરમાં તેના કારણોનો
સર્વથા અભાવ નહિ તેમ તેના કારણો તે જ રૂપે છે, એમ
પણ નહિ. એટલે અંકુરમાં એ બધાનો સમન્વય છે. અભ્યુદય
એ માર્ગે ન જવો જોઈએ, જે નિઃશ્રેયસનો વિરોધી હોય.
વળી નિઃશ્રેયસનો માર્ગ એ સર્વ કોઈ માટે પ્રારંભથી જ
શક્ય ન હોઈ, તે પ્રાપ્ત કરવાની સીડીરૂપ અભ્યુદયમાર્ગનો
સ્વીકાર આવશ્યક થશે. આ પ્રકારે બંને ધર્મનો સમન્વય છે.
પાન = પરણેલા મિત્રની પત્ની. સોપારી = પરણેલો મિત્ર.
કાથો = દાસી અને પાનનો ચુનો એ કુંવારો મિત્ર છે.
સંગ્રહ, વિગ્રહ, આગ્રહ, અનુગ્રહ - મૂળ આંતરિક દરિદ્રતા,

તેની પૂર્તિ એમ સંગ્રહથી નહીં, તેમ વિગ્રહ, આગ્રહ કે અનુગ્રહથી નહીં, પરન્તુ અપરિગ્રહથી - આત્મસંગ્રહથી છે. આત્મા જ્ઞાનદર્શનચારિત્રાદિ પરિપૂર્ણ છે, એવા સમ્યગ્બુદ્ધિ છે. પ્રકૃતિની દૃષ્ટિ પરિગ્રહના મોહને ઘટાવનારી છે, જ્યારે અપ્રકૃતિની દૃષ્ટિ પરિગ્રહના મોહને વધારનારી છે.

આત્માને પ્રકૃતિએ જોતાં શીખો.

'બહાર જે દેખાય છે, તે અસ્થિર છે - અસાર છે' એવો નિશ્ચય થવા બાદ નિર્વેદ જાગે છે. અંદર રહેલું જે દેખાતું નથી, તેને દેખવાની ભાવના જાગે, તે સંવેગ છે, મોક્ષાભિલાષ છે. જે અસાર છે, તે દેખાય છે, જે સાર છે, તે દેખાતું નથી. સારને દેખવાની અને અસારને ભૂલવાની તાલાવેલીનું નામ અનુક્રમે સંવેગ અને નિર્વેદ ઇત્યાદિ છે. પોતાનું જીવન શુદ્ધિ - સદ્ગુણોથી સમૃદ્ધ કરવામાં મનુષ્ય જ્ઞાનશાસ્ત્રનો ઉપયોગ કરે, તો તેનું અવશ્ય કલ્યાણ થાય.

જગતના અધિષ્ઠાનને બ્રહ્મ અને

વ્યક્તિની અંદર રહેલા સ્થાયી તત્ત્વને 'આત્મા' ઇત્યાદિ. આત્મા - બ્રહ્મ વચ્ચે ઐક્ય છે. બંને નિત્ય, સચ્ચિદાનંદ સ્વરૂપ, અપ્રમેય અને મન - બુદ્ધિ - ઇંદ્રિયોથી પર છે. મુક્તિ = સ્વાતંત્ર્ય, સ્વરાજ્ય = આત્મરાજ્ય, સામ્રાજ્ય.

સર્વોચ્ચ પ્રભુત્વ એ જ સર્વ કર્મોનું અંતિમ લક્ષ્ય છે.
કર્મશાસ્ત્ર એટલે એવી રીતે એવા પ્રકારનાં કર્મો
કરવા કે તે દ્વારા ચિત્તની સ્થિરતા અને વિશુદ્ધિ પ્રાપ્ત થાય
અને છેવટે આત્મનિષ્ઠ, આત્માશ્રયી, આત્મતૃપ્ત થવાય.
સાત્ત્વિક સિદ્ધાવસ્થામાં કર્મની પ્રવાહિતા આપોઆપ જ
આવે અને તે સ્થિતિમાં આપણો નિવાસ પરમાત્મામાં
જ રહે છે. આપણી ચેતના પ્રભુની દિવ્યચેતના સાથે
સતત ઐક્ય અનુભવતી રહે અને
આપણી સર્વ પ્રવૃત્તિ ઈશ્વરપ્રેરિત રહે. વ્યવસાયિની-
એક નિશ્ચયથી તત્ત્વમાં અડગ શ્રદ્ધાવાળી રહે છે.
જેનું મન વિશ્વ જેટલું વિશાળ છે, જે સર્વ જગતને
આત્માનું જ સ્વરૂપ, આત્માનો જ આવિર્ભાવ માને છે,
સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરી લોકહિતાર્થ પ્રવૃત્તિમાં પોતાનાં
મન, વચન, કાયાને પ્રવર્તાવે છે, તે જ ક્રિયાવાન છતાં
અલિપ્ત રહી શકે, સ્થિત અને સ્થિતપ્રજ્ઞ બની શકે.
આવા મનુષ્યોનાં કર્મો જળચર કે ખેચર પ્રાણીઓનાં
પગલાંની જેમ ચિત્તભૂમિમાં બંધનકારક સંસ્કારો મૂકીને
જતાં નથી. જગતનાં સર્વ દુઃખોનો સમાવેશ 'હું - મારું'
'અહંતા - મમતા' એ બે શબ્દોમાં સમાઈ જાય છે.

સુખદુઃખનું કારણ શરીર નહિ, શરીરાધ્યાસ છે. જ્યાં સુધી
આ અધ્યાસ - અહંતા રહે, ત્યાં સુધી દુઃખો રહેવાનાં જ,
દ્વંદ્વો રહેવાનાં જ. પરિમિતતામાં દુઃખ, અનંતતામાં સુખ.
અલ્પતામાં દુઃખ, ભૂમા (ઘણાં)માં સુખ.
ભેદભાવમાં દુઃખ તથા અભેદભાવમાં સુખ રહ્યું છે.
મોટા મકાનોમાં તો ચામાચીડીયા પણ રહે છે, દશેરાને
દિવસે પશુઓને પણ ભૂષણોથી શણગારાય છે, મનુષ્યનું
ખરૂં મહત્વ હૃદયની વિશાળતા - ચિત્તની વિમળતામાં છે,
વિનય, વિવેક, ઔદાર્ય અને નિઃસ્વાર્થતાના વિકાસમાં છે.
જ્યાં સુધી આ સદ્ગુણોનો વિકાસ ન થાય,
ત્યાં સુધી આપણું જીવન પ્રધાનપણે પાશવી છે.
જે વસ્તુઓ દૈવે આપી છે, તેનો ઉપયોગ સ્વયં માટે
કરવો, એ કૃપણતા - દિલની સંકુચિતતા છે, સ્તેનતા છે.
શ્રીમંતતા, પ્રતિષ્ઠા કે મહત્તા સંયમમાં છે, અપરિગ્રહતામાં છે.
શરીરમાં અહંતાની સાથે પદાર્થોમાં મમતા પણ સર્વ
ક્લેશોનું મૂળ છે. અહંતાને પોષવા માટે જ પદાર્થોમાં
મમતા બંધાય છે અને મારૂં - તારૂં કરવું પડે છે.
કોઈપણ વિષયમાં મારાપણું ઉત્પન્ન થાય, એટલે
તેની ગુલામગીરી શરૂ થાય છે, તેનું દાસત્વ આવે છે.

સામાન્ય રીતે જે ધર્મ ગણાય, તે બધા સાપેક્ષ છે, ક્રમશઃ ઉન્નતિ કરવાનાં સાધનો છે. જેને કર્મ દ્વારા આત્મા-પરમાત્માના સમગ્ર સ્વરૂપના આવિર્ભાવની અભિલાષા છે, તેણે સર્વ કુંઠિત આદર્શોને છોડી 'સર્વં ખલ્વિદં બ્રહ્મ |' એ વિચારને સ્થિર કરી સર્વજનહિતાર્થે પ્રવૃત્તિ કરવા જોઈએ. સર્વના હિતમાં કુટુંબ, જાતિ કે દેશનું હિત સમાઈ જાય. નિઃસ્વાર્થતાના પ્રત્યેક વિચાર, શબ્દ યા કર્મ, મુક્તિની સમીપ લઈ જાય છે. પ્રત્યેક ધર્મ આ સનાતન સત્યનું પ્રતિપાદન કરે છે અને આશા કરે છે કે સ્વાર્થપરાયણતાને ત્યાગી, સર્વભૂતહિતાર્થે કર્મ યા પ્રવૃત્તિ કરવી જોઈએ. વૈશ્વાનર અને વિશ્વ, તૈજસ અને હિરણ્યગર્ભ, પ્રાજ્ઞ અને ઈશ્વર વચ્ચે એકતા છે અને બધાનું શાશ્વત અધિષ્ઠાન આત્મા છે. આમ હોવાથી પ્રત્યેક પ્રાણીમાં પ્રતીત થતું મન વિશ્વવ્યાપી મનનો એક અંશ છે.

આપણું મન ભલે તે શરીરમાં રહ્યું, તો પણ સમસ્ત જગતની સાથે તેને નિકટનો સંબંધ રાખે છે. જેનામાં સત્ય - પવિત્રતા - નિઃસ્વાર્થતા છે, તેને હરાવી શકે, એવી કોઈ શક્તિ વિશ્વભરમાં નથી. દેહ સ્થૂલ, મન સૂક્ષ્મ અને જીવાત્મા બિંદુ એથી અતિ સૂક્ષ્મ છે.

આ સર્વનો અચળ આધાર તરીકે આત્મા છે.
તે નિરાકાર, નિર્વિકાર અને પરિપૂર્ણ છે.

## ગરૂડ અને શેષનાગ

પાંખથી ઊંચે ઊડે, તે ગરૂડ.
સૌથી ઝડપી - સૌથી વધુ ઊંચે ઊડે, તેવું પણ ગરૂડ છે.
તે કાળનું બીજું નામ છે.

આકાશ એ સ્થિરતત્વ અને કાળ એ ગતિમાનતત્વ છે.

નાગની સુવાની રીતમાં અંગો સંકેલવાની ક્રિયા સર્વથી ઉત્કૃષ્ટ સ્વરૂપમાં દેખાય છે. શરીરનું ગોળ કુંડાળું કરી તેની અંદર પોતાનું માથું મૂકીને તે સુઈ જાય છે. ગરૂડ ગગનચારી, નાગ ભૂમિચારી છે. ગરૂડ પાંખે, નાગ પેટે ચાલે. ગરૂડ ઉભું રહે છે, નાગ કુંડાળું વાળીને પડી રહે છે. ગરૂડ - પ્રવૃત્તિ, નાગ - નિવૃત્તિ. ગરૂડ - સૃષ્ટિ, નાગ - પ્રલય. શેષ - બાકી રહેલું. તત્વ અનંત છે. અનંત એટલે કદી પણ અંત ન આવવો, કાયમનો. અવસ્થામાત્ર પલટાય છે. નારિકેલ પાણીવાળું ફળ છે. નાર એટલે પાણી. નિઃસીમ પણ અવ્યક્ત અસ્તિત્વનું પ્રતીક એવું જળ છે. એના ઉપર શયન - ગતિ કરનાર નારાયણ છે. નાભિમાંથી કમળ, એમાંથી સૃષ્ટિ કરનાર બ્રહ્માની ઉત્પત્તિ પછી વિષ્ણુ શેષનાગનું

શયન છોડી ગરૂડ આરૂઢ બની સૃષ્ટિયાત્રાર્થે નીકળે છે.

નારાયણ = અવ્યક્ત અસ્તિત્વમાંથી ગમન કરે તે.

વર્તુળના મધ્યબિંદુની જેમ સર્વ પ્રવૃત્તિઓનું કેન્દ્ર આત્મા છે. મધ્ય સદા આત્મામાં રહે, તે 'મધ્યસ્થ'.

તેથી આત્મા સર્વદા સ્વરૂપમાં જ રમે છે.

કાર્યના ફળની ઇચ્છા તે સંસારવૃદ્ધિના મૂળનું કારણ છે.

કાર્યમાત્ર ફળ મેળવવા નહિ, કર્મઋણ ઉતારવાર્થે છે.

કર્મક્ષયને ઉદ્દેશીને થતું અનુષ્ઠાન શ્રી સિદ્ધ ભગવંતને અને આજ્ઞાના પાલન નિમિત્તે કરાતું અનુષ્ઠાન શ્રી અરિહંત ભગવંતને અર્પણ થાય છે.

અરિહંતોની આજ્ઞા સર્વ જીવોના આત્યંતિક હિતને ઉદ્દેશીને હોય છે. કર્મવિપાકનું ચિન્તન હાસ્ય, શાંત, અદ્ભુત આદિ નવે રસથી ભરપૂર છે.

અનેકાંત એ માધ્યસ્થ્યનો પર્યાયવાચી શબ્દ છે.

ધ્યાન એ નિદ્રા શબ્દનો પર્યાયવાચી છે.

શયન વખતની નિદ્રા એ નિદ્રા છે,

જાગૃત વખતની નિદ્રા એ ધ્યાન છે.

તેમાં ધર્મધ્યાનને 'યોગનિદ્રા' કહેવાય છે અને આર્ત-રૌદ્રધ્યાનને 'મોહનિદ્રા' કહેવાય છે.

મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ પરમ મંગલ છે, તેથી તેને
પોતાના હૃદયમાં સ્થાપીને જીવન મંગલમય બનાવવું
જોઈએ. મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા - આ ચાર
ભાવનાઓ જૈનવિચાર છે, કારણ કે તે જૈનની જેમ
જ સર્વ જીવોને નિર્દોષ દૃષ્ટિએ જોવાનું શીખવે છે.
આ ભાવનાઓનું સ્મરણ સંસારને જ મોક્ષસ્વરૂપ
બનાવનાર છે, ઈહલોકમાં જૈનજીવન જીવાડનાર છે.
'ભાવ વિનાનું દાન - શીલ - તપ નિષ્ફળ' તેનો અર્થ:
પ્રેમ વિનાનું દાન, પ્રેમ વિનાનો તપ અને શીલ નિષ્ફળ.
પ્રેમ એટલે આત્મરૂપ ભાવ. પ્રેમ એ આત્માનું બળ છે.

બંદૂકવાળો ડરપોક છે.

બંદૂક લઈ લીધી એટલે તેના તાકાત ખતમ, પરન્તુ

પ્રેમવાળાને કોઈ સાધનની જરૂર નથી.

તેના આત્મબળથી જ નિર્ભયતા છે.

દાન અને પ્રેમ મળે, ત્યારે જ પ્રક્રિયા પૂરી થાય છે.
પ્રેમ અને ક્ષમા, પ્રેમ અને કરુણા - એક જ છે.

હૃદયની સફાઈ માટે

પરમેશ્વરનું સ્મરણ કરી લેવું, એ પૂરતું છે.
ઈશ્વરસ્મરણ કર્યું, તેના સાથે બધા વિકારો ગાયબ.

## 'સોઽહં'નો જાપ કઈ રીતે કરવો ?

પ્રાણના ઉપર આવતી વેળા 'સો' અને
અને અપાનના નીચે જતી વેળા 'હં'નું રટણ કરવું.
પ્રાણ અને અપાન – ઉભયના મેળાપ થતી વખતે
સહજ 'સોઽહં' આમ જપ થતો રહે છે,
તે 'અજપાજપ' કહેવાય છે.
પ્રાતઃકાળે તેનો સંકલ્પ કરવાથી
૨૧૬૦૦ જપનો લાભ મળે છે,
અર્થાત્ તેટલાં જપનું શ્રેય પ્રાપ્ત થાય છે.
જપ, તપ, કર્મ, ક્રિયા, નિયમ અને ધર્મ –
ઈત્યાદિ સર્વ સાધનો, સર્વ ભૂતોમાં
અભિન્નતાથી પરમાત્માના સ્વરૂપને જોવું,
એ શુદ્ધ ભાવનાના પાયા પર જ ઉભા થયેલાં છે અને
એવા પ્રકારનો શુદ્ધભાવ તે સાધનાદિક વડે સાધ્ય છે.
આ સરળ વિષય પ્રતિ દુર્લક્ષ થાય,
તે જીવનમાં કામનું નહિ.

## નિરંતર નામજપ શા માટે ?

સર્વ સંશયોને ત્યાગીને એ શુદ્ધ ભાવની વૃદ્ધિ થાય,
તે માટે નામજપ નિરંતર કરવો જોઈએ.

સર્વ સાધનો કરતાં 'નામજપ' એ સરળ સાધન છે.
જે ચતુર છે, તે સાધનામાં જ તૃપ્તિ પામે છે.
જ્યાં શાંતિ - દયા હોય છે, ત્યાં દેવો નિવાસ કરે છે.
હૃદયમાં શાંતિ અને દયા હશે,
તો ત્યાં નિવાસ કરવા માટે દેવો પણ તૈયાર થશે.
તેષ્વનિર્વિણ્ણ ચિત્તાનાં કર્મયોગસ્તુ કામિનામ્ ॥
કર્તૃત્વ મદ અને ફળાસ્વાદના ત્યાગપૂર્વક થતું અનુષ્ઠાન
તે 'કર્મયોગ' છે. તેના અધિકારી થવા પુરૂષાર્થ કરવો.
વિષયવાસના જીતવાનું મુખ્ય સાધન નિરાશંસ ભાવે
વિહિત કર્મોનું સેવન કરવું તે છે. 'વિહિત છે' અથવા
બુદ્ધિ થાય, માટે કર્તૃત્વ રહેતું નથી, કરણત્વ આવે છે.
તે વાસનાનાશ માટે થાય છે, તેથી ફળાશંસા રહેતી નથી.
આત્મા રજ્જુ છે તથા માયા સર્પ છે. આત્મા સ્વયં
પ્રકાશ (સ્વરૂપ) છે, માયા જ્ઞાનરહિત જડ છે (અંધકાર).
આત્મા અમૃત છે (આનંદદાયક),
જ્યારે માયા વિષ છે (ત્રિવિધ તાપદાયક).
કાકવિષ્ટા કે શ્વાનવમનની જેમ માયાને તુચ્છ માનવી,
તે 'વૈરાગ્ય' છે. 'માયા' એટલે નામ - રૂપ.
'મુમુક્ષુતા' એટલે અધ્યાત્મતત્ત્વની જિજ્ઞાસા.

દુઃખ - સંતાપ અર્થાત્ રોગ - ક્ષુધા - તૃષાદિ થતો તાપ.
આત્યંતિક દુઃખનાશ વ્યવહારિક ઉપાયથી થતો નથી.
આત્યંતિક દુઃખનિવૃત્તિ દર્શનશાસ્ત્ર કહે છે.
કાર્યની કારણમાં નિવૃત્તિ,
તે વૃક્ષની બીજમાં છે - તેમ લયરૂપ છે.
દુઃખનો હેતુ શરીરપરિગ્રહ છે,
શરીરપરિગ્રહનો હેતુ શુભાશુભ કર્મ, તેનો હેતુ રાગ-દ્વેષ,
તેનો હેતુ દેહાભિમાન, તેનો હેતુ અવિવેક, તેનો હેતુ
અજ્ઞાન. કેવળ આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનથી તે અજ્ઞાન
નિવૃત થાય છે. સમાધિનો આનંદ આવરણરહિત છે,
નિદ્રાનો આનંદ મોહાવરણ સહિત છે. સર્વની ઇચ્છા
નિત્ય સુખની જ છે. 'નિત્ય સુખ મોક્ષમાં જ છે' એવું
જ્ઞાન જેને નથી, તેને 'મુમુક્ષુ' શબ્દથી ઓળખાવતાં નથી.
પોપટ પંખી ચતુર સુજાન, બોલો પોપટજી શ્રી ભગવાન
(પઢો પ્રભાતે શ્રી ભગવાન).
શબ્દબ્રહ્મ - પરબ્રહ્મ, એમ ઉભયમાં નિષ્ણાંત સદ્ગુરુ
શિષ્યોને દેવ સમાન ગણે છે.
જ્ઞાનીની નિષિદ્ધ કર્મોમાં પ્રવૃત્તિ થઈ શકતી નથી,
જે કરે, તે જ્ઞાની નથી પરંતુ શ્વાન, શૂકર, ગદર્ભ કહે છે.

શ્રી

આત્મસાક્ષાત્કારી એટલે અવસ્થાત્રય સાક્ષી.

આત્મસાક્ષાત્કારી એટલે અસંગ - અક્રિય.

'સચ્ચિદાનંદરૂપ આત્મા હું છું'

સદા દૃઢ અપરોક્ષ અનુભવ આત્મસાક્ષાત્કારીને હોય. કાયિક કર્મોપાસના અને માનસિક વિવેકવૈરાગ્યાદિ કરવાનું હઠે તથા મનને બળથી બાંધ્યા વિના કોઈ આત્મજ્ઞાનના અધિકારી થવાતું નથી. સાધકાવસ્થામાં નિગ્રહ સહિત અને

સિદ્ધાવસ્થામાં તે નિગ્રહરહિત હોય છે.

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય - ત્રણેનું ઐક્ય થાય છે, ત્યારે વસ્તુનું યથાર્થ જ્ઞાન મળે. આ ત્રણ પ્રકારના જ્ઞાનને તાત્પર્યજ્ઞાન, રહસ્યજ્ઞાન અને ભાવનાજ્ઞાન કહેવાય. શ્રુતજ્ઞાન એટલે શ્રવણ કરવું, ચિંતનજ્ઞાન એટલે બુદ્ધિથી સમજવું, ભાવનાજ્ઞાન એટલે હૃદયથી સ્વીકારવું.

હૃદયથી એટલે ખરા અનુભવથી સ્વીકારેલું.

ખરા અર્થમાં અનુભવ થયા બાદ જ અંતરાત્મા વડે તેનું ગ્રહણ થાય છે. સ્વજનના ભોગે પણ પરજનની રક્ષા ભાવનાજ્ઞાનવાળો જ કરી શકે છે. સદ્‌વિચારોને પ્રેરે છે ભાવનાજ્ઞાન. સદ્‌વિચારો સત્કાર્યના નિયામક થાય છે. સત્કાર્યને ખરી રીતે બળ આપનાર ભાવનાજ્ઞાન જ છે.

श्री

वचनोपयोगा पूर्वा विहितप्रवृत्तिर्योनिरस्या ।
महागुणत्वाद्वचनोपयोगस्य ॥

શાસ્ત્રોમાં કહેલાં વચનોનો વિચાર કરવો, તે મહાગુણકારી છે, કારણકે શાસ્ત્રમાં જ્ઞાનીઓના અનુભવનું તેમ જ જે માર્ગે ચાલવાથી ઇષ્ટસિદ્ધિ થઈ શકે, તે માર્ગનું વર્ણન કરેલું હોય છે. તદનુસાર વિચારપૂર્વક પ્રવૃત્તિ કરવાથી ભાવનાજ્ઞાન અને અનુભવજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેમ કરવાથી શાસ્ત્રના પ્રણેતાનું પણ સ્મરણ થાય છે. ચિંતામણિ રત્ન જેમ ઇચ્છિત પદાર્થ આપે છે, તેમ ભગવાનનું સ્મરણ પણ ઇચ્છિત પદાર્થને આપનારું છે. શાસ્ત્રનો વિચાર આવતાં જ તે શાસ્ત્રના જ્ઞાની પ્રરૂપક શ્રી જિનેશ્વર ભગવંતનું પણ સ્મરણ થાય છે. ભગવંતનું સ્મરણ થવું, તે કાંઈ જેવી તેવી વાત નથી. પ્રત્યેક ધર્મક્રિયા ભાવસહિત અને ચિત્તને તેમાં પરોવીને કરવી જોઈએ. ભગવંત તરફ શ્રેષ્ઠ ભક્તિ દર્શાવવાનો ઉત્તમ માર્ગ એક જ છે અને તે એ છે કે તેમનો ઉપદેશ પાળવો. તેમણે જે કહ્યું, તે પ્રમાણે કરવું. ઉચિત દ્રવ્યસ્તવ પણ ઉપદેશપાલનરૂપ છે, તેથી તે પણ 'ભક્તિ' જ કહેવાય.

ક્લિષ્ટ કર્મ અને હૃદયમાં ભગવંતનો વાસ -
તે બંને એક કાળે અને એક સાથે રહી શકે નહિ.

પુરુષ = સદ્ - અસદ્ વિલક્ષણ અનિર્વચનીય સત્.

પ્રકૃતિ = સદ્ - અસદ્ વિલક્ષણ અનિર્વચનીય અસત્.

પંચકોષ એકદેશીય - મિથ્યા - જડ - દૃશ્ય છે. 'એ પંચકોષનો પ્રકાશક અધિષ્ઠાનભૂત સચ્ચિદાનંદરૂપ આત્મા હું છું' એવા નિશ્ચયથી સર્વ કોષોનું નિરસન થઈ જવું અને અવશિષ્ટ ચિદ્રૂપ કુટસ્થ સાથે ભવાત્માનું ઐક્ય થવું, અભેદત્વ પામવું, એ જ ખરું <u>નમન</u> કે <u>વંદન</u> છે.

'સત્ય' એટલે અનુભવથી અબાધિત તત્ત્વ.

'આર્ય' એટલે દેશ, કાળ અને જાતિના
મર્યાદિત બંધનથી પર રહેલો આધ્યાત્મિક સાધક.

જે સુખ ઇતર પ્રાણીસૃષ્ટિના સુખનું વિરોધી ન હોય
અને જે સુખમાં ઇતર સમગ્ર પ્રાણીસૃષ્ટિના
સુખનું ને અભેદ સંબંધનું અનુસંધાન હોય,
તે જ સુખ સ્થાયી, વ્યાપક અને અવિસંવાદી કહેવાય.
ભૌતિક સુખની લાલસા એ ઇતર પ્રાણીસૃષ્ટિનાં
સુખની વિરોધી છે તથા ઇતર પ્રાણીસૃષ્ટિ સાથેનાં
અભેદનું ભાન ભુલવાડનારી છે, તેથી ત્યાજ્ય છે.

વસ્તુમાં દોષદર્શનજનિત વૈરાગ્ય કરતાં પણ વૃત્તિમાં
દોષદર્શનજનિત વૈરાગ્ય વધુ સ્થિર રહે છે.

'કંચન - કામિની દોષરૂપ છે' એમ વિચારવાને બદલે 'તે બે ઉપરનું ચિત્તાકર્ષણ - રાગભાવ સંક્લેશજનક છે' એમ વિચારવું ઉચિત છે. 'શસ્ત્ર, અગ્નિ, વ્યાલ કે વૈરી દુઃખરૂપ છે' એમ વિચારવાને બદલે 'તેના ઉપર થતો રોષ જ દુઃખદાયક છે' એમ વિચારવું સુઘટિત છે.

વસ્તુમાં કે વૃત્તિમાં દોષદર્શનથી થતાં
વૈરાગ્યની અપેક્ષાએ સ્વરૂપદર્શનથી થતો વૈરાગ્ય-
જ વધુ સ્થિર અને સુદૃઢ છે.

પોતાના શુદ્ધ સાત્ત્વિક સ્વરૂપનો, સહજ - નિર્મળ સ્વરૂપના વિચારથી ઉપજતો વૈરાગ્ય ખરો વૈરાગ્ય છે, કારણકે એમાં ચિત્તને પોતામાત્રમાં આત્મૌપમ્યનું, અભેદનું પ્રત્યક્ષ દર્શન થાય છે, તેથી દેહ-પ્રાણ-મન આદિ મૂર્ત અને સીમિત આયતનોમાં તથા રૂપ, સત્તા, ધન આદિમાં બાંધી રાખનાર આત્મબુદ્ધિરૂપ અજ્ઞાન આવરણનો પડદો તૂટી જાય છે અને કદીએ અખૂટ એવા સ્થિર આનંદની પ્રાપ્તિ થાય છે. એ જ પ્રતીતિ ક્લેશોના સંસ્કાર બીજને દગ્ધ કરવામાં સમર્થ નીવડે છે.

સ્વરૂપના દર્શનથી અનંત આત્મતત્ત્વ સાથે
અભેદનો અનુભવ થાય છે, તેથી અનાત્મ પદાર્થની સાથે
અભેદનું અનુસંધાન સાવ તૂટી જાય છે.
ભૂત-ભૌતિક સાથે અભેદાનુસંધાન તોડવા ખાસ તો
ચિત્ત-ચૈતન્ય સાથે ચૈત્યાનુસંધાન થવું અનિવાર્ય છે.

શ્રદ્ધા અને પ્રજ્ઞા તથા
સમાધિ અને વીર્યની સમતુલા જળવાઈ રહેવી જોઈએ.
પ્રજ્ઞા વિનાની શ્રદ્ધા મૂઢ-શ્રદ્ધા વિનાની પ્રજ્ઞા ધૂર્ત છે.
વીર્ય વિનાની સમાધિ મંદતા લાવે છે અને
સમાધિ વિનાનું વીર્ય ઉન્માદ મચાવે છે.

મૈત્ર્યાદિની ભાવના સરળ જ પુષ્ટ કરવાની છે કે
તેથી ચિત્ત નિર્મળ અને પ્રસન્ન થાય છે.
'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદરેહ.'
પ્રભુના પૂજનથી મૈત્ર્યાદિભાવો પુષ્ટ થાય છે,
તેથી ચિત્તની પ્રસન્નતા ઉત્પન્ન થઈ સર્વ જીવો સાથે
અભેદનું અનુસંધાન થાય છે અને
પરિણામે પરમાત્મામાં આત્માનું નિષ્કપટ ભાવે
અર્પણ થઈ આનંદઘન પદની પ્રાપ્તિ થાય છે.

ચારેય ભાવનાનો પાયો છે આત્મૌપમ્ય યા અભેદદૃષ્ટિ.
આવી દૃષ્ટિ પ્રાણીમાત્ર પ્રત્યે મિત્રભાવ કેળવવાથી
જ પોષાય છે અને જો મિત્રભાવ કેળવાય, તો જ
દુઃખીનાં દુઃખ દૂર કરવાની કરુણાવૃત્તિ, ગુણાધિક પ્રત્યે
પ્રમોદવૃત્તિ અને અપાત્ર પ્રત્યે તટસ્થવૃત્તિ સંભવી શકે.

શત્રુ, મિત્ર, ઉદાસીન અન્ય પોતે -
એ ચારે ઉપર સમાન ભાવ, તે મૈત્રીની પરાકાષ્ઠા છે.

'एगम्मि पूइया, सव्वे ते पूइया होंति ।
एगम्मि हीलिया, सव्वे ते हीलिया होंति ।'(પરિશિષ્ટ-૫૩)

એક જીવની જીવત્વ તરીકે સ્વીકૃતિમાં
સર્વ જીવોની સ્વીકૃતિ છે અને
જીવોની અસ્વીકૃતિમાં જીવત્વ તરીકે અસ્વીકૃતિ છે.

## શ્રદ્ધાના બે પ્રકાર

શ્રદ્ધા વિના પ્રગતિ અસંભવિત છે. સર્વ જીવોને સદૈવ આત્મતુલ્ય જોવા, એ ઉદકપ્રસાદક મણિની જેમ ચિત્ત-સરોવરને સ્વચ્છ કરે છે. આત્માને પરમાત્મતુલ્ય જ જોવો, એ પ્રસન્નચિત્તમાં થયેલી મહતી આકાંક્ષારૂપી શ્રદ્ધા.

શ્રદ્ધા એ દ્વિમુખી કલ્પલતા છે:
એનું એક મુખ ચિત્તપ્રસન્નતા - બીજું મહતી આકાંક્ષા છે.

શ્રદ્ધામાં બે શક્તિ: આહ્વાન શક્તિ, પ્રત્યુત્તર શક્તિ.

શ્રદ્ધાની એક શક્તિ નીચેથી ઉપર લઈ જનારી છે
યા નીચી ભૂમિકાથી ઉપરની ભૂમિકાએ લાવનારી છે
અને બીજી શક્તિ ઉપરથી નીચે લાવનારી છે.

અદ્વૈત એ કેવળ ધર્મનો જ સિદ્ધાંતમાત્ર નથી, કિન્તુ
જીવનનું નૈતિક અને સામાજિક દર્શન છે.

તેને શીખવાનો ઉપાય કરુણા છે. અદ્વૈતને વ્યવહારમાં
લાવનાર મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાભાવ છે.

(૧) જેમના જ્ઞાનરૂપી મહાસાગરમાં
લોકાલોકિકા જાણે માછલીના આકારને ધારણ કરે છે,
તે સુમતિનાથ પ્રભુ મને જ્ઞાનલક્ષ્મીને આપો.

(૨) મારા કરતાં પણ ચંચલ ચિત્ત જેમણે જીતી લીધું
છે, અને મારી લયલીન થયેલો કપિ, જેમના અંકમાં
આશ્રિત થયો છે, તે અભિનંદન પ્રભુ જયવંત વર્તે છે.

ધ્યાનના અધિકારી થવાય કેવીતે?

આકાશાનન્ત્યાયતન સમાધિ, વિજ્ઞાનાનન્ત્યાયતન સમાધિ
અને આકિંચિનાનન્ત્યાયતન સમાધિ મેળવવાને માટે
વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ, એકાગ્રતા મેળવીને
શ્રદ્ધા-પ્રશ્રય તથા વીર્ય-સમાધિનું વૈષમ્ય ટાળવું જોઈએ.

પ્રભુ મેરે તું સબ બાતે પૂરા...

પર કી આશ કહા કરે પ્રીતમ,
એ કિહિ બાતે અધુરા.
...પ્રભુ મેરે (૧)

પરવશ બસત લહત પરતક્ષ દુઃખ,
સબ હી બાસે સનૂરા,
નિરધર આપ સંભાર સંપદા,
મત મન રહીયે સનૂરા.
...પ્રભુ મેરે (૨)

પરસંગ ત્યાગ લાગ નિજ રંગે,
આનંદવેલી અંકૂરા,
નિજ અનુભવરસ લાગે મીઠા,
જ્યું ઘેવર મેં છુરા.
...પ્રભુ મેરે (3)

અપને ખ્યાલ પલક મેં ખેલે,
કરે શત્રુ કા ચૂરા,
સહજાનંદ અચલ સુખ પાવે,
દુરે જગ જસ નૂરા.
...પ્રભુ મેરે (૪)

ચેતન અબ મોહે દર્શન દીજે

તુમ દર્શને શિવસુખ પામીજે,
તુમ દર્શને ભવ છીજે.
ચેતન અબ મોહે દર્શન દીજે ...ચેતન(૧)

તુમ કારન તપ સંયમ કિરિયા, કહો કહાં લૌ કીજે,
તુમ દર્શન બિનુ સબ યા જૂઠી, અંતર ચિત્ત ન ભીંજે.
...ચેતન(૨)

ક્રિયા મૂઢ મતિ જન હે કોઈ, જ્ઞાન ઔર કું પ્યારી,
મિલત ભાવરસ દોઉ ન ચાખે, તું દોનું તેં ન્યારી.
...ચેતન(૩)

સબ મેં હૈ ઔર સબ મેં નાંહિ, તૂં નટ રૂપ અકેલો,
આપ સ્વભાવે-વિભાવે રમતો, તું ગુરૂ અરૂ તું ચેલો.
...ચેતન(૪)

જોગી જંગમ અતિથિ સંન્યાસી, તુજ કારણ બહુ ખીજે,
તું તો સહજ શક્તિ શું પ્રગટે, ચિદાનંદ કી મોજે.
...ચેતન(૫)

અકલ અલખ પ્રભુ તું બહુરૂપી, તું અપની ગતિ જાને,
અગમ રૂપ આગમ અનુસારે, સેવક સુજસ બખાને.
...ચેતન(૬)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ તથા ૨ (પૃષ્ઠ ૧૨):**
જિનેશ્વર ભગવાન દાતા છે. જિનેશ્વર ભગવાન ભોક્તા છે, આખું જગત જિનેશ્વર સ્વરૂપ છે. જિનેશ્વર પ્રભુનો જ સર્વત્ર જય થાય છે અને જે જિન છે તે હું જ છું (અર્થાત્ આત્મા પરમાત્મસ્વરૂપ છે). ત્યાર પછી રાગ-દ્વેષ-મોહ વગરના, સર્વદર્શી, દેવો વડે પૂજાયેલા અને સમવસરણમાં ધર્મદેશના આપતા, આત્માથી અભિન્ન પરમાત્માનું ધ્યાન કરનાર, કર્મની કાળાશને ધોઈ છે જેણે એવા ધ્યાતાને પરમઢ ાત્મપણું પ્રાપ્ત થાય છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૩):**
જિનશાસનમાં સ્થિરતા-પ્રભાવના-ભક્તિ-કુશળતા-તીર્થની સેવા : આ પાંચ સમ્યઢ ગ્દર્શનના ભૂષણો છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૩૦):**
હે અર્જુન! તે જ યોગી પરમશ્રેષ્ઠ છે, જે દરેક જીવમાં સ્વયંને અને સુખ-દુઃખને પણ સમભાવે જુએ છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૩૧):**
સર્વ જીવો પોતાના જેવા છે એવું માનનારા અને સર્વ લોકોના હિત માટે વર્તનારા, તેમ જ ક્રોધ, લોભ, મોહથી રહિત હોય એવા શાંત આત્માને નમસ્કાર હો.

**પરિશિષ્ટ - ૬ તથા ૭ (પૃષ્ઠ ૩૩):**
બધા દ્રષ્ટિકોણથી વિચારનારો પાપ કરે નહીં. ૦ (કાયાથી) ઔચિત્યયુક્ત વર્તનઢ વાળો, (વચનથી) તત્ત્વનું ચિંતન બોલનારો, (મનથી) મૈત્ર્યાદિભાવયુક્ત હોય, તેને પ્રભુએ અધ્યાત્મ કહ્યું છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૫૭):**
સાધુના દર્શન પુન્ય માટે થાય છે. સાધુ ભગવંતો તીર્થસ્વરૂપ છે. તીર્થ તો સમય આવ્યે ફળે છે, સાધુ સમાગમ તત્કાળ ફળે છે.

શ્રીँ

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૬૩):

આજથી માંડીને હે લોકો! તમે તમે અને અમે અમે છીએ, કારણકે તમે અર્થ અને કામને પરવશ છો અને અમે પ્રભુમાં પરાયણ છીએ. આપણી પરસ્પર મૈત્રી નથી, કારણકે અમે વિષ્ણુના નોકર છીએ અને તમે ઈન્દ્રિયના નોકર છો.

## પરિશિષ્ટ - ૧૦ થી ૧૨ (પૃષ્ઠ ૬૮):

નાદ-બિન્દુ અને કલાના ધ્યાનાભ્યાસથી પ્રકાશનું દર્શન થાય છે અને પછી ધ્યાન કરનાર મનુષ્યને પરમપદ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ગંડસ્થલમાંથી મદજલ પ્રસારતો, મદને પરવશ થયેલો, સ્વ-પરના વિભાગને નહીં ગણતો હાથી જેમ મૂળસહિત વૃક્ષને ઉખેડવામાં લંપટ થાય છે, એવી રીતે આ પરમ અક્ષરરૂપ મહામંત્ર ધ્યાનના આવેશથી શક્તિશાળી થયેલો (સાધક) વિઘ્નોને ઉખેડઢ વામાં સમર્થ થાય છે. - શ્રી સિદ્ધહૈમશબ્દાનુશાસનમ્

પરમાત્મા સાથે આત્માનું ઐક્ય જોતાં હોય તેને વળી કેવો શોક અને કેવો મોહ? - ભગવદ્ ગીતા

શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકા ૧૧ પદયુકત છે. - શ્રી મહાનિશીથ સૂત્ર

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૭૩-૭૪):

શ્રાવકપણામાં રાગાદિ દોષને જીતનારા એવા જિનેશ્વરો પૂજ્ય છે, પણ રાગાદિવાળા દેવો પૂજ્ય નથી. કૃપાપૂર્વક દુઃખીઓનાં દુઃખને દૂર કરવાની ઈચ્છા સહિતનો ધર્મ કરવા યોગ્ય છે, પણ હિંસાત્મક યજ્ઞાદિ નહીં. પંચમહાવ્રતમાં રકત, ધર્મનો ઉપદેશ આપનારા સાધુઓ ગુરુ છે તથા સ્ત્રીનું શરીર અશુચિવાળું, અસાર છે, સંકલ્પયોનિનું ઉપકરણ છે તે વિચારવું. 'સ્ત્રીનું શરીર અશુચિથી ભરેલું છે' વિગેરે ભાવના કરવી તે કામ દૂર કરવાનો ઉપાય છે. મોક્ષ એ કર્મના વિયોગરૂપ છે, સંસાર એ કર્મના સંબંધરૂપ છે અને આ મનોરથો અનુક્રમે ઉત્તરોત્તર પ્રકર્ષવાળા છે તે આ પ્રમાણેઃ પ્રથમ શ્લોકમાં જિનધર્મને વિષે અનુરાગનો મનોરથ છે. બીજામાં યતિધર્મનું જ્ઞાન, ત્રીજામાં યતિચર્યાની પરાકાષ્ઠાએ ચડવું, ચોથામાં કાયોત્સર્ગાદિ, પાંચમામાં પર્વતની ગુફા આદિમાં રહીને મુનિચર્યા પાળવાનો, છઠ્ઠામાં પરમ સામાયિકનો પરિપાક થાય તે મનોરથ છે. ધર્મોપદેશકો સંવર-નિર્જરારૂપ મુનિ અને શ્રાવક સંબંધી ભેદવાળા ધર્મનો ઉપદેશ આપે છે.

શ્રીँ

**પરિશિષ્ટ - ૧૪ તથા ૧૫ (પૃષ્ઠ ૭૪-૭૫):**
જો કે 'પરમાત્માએ કહેલા (નવ) તત્ત્વોમાં રૂચિ' આ પ્રમાણે સમ્યક્ત્વનું લક્ષણ સાધુ અને શ્રાવક બંનેને લાગુ પડે એવું કહેલું છે. તો પણ ગૃહસ્થો માટે દેવ-ગુરૂ-ધર્મને પૂજવા, ઉપાસ્યતત્ત્વોની ઉપાસના કરવી એ સ્વરૂપ દેવ-ગુરૂ-ધર્મતત્ત્વના સ્વીકારને સમ્યક્ત્વ કહેલું છે. હવે કોઈ પ્રશ્ન કરે કે 'સમ્યક્ત્વનું લક્ષણ તો તત્ત્વ અને અર્થની રૂચિ છે તો પછી દેવ, ગુરૂ અને ધર્મ આ ત્રણનો નવતત્ત્વમાંથી કયા તત્ત્વમાં અંતર્ભાવ થશે?' તેનો જવાબ આપતાં કહે છે કે 'દેવ અને ગુરૂતત્ત્વનો જીવતત્ત્વમાં અને ધર્મનો શુભ આશ્રવતત્ત્વમાં અંતર્ભાવ થાય છે.'
દુષ્કૃતગર્હા તથા સુકૃતાનુમોદનાપૂર્વક સંસારના ભયની પીડાને ભેદનારા આ જ દેવનું શરણું ઈચ્છવું.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૯૨):**
લોકમાં વ્યાપીને રહેલા આત્માને અને આત્મામાં લોકને જોતાં પરમાત્મ દૃષ્ટિવાળાની જ્ઞાનમૂલક શાંતિ નાશ પામતી નથી. - ચરક સંહિતા, અ.પ

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૦૫):**
કલ્યાણકારી કાર્યો ઘણા વિઘ્નોવાળા હોય છે.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૧૩):**
જે ક્રોડો ગ્રંથો વડે કહેવાયું છે તે અર્ધા શ્લોક વડે જણાવું છું કેઃ બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે અને જીવમાત્ર બ્રહ્મસ્વરૂપ છે.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૧૬):**
'અર્હ' એ પૂજા અર્થમાં છે.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૨૯):**
સ્પંદન વગરના મનમાં મંત્રજાપ થાય તે પરાવાણી, મનમાં અર્થજાપ થાય તે પશ્યતિ વાણી ને હૃદયકમળમાં અક્ષરો દેખાય તે મધ્યમાવાણીથી થતો જાપ છે. માત્ર શબ્દથી ભાષ્યજાપ થાય તે વૈખરી વાણીથી થતો જાપ છે. - મંત્રરાજરહસ્ય, ૪૭૫

શ્રી

**પરિશિષ્ટ - ૨૧ તથા ૨૨ (પૃષ્ઠ ૧૨૯):**
શબ્દ જાપથી મૌન જાપ, તેનાથી અર્થ જાપ, તેનાથી ચિત્તસ્થ જાપ કલ્યાણકારી છે, અથવા અહીં આત્માધ્યેયૈક્ય જાપ સર્વસ્વ છે. - મંત્રરાજરહસ્ય ૪૭૬
રેચક, પૂરક, કુંભક, ત્રિગુણ, સ્થિરકૃતિ, સ્મૃતિ, હક્કા, નાદ, ધ્યાન, ધ્યેયૈકત્વ અને તત્ત્વ એ જપના ૧૧ ભેદો છે. - યોગશાસ્ત્ર ૭૦

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૨૯):**
કેવલ વર્ણ એ પોતાની ક્રિયા કરી શકતો ન હોવાથી, અર્થાત્ 'અર્હં' એકલો હોય તો, એનો જાપ ફળીભૂત થતો નથી. પરિકર - પરિવાર એટલે કે 'ૐ હ્રીં નમઃ' સહિતનો વર્ણ મંત્ર થાય છે. તે મંત્ર બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદવાળો છે. મંડલ-મુદ્રાદિ બાહ્ય છે. નાદ-બિંદુ-કલાદિ અભ્યંતર છે. પરિકર સહિતના વર્ણો ઉદ્દીપક અર્થાત્ ક્રિયા (ફળને) ઉત્પન્ન કરે છે. - સિદ્ધ હૈમ

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૩૦):**
(પ્રભુનાં) માહાત્મ્યનું જ્ઞાન થયા પછી સર્વાધિક સુદૃઢ સ્નેહ પ્રભુમાં થાય, તેવા સ્નેહને 'ભક્તિ' કહે છે.

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૩૩):**
આત્મ સમર્પણ વડે નિશ્ચે તદીયત્વ (દાસપણું) પ્રાપ્ત થાય છે.

**પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૩૪):**
પરમાત્મામાં ચિત્ત રાખવું, તેને એકાગ્ર કરવું, પરમાત્માની સેવા કરવી, પરમાત્મભક્તિની સિદ્ધિ માટે જ શરીર અને ધન વાપરવું. આવી ભક્તિથી સંસારના દુઃખની નિવૃત્તિ અને બ્રહ્મજ્ઞાન-આત્મજ્ઞાન થાય છે.

**પરિશિષ્ટ - ૨૭ તથા ૨૮ (પૃષ્ઠ ૧૩૭):**
અશક્યમાં ભગવાન જ સર્વને આશ્રયભૂત થાય છે.

આલોક અને પરલોકમાં ભગવાન જ સર્વથા શરણભૂત છે.

શ્રીઁ

**પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૧૪૦):**
પોતાના આત્માની જેમ બીજાને દુઃખ ન આપવું તે 'ભાવસામ' એ પ્રમાણે જણાય (કહેવાય) છે. આત્માની જેમ બીજાને દુઃખ ન કરવાનો પરિણામ તે ભાવસામ છે તથા રાગ-દ્વેષને ન સેવવા એટલે કે રાગ-દ્વેષની મધ્યમાં વર્તવું તે 'સમ' (કહેવાય છે), અર્થાત્ પોતાના આત્માની જેમ સર્વત્ર વર્તવું. જ્ઞાનાદિ ત્રણ મોક્ષને સાધી આપનારા હોવાથી 'સમ્યગ્' કહેવાય છે. તે ત્રણેનું આત્મામાં પ્રવેશવું તે 'ઈક' (સામાયિક) કહેવાય છે.

**પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૧૪૩):**
ૐ કલ્યાણ થાઓ, ધાન્ય નિષ્પન્ન કરનાર સુભિક્ષ થાઓ, ધર્મ જય પામો, સર્વ રોગો અને લોકમાં જે કોઈ ઉપદ્રવો હોય તે શાંત પામો.

**પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૧૫૦):**
દર્શનોના ભેદથી ધર્મમાર્ગો ઘણા છે. નદીઓ જેમ સમુદ્રમાં જાય તેમ મોક્ષ માટે તે બધા સમતા તરફ જાય છે. જેમ અનેક વર્ણવાળી ગાયોનું દૂધ એક જ વર્ણવાળું હોય છે, તેમ છ દર્શનના માર્ગોનો મોક્ષમાર્ગ એક છે.

**પરિશિષ્ટ - ૩૨ થી ૩૪ (પૃષ્ઠ ૧૫૪):**
ગંગા પાપને, ચંદ્રમા તાપને અને કલ્પવૃક્ષ સંતાપને હરે છે, પણ (હે મુનિ!) આપના જેવા તો પાપ, તાપ અને સંતાપ (ત્રણેયને) હરે છે. દુઃખીઓને વિષે અત્યંત દયા, ગુણવાનને વિષે અદ્વેષ અને સર્વત્ર ઔચિત્યપૂર્વકનું સેવન (તે ભાવમલ અલ્પ થયાનાં લક્ષણ છે). મૈત્રી-શાંતિને આપનાર, સત્ય-દાન-દયા-ધર્મ-મોક્ષના આનંદને આપનાર એવા ભાવ(પ્રેમ) સ્વરૂપને ૐપૂર્વક નમસ્કાર થાઓ. - ગિરિનાર

**પરિશિષ્ટ - ૩૫ (પૃષ્ઠ ૧૫૬):**
મન-ઈન્દ્રિયોનાં જયથી જે નિર્વિકાર બુદ્ધિવાન છે, તે ધર્મધ્યાનનો ધ્યાતા, શાન્ત અને દાન્ત કહેવાય છે. હે અર્જુન! મનમાં રહેલી સર્વ ઈચ્છાઓને જયારે છોડે, આત્મા વડે જ આત્મામાં તુષ્ટ થાય, ત્યારે 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય છે. દુઃખમાં ઉદ્વેગરહિત મનવાળો, સુખમાં સ્પૃહા વગરનો, રાગ-ભય-ક્રોધ વગરનો હોય તે મુનિ 'સ્થિર બુદ્ધિવાન' કહેવાય છે. જે તે-તે શુભાશુભ દ્રવ્યોને પામીને પણ સર્વત્ર સ્નેહ વિનાનો

રહે છે અને ખુશ પણ થતો નથી કે દ્વેષ પણ કરતો નથી, તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત અર્થાત્ સ્થિર છે. જેમ કાચબો બધા અંગોને બધી બાજુથી સંહરી લે છે (ઢાલની અંદર લઈ લે છે), એમ ઈન્દ્રિયોના પદાર્થોથી ઈન્દ્રિયોને સંહરી લે છે, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. શાન્ત-દાન્ત અને આત્મારામમાં રહેલા સિદ્ધનો જે 'સ્વ'ભાવ હોય તે જ સાધકની યોગ્યતા છે.

**પરિશિષ્ટ - ૩૬ તથા ૩૭ (પૃષ્ઠ ૧૫૭):**

જગતના જીવો પ્રત્યે જો ક્ષણવાર પણ મનથી સામ્ય ભજે છે, તો ક્યારેય ન મળ્યું હોય એવું સુખ તું આલોકમાં અને પરલોકમાં મેળવીશ. હે આત્મન્! જગતના જીવો પ્રત્યે મૈત્રી, બધા ગુણવાન આત્માઓ પ્રત્યે હર્ષ, સંસારમાં દુઃખી જીવો પ્રત્યે હંમેશા કૃપારસ અર્થાત્ કરૂણા અને નિર્ગુણી પ્રત્યે પણ ઉદાસવૃત્તિ અર્થાત્ માધ્યસ્થભાવ માન (ધારણ કર). સંસારમાં દુઃખી જીવો પ્રત્યે કૃપા કરવાની ઈચ્છા તે કરૂણા છે અને જેના દોષ દૂર ન કરી શકાય એવા જીવો પ્રત્યે ઉપેક્ષા તે જ માધ્યસ્થ્ય છે.

- અધ્યાત્મકલ્પદ્રુમ

અન્ય જીવના હિતની ચિંતા એ મૈત્રી છે. અન્ય જીવના દુઃખના નાશની વિચારણા એ કરૂણા છે. અન્ય જીવના સુખને જોઈ આનંદ એ મુદિતા (પ્રમોદ) છે. અન્ય જીવના દોષો ન જોવા તે ઉપેક્ષા (માધ્યસ્થ્ય) છે. - અધ્યાત્મકલ્પદ્રુમ

**પરિશિષ્ટ - ૩૮ (પૃષ્ઠ ૧૫૮):**

કોઈ જીવો પાપો ન કરો, કોઈ જીવો દુઃખી ન થાવ, આખું જગત દુઃખથી મુકત થાઓ. આ મતિ એ 'મૈત્રી ભાવના' કહેવાય છે. દીન, પીડિત, ભયભીત અને જીવનની યાચના કરનારા જીવોને ઉપકાર કરવામાં તત્પર એવી બુદ્ધિને 'કરૂણા' કહેવાય છે. નિઃશંકપણે ક્રૂર કર્મ કરનાર, દેવગુરુની નિંદા કરનાર અને પોતાની પ્રશંસા કરનારની ઉપેક્ષા તે 'માધ્યસ્થ ભાવના' કહેલી છે. - અધ્યાત્મકલ્પદ્રુમ

**પરિશિષ્ટ - ૩૯ (પૃષ્ઠ ૧૭૦):**

પોતાને પ્રતિકૂળ હોય તે બીજા પ્રત્યે પણ ન આચરવું.

**પરિશિષ્ટ - ૪૦ થી ૪૩ (પૃષ્ઠ ૧૭૧):**

શ્રી

સમ્યગ્ જ્ઞાનાદિ ગુણોથી શ્રેષ્ઠ હોય તે ગુણાધિક કહેવાય છે.
અશાતાવેદનીય કર્મથી કલેશ પામતા જીવો દુ:ખી કહેવાય છે.
અનાદિથી કર્મબંધનને વશ થયેલા સીદાય છે, તે સત્ત્વ(જીવ) કહેવાય છે.
તીવ્ર મોહનીય કર્મવાળા ગુણરહિત દુષ્ટ પરિણામવાળા અવિનયી કહેવાય છે.
જગત અને શરીરનો સ્વભાવ તે સંવેગ અને વૈરાગ્યનું કારણ છે. તે સ્થિર કરવા માટે પાંચ-પાંચ ભાવનાઓ છે. - તત્ત્વાર્થાધિગમ સૂત્ર

કોઈ જીવ પ્રત્યે દ્વેષ ન કરે તે મૈત્રીભાવ અને કરૂણાભાવવાળો છે.

- ભગવદ્ગીતા, અ.૧૨, શ્લોક ૧૩

સર્વત્ર સમાન દર્શનવાળો યોગયુકત આત્મા બધા જીવોમાં પોતાના આત્માને અને પોતાના આત્મામાં સર્વ જીવોને જુએ છે. - ભગવદ્ગીતા, અ.૬, શ્લોક ૨૯

**પરિશિષ્ટ - ૪૪ તથા ૪૫ (પૃષ્ઠ ૧૭૨):**

બધા જીવોમાં જે પોતાના જેવો જ ભગવદ્ભાવ અને બીજા જીવો જેવો ભગવાન પોતાનામાં જુએ છે, તે પરમ પરમાત્મા છે. પોતાનાથી સમર્થ જીવો પ્રત્યે પ્રેમ(પ્રમોદ), પોતાના સમાન જીવો પ્રત્યે મૈત્રી, અબુધ જીવો પ્રત્યે કૃપા અને શત્રુ જીવો પ્રત્યે ઉપેક્ષાભાવ જે કરે છે, તે આત્મા મધ્યમ છે.

- ભાગવત, ૧૧-૨-૪૫-૪૬

હાથ વગેરે ઘણા અવયવવાળી કાયા પણ એકરૂપ પાલન કરવા યોગ્ય છે, અર્થાત્ શરીરનું પાલન કરવાથી હાથ વગેરેનું પાલન થઈ જાય છે, એવી જ રીતે ભિન્ન કે અભિન્ન સુખ-દુ:ખ સ્વરૂપ જગત પણ તેવી જ રીતે પાલનીય છે, અર્થાત્ વિશ્વને એકરૂપ જોવું. - બોધિચર્યાવતાર, ૮-૯૧

**પરિશિષ્ટ - ૪૬ (પૃષ્ઠ ૧૭૮):**

ક્ષમાવાન દ્વારા જે કાર્ય થાય તે ક્રોધને વશ થયેલ કરી શકતો નથી, કારણકે કાર્યને સાધી આપનાર બુદ્ધિ ક્રોધ વડે નાશ પામે છે.

**પરિશિષ્ટ - ૪૭ (પૃષ્ઠ ૧૮૦):**

સંગ્રહ કરે તે સંગ્રહનય.

**પરિશિષ્ટ - ૪૮ તથા ૪૯ (પૃષ્ઠ ૧૮૩):**


પૃથ્વી કહે છે મને પર્વતનો ભાર નથી, પણ કૃતઘ્નતા ને વિશ્વાસઘાતો ભારરૂપ છે. બે પુરૂષો પૃથ્વીના આધારભૂત છે અથવા બે પુરૂષોએ પૃથ્વીને ધારણ કરી છેઃ એક તો ઉપકારમાં જેની મતિ છે અને બીજા ઉપકારને જેઓ ભૂલતા નથી.

**પરિશિષ્ટ - ૫૦ (પૃષ્ઠ ૧૮૬):**
અસત્યના માર્ગમાં પોતે તો સત્યને ઈચ્છે છે.

**પરિશિષ્ટ - ૫૧ (પૃષ્ઠ ૧૮૭):**
અહીં રાગાદિ જીતનાર હોવાથી બધા વિશિષ્ટ શ્રુતધર વિગેરે 'જિન' કહેવાય છે, તે આ પ્રમાણેઃ શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યવજિન, કેવલિજિન. તે બધામાં તીર્થંકર પરમાત્મા ઉત્તમ છે. કેવલિ અને તીર્થંકર હોવાથી આમ કહેવા વડે પરમાત્માના તથઢ ાભવ્યત્વથી આકર્ષાયેલ, વરબોધિલાભવાળું, અરિહંતોનાં વાત્સલ્યથી પ્રાપ્ત થયેલ અનુત્તર પુણ્યસ્વરૂપ તીર્થંકર નામકર્મના વિપાક ફળસ્વરૂપ પરંપરાને સંપાદન કરનારી કર્મદાય અવસ્થાને કહે છે. આને જ 'અયોગ' કહેવાય છે. કાયા-વચન-મનના ક્રિયાત્મક યોગો ન હોવા તે અયોગ. તે અયોગી ભગવાનને આમ કહેવા વડે ભગવાઢ નની શૈલેશી અવસ્થા પછી થનારી સમસ્ત કર્મનાશરૂપ, તથાભવ્યત્વના સંપૂર્ણ ક્ષયથી થયેલ પરમ જ્ઞાન, સુખસ્વરૂપ કૃતકૃત્યતા વડે સંપૂર્ણ શ્રેષ્ઠ ફળ સ્વરૂપી તત્ત્વકાય અવસ્થાને કહે છે.


**પરિશિષ્ટ - ૫૨ (પૃષ્ઠ ૧૮૮):**
જે પુન્ય અને મોક્ષને સિદ્ધ કરી આપે તે ધર્મ છે. પ્રેરણાસ્વરૂપ પદાર્થ છે તે ધર્મ છે, અર્થાત્ (આત્મકલ્યાણની) પ્રેરણા આપે તે ધર્મ.

**પરિશિષ્ટ - ૫૩ (પૃષ્ઠ ૨૦૫):**
એકની પૂજામાં સર્વની પૂજા છે, એકની હિલનામાં સર્વની હિલના છે.




ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૫૫-૧૯૬૦નાં સમયગાળામાં લખાયેલ છે, જે અહીં સંકલિત કરેલ છે.






સર્વત્ર સર્વે સુખિનો ભવન્તુ ।
સર્વત્ર સર્વે ગુણિનો ભવન્તુ ।
સર્વત્ર સર્વે શ્રુતિનો ભવન્તુ ।
સર્વત્ર સર્વે ધૃતિનો ભવન્તુ ॥

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in